# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
જે અત્યાર સુધી કોઈ અભિનેત્રી માટે નથી થયું તે કરીના કપૂર....



પેજ-09
ચેન્નાઈ સુપર કિંગ્સ કોઈપણ ભોગે MS ધોનીને રિટેન...

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 24.00 |
| વડોદરા | 32.00 | 24.00 |
| સુરત | 30.00 | 26.00 |

પેજ 5

દેશમાં પાંચ મહિનામાં ઈલેક્ટ્રીક વાહનના 7.99 લાખ યુનિટનું વેચાણ

**15** SEPTEMBER-2024 SUNDAY

પત્રકારે પુતિન અંગે સવાલ પૂછ્યો તો બાઈડન ગુસ્સે થયા: US રાષ્ટ્રપતિએ...

પેજ 10

.....સુવિચાર.....
પુસ્તકો જ્ઞાનના ખજાના છે, તેમને વાંચો અને શીખો.


વર્ષ-13 । અંક-300 । વિક્રમ સંવત-2079 । ભાદરવા સુદ-12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


**PDP, કોંગ્રેસ અને NC પર પ્રહાર** આપણે સાથે મળીને સુરક્ષિત કાશ્મીર બનાવીશું...**આ મોદીની ગેરંટી છે**

# ત્રણ પરિવારે જમ્મુ-કાશ્મીરને બરબાદ કર્યું : મોદી

### કલમ 370 પર મોદીએ કહ્યું...
### માત્ર ભાજપ જ તમને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપશે

(એજન્સી) ડોડા । તા. 14

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે (14 સપ્ટેમ્બર) ડોડા પહોંચ્યા હતા. મોદીએ અહીં સ્પોર્ટ્સ સ્ટેડિયમમાં 45 મિનિટનું ભાષણ આપ્યું હતું. આ દરમિયાન પીએમ મોદીએ પરિવારવાદ, આતંકવાદ, પથ્થરમારો, કાશ્મીરી પંડિતો અને કલમ 370 જેવા મુદ્દાઓ પર જનતાને સંબોધન કર્યું હતું. રેલીને સંબોધન કરતાં મોદીએ કહ્યું- અમે અને તમે સાથે મળીને સુરક્ષિત કાશ્મીર બનાવીશું, આ મોદીની ગેરંટી છે. આ વખતે જમ્મુ-કાશ્મીરની ચૂંટણી ભાગ્યનો ફેંસલો કરવા જઈ રહી છે. જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોના સમર્થનમાં મોદીએ તેમના ચૂંટણીપ્રચાર અભિયાનની શરૂઆત કરી છે. મોદીએ કહ્યું- આઝાદી બાદ આપણું પ્રિય જમ્મુ અને કાશ્મીર વિદેશી તાકાતોના નિશાના પર રહ્યું છે.



### મોદીએ કહ્યું- એક તરફ ત્રણ પરિવાર છે, બીજી તરફ સપનાં લઈને નીકળેલા યુવાનો

પરિવારવાદ અંગે મોદીએ કહ્યું- જમ્મુ-કાશ્મીરની વિધાનસભા ચૂંટણી ત્રણ પરિવાર અને જમ્મુ-કાશ્મીરના યુવાનો વચ્ચે છે. એક તરફ ત્રણ પરિવાર છે, તો બીજી બાજુ સપનાં સાથે નીકળેલા યુવાનો છે. એક પરિવાર કોંગ્રેસનો, એક પરિવાર નેશનલ કોન્ફરન્સનો અને એક પરિવાર પીડીપીનો છે. આ ત્રણ પરિવારે મળીને તમારી સાથે જે કર્યું એ પાપથી ઓછું નથી. આ ત્રણેય પરિવાર દાયકાઓથી જમ્મુ-કાશ્મીરને બરબાદ કરવા માટે જવાબદાર છે. આ ત્રણ પરિવારે અહીં ભ્રષ્ટાચાર વધાર્યો છે. જમીન પચાવી પાડતી ગેંગને પ્રોત્સાહન આપ્યું. તમને નાની-નાની સુવિધાઓ માટે તડપાવવામાં આવ્યા હતા. આ ત્રણ પરિવારના ખાસ લોકોને જ સરકારી નોકરીઓમાં ભરતી કરવામાં આવી હતી.

#### ▪ અગાઉની સરકારોમાં ગૃહમંત્રી લાલચોક જતા પણ ડરતા હતા

જમ્મુ-કાશ્મીરમાં ત્રણ પરિવારોએ અહીં અલગતાવાદ અને આતંકવાદ માટે મેદાન તૈયાર કર્યું. જેનો લાભ દેશના દુશ્મનોએ ઉઠાવ્યો. અમારા બાળકોએ તેમના ગુનાઓને કારણે પોતાનો જીવ ગુમાવ્યો. આ ચંદ્રભાગા ઘાટી વર્ષોથી ચાલતા આતંકવાદની સાક્ષી છે.

#### ▪ અહીંની સરકારો તમને ગેરમાર્ગે દોરીને મજા માણતી રહી

PM મોદીએ કહ્યું- જમ્મુ-કાશ્મીરના યુવાનો આતંકવાદમાં સામેલ થતા રહ્યા. આ લોકો તમને ગેરમાર્ગે દોરીને મજા માણતા રહ્યા. આ લોકોએ જમ્મુ-કાશ્મીરમાં ક્યાંય પણ નવા નેતૃત્વનો ઉદય થવા દીધો નથી. 2000 પછી અહીં પંચાયતની ચૂંટણી થઈ નથી.

#### ▪ જે પત્થરો ફેંકવામાં આવ્યા એ જ પથ્થરોથી આજનું કાશ્મીર બન્યું

અહીંનું આતંકવાદ હવે છેલ્લા શ્વાસ લઈ રહ્યું છે. 10 વર્ષમાં જમ્મુ-કાશ્મીરમાં જે પરિવર્તન આવ્યું છે તે કોઈ સપનાથી ઓછું નથી. જે પથ્થર પહેલા પોલીસદળો પર પથ્થરમારો કરવા માટે ફેંકાતા હતા એ જ પથ્થરોથી આજે નવું જમ્મુ અને કાશ્મીર બની રહ્યું છે.આ બધું કોણે કર્યું છે?

તણાવ બાદ બજાર બંધ, ભાજપ ધારાસભ્યના ધરણાં

## રાજસ્થાનમાં ધાર્મિક સરઘસમાં પથ્થરમારો

(એજન્સી) જયપુર । તા. 14

રાજસ્થાનના શાહપુરા જિલ્લાના જહાઝપુર શહેરમાં જલઝુલાની એકાદશી પર એક યાત્રા પર પથ્થરમારો થતાં વાતાવરણ ગરમાયું હતું. અચાનક થયેલા પથ્થરમારાના કારણે નાસભાગ મચી જતા બજાર બંધ થયું હતું. તેવામાં યાત્રા પણ રોકી દેવામાં આવી હતી. બીજી તરફ, મોટી સંખ્યામાં એકઠા થયેલા ટોળાએ પથ્થરમારો કરનારા અન્ય સમુદાયના લોકોની ધરપકડની માંગને લઈને હોબાળો મચાવ્યો હતો. ઘટનાસ્થળે ભાજપના ધારાસભ્યો પહોંચી ગયા હતા. આ દરમિયાન જ્યાં સુધી આરોપીઓની ધરપકડ ન થાય ત્યાં સુધી યાત્રા ન કાઢવા જણાવ્યું હતું. ઘટનાને લઈને નાયબ પોલીસ અધિક્ષકે જણાવ્યું કે, 'શહેરમાં પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું



છે. શહેરમાં હાલ શાંતિ છે. પથ્થરમારો કરનારાઓની શોધખોળ ચાલી રહી છે.' પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, જેવી યાત્રા બજારમાં પહોંચી ત્યારે કેટલાક લોકોએ બૂમો પાડી કે તેને રોકો અને પછી પથ્થરમારો કરવામાં આવ્યો હતો. જેમાં લગભગ 20-25 મિનિટ સુધી પથ્થરમારો ચાલુ રહેતા ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

**જુનિયર ડોક્ટર્સ સામે મમતાએ નમતું મૂક્યું**

## સરકારનાં ત્રણ આમંત્રણ, ડોક્ટર્સ હાજર ન થતાં CM પોતે પહોંચ્યાં : કહ્યું- મુખ્યમંત્રી નહીં, દીદી આવ્યાં છે

### તમે વરસાદમાં દેખાવ કરો છો, મને ઊંઘ નથી આવતી...

(એજન્સી) કોલકાતા । તા. 14

કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજમાં ટ્રેઈની ડૉક્ટર પર દુષ્કર્મ અને હત્યા કેસમાં જૂનિયર ડૉક્ટર્સ લાંબા સમયથી દેખાવો કરી રહ્યા છે. છેલ્લા 33 દિવસથી ચાલતા દેખાવો બાદ આજે મમતા બેનરજી સાથે તેમની મુલાકાત થઈ. આ દરમિયાન દેખાવકાર ડૉક્ટર્સ તરફથી 5 માગણીઓ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક દિવસોથી જૂનિયર ડૉક્ટર્સને મનાવવા પ્રયાસ કરી રહેલા મમતા બેનરજી આજે આખરે તેમને મળવા પહોંચી ગયા હતા. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે હું તમારા વિરોધને સલામ કરું છું. હું પણ એક વિદ્યાર્થી નેતા જ હતી. મમતા બેનરજી અને જૂનિયર ડૉક્ટર્સ વચ્ચેની આ બેઠકમાં સીએમ નિવાસે પ.બંગાળના મુખ્ય સચિવ મનોજ પંત, પ.બંગાળના ડીજી રાજીવ કુમાર, મંત્રી ચંદ્રિમા ભટ્ટાચાર્ય પણ પહોંચ્યા હતા.



**જૂનિયર ડૉક્ટર્સની 5 મુખ્ય માગણી**

1- ટ્રેઈની ડૉક્ટર પર દુષ્કર્મ અને હત્યા પછી પુરાવાઓને 'નષ્ટ' કરવા માટે જવાબદાર લોકોની જવાબદારી નક્કી કરવામાં આવે અને તેમને સજા થાય.
2- મેડિકલ કોલેજના પૂર્વ પ્રિન્સિપાલ ડૉ.સંદીપ ઘોષ સામે કડક કાર્યવાહી કરવામાં આવે.
3- કોલકાતા પોલીસ કમિશનર વિનીત ગોયલ અને આરોગ્ય સચિવ નારાયણ સ્વરૂપ નિગમના રાજીનામા લેવામાં આવે .
4- સ્વાસ્થ્ય કર્મચારીઓ માટે વધુ સારી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવે.
5- સરકારી આરોગ્ય સંસ્થાઓમાં 'ધમકાવવાની સંસ્કૃતિ' નાબૂદ થાય.

## હિઝબુલ્લાહ ઈઝરાયલ પર તૂટી પડ્યો

1300થી વધુ ડ્રોન-રોકેટ વડે હચમચાવી નાખ્યું, **સૈન્ય બેઝ નષ્ટ**

(એજન્સી) ગાઝા । તા. 14

ઈરાન સમર્થિત લેબેનોનના હિઝબુલ્લાહ સંગઠને શનિવારે ઈઝરાયલ પર ભયાનક હુમલો કર્યો. આ હુમલામાં તેણે 1300થી વધુ ડ્રોન અને રોકેટ વડે ઈઝરાયલને હચમચાવી નાખ્યું હતું. મોટી વાત એ છે કે હિઝબુલ્લાહે દાવો કર્યો છે કે ઈઝરાયલની આયરન ડૉમ સિસ્ટમ પણ આ દરમિયાન ફેલ થઈ ગઈ હતી અને તમામ રોકેટ અને ડ્રોન હુમલા સચોટ નિશાન પર પડ્યા હતા. જોકે ઈઝરાયલ કહે છે કે અમે મોટાભાગના રોકેટ-ડ્રોન હવામાં નષ્ટ કરી દીધા હતા.



**હિઝબુલ્લાહની મોટી ધમકી**

ઈઝરાયલે કહ્યું કે જે પણ ડ્રોન અને રોકેટ વડે હુમલા કરાયા છે તે મોટાભાગે ખુલ્લા વિસ્તારોમાં પડ્યા હતા અને અમારી એર ડિફેન્સ સિસ્ટમે તેમાંથી અનેકને નષ્ટ પણ કરી દીધા હતા. જ્યારે હિઝબુલ્લાહે ધમકી આપી હતી કે જો તેણે ગાઝા પટ્ટીમાં પેલેસ્ટિની લોકોનું નરસંહાર કરવાનું બંધ ન કર્યું તો વધુ ઘાતક હુમલા કરાશે. હિઝબુલ્લાહના લેટેસ્ટ હુમલામાં આર્મીનું એક સૈન્ય બેઝ નષ્ટ કરાયાનો દાવો પણ કરાયો છે.

**ભારતની મોટી કૂટનીતિક જીત**

## ગલવાન ખીણમાંથી ચીની સૈનિકો પાછા ફર્યા



(એજન્સી) નવી દિલ્હી । તા. 14

પૂર્વી લદ્દાખમાં ભારત અને ચીન વચ્ચે ચાર વર્ષથી ચાલી રહેલ સૈન્ય ગતિરોધ ધીરે ધીરે ખતમ થતો જણાય છે. મળતી માહિતી પ્રમાણે,ચીને પૂર્વી લદ્દાખના ગલવાન સહિત ચાર પોઈન્ટ પરથી પોતાના સૈનિકોને હટાવી લીધા છે. ચીનના વિદેશ મંત્રાલયે ખુદ આ વાતની પુષ્ટિ કરી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ભારત અને ચીન, રશિયામાં તેમની બેઠક દરમિયાન, દ્વિપક્ષીય સંબંધો સુધારવા માટે વાતાવરણ બનાવવા માટે સાથે મળીને કામ કરવા માટે સંમત થયા છે.

### ડોભાલ ચીનના વિદેશ મંત્રી વાંગ યીને મળ્યા

NSA અજિત ડોભાલ રશિયામાં BRICS દેશોના NSAsની બેઠક દરમિયાન ચીનના વિદેશમંત્રી વાંગ યીને મળ્યા હતા. આ દરમિયાન અજીત ડોભાલે બંને દેશો વચ્ચેના સંબંધોને સામાન્ય બનાવવા માટે સરહદ પર શાંતિ અને સ્થિરતા જાળવવા પર ભાર મૂક્યો હતો. તેમણે લાઈન ઓફ એક્ચ્યુઅલ કન્ટ્રોલ (LAC)નું સન્માન કરવાનું પણ કહ્યું હતું. આ બેઠકમાં, બંને દેશોએ શક્ય તેટલી વહેલી તકે બાકીના વિસ્તારોમાંથી સૈનિકો પાછા ખેંચવા માટે સહમતિ દર્શાવી હતી.

#### ચાર ક્ષેત્રોમાંથી પાછી હટી ગઇ છે સેના: ચીન

માઓએ કહ્યું કે, હાલના વર્ષોમાં બંને દેશોની ફ્રન્ટલાઈન સેનાઓએ ગલવાન ખીણ સહિત ચીન-ભારત સરહદના પશ્ચિમી સેક્ટરના ચાર ક્ષેત્રોથી પાછળ હટવાનું કામ પૂર્ણ કર્યું છે. ચીન-ભારત સરહદ પર સ્થિતિ સામાન્ય રીતે સ્થિર અને નિયંત્રણમાં છે. ચીનના વિદેશ મંત્રાલયની આ ટિપ્પણી વિદેશ મંત્રી એસ જયશંકર દ્વારા જીનીવામાં આપેલા નિવેદનના એક દિવસ બાદ આવી છે.

#### દ્વિસંબંધોને વધારવા માટે સહમતિ

વધુમાં તેમાં કહેવામાં આવ્યું છે કે, ચીન અને ભારત બંને દેશોના સરકારના પ્રમુખો વચ્ચે થયેલી સર્વસંમતિને અમલમાં મૂકવા, પરસ્પર સમજણ અને વિશ્વાસ વધારવા, સતત સંદેશાવ્યવહાર જાળવવા અને દ્વિપક્ષીય સંબંધોને પ્રોત્સાહન આપવા માટે સંમત થયા છે. ભારત અને ચીનની સેનાઓ વચ્ચે મે 2020થી અથડામણ ચાલી રહી છે અને સરહદ વિવાદ હજુ સુધી સંપૂર્ણ રીતે ઉકેલાયો નથી.

યોગીએ ફરી આપ્યું જ્ઞાનવાપી પર મોટું નિવેદન

## જ્ઞાનવાપી સાક્ષાત વિશ્વનાથ છે પણ દુર્ભાગ્યથી લોકો તેને મસ્જિદ કહે છે

(એજન્સી) લખનઉ । તા. 14

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પેટાચૂંટણી પહેલા ફરી એકવાર જ્ઞાનવાપી પર મોટું નિવેદન આપ્યું છે. ગોરખપુરમાં હિન્દી દિવસના એક કાર્યક્રમમાં બોલતા યોગી આદિત્યનાથે કહ્યું કે, "જ્ઞાનવાપી એ સાક્ષાત વિશ્વનાથ છે." તેને મસ્જિદ કહેવું દુર્ભાગ્યપૂર્ણ છે. ભૌતિકવાદ જ એકતા અને અખંડિતતામાં અવરોધ છે. જ્ઞાનવાપીને આજે લોકો બીજા શબ્દોમાં મસ્જિદ કહે છે.

સીએમ યોગીએ વધુમાં કહ્યું હતું કે, જ્યારે આચાર્ય શંકર પોતાના અદ્વેત જ્ઞાનથી પરિપૂર્ણ થઈને વધુ સાધના માટે કાશી આવ્યા હતા, ત્યારે સાક્ષાત ભગવાન વિશ્વનાથે અહીં તેમની પરીક્ષા કરી હતી. જ્યારે આદિશંકર બ્રહ્મમૂર્તમાં ગંગા સ્નાન કરવા જઈ રહ્યા હતા ત્યારે ભગવાન સૌથી અછૂત ગણાતી જ્ઞાતિના વ્યક્તિના રુપમાં



તેમના માર્ગમાં ઉભા રહી ગયા હતા. આવી સ્થિતિમાં આદિશંકરના મોઢામાંથી શબ્દો નીકળે છે કે, મારા રસ્તામાંથી હટો.

સીએમ યોગીએ કહ્યું કે, આવી સ્થિતિમાં તેમની સામે એક ચાંડાલ હોય છે, તે એક સવાલ પૂછે છે કે, તમે તમારી જાતને જ્ઞાનના મર્મજ્ઞ માનો છો. તમે કોને હટાવવા માંગો છો? તમારું જ્ઞાન આ ભૌતિક દેહને જોઈ રહ્યું છે કે, પછી આ ભૌતિક દેહની અંદર રહેલા બ્રહ્મને જોઈ રહ્યું છે. જો બ્રહ્મ સત્ય છે તો તમારી અંદર જે બ્રહ્મ છે તે જ મારી અંદર છે.

### PM આવાસમાં આવ્યું નાનકડું મહેમાન...



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના એક્સ હેન્ડલ પર એક વીડિયો પોસ્ટ કર્યો છે અને થોડી જ વારમાં આ વીડિયો વાઈરલ થઇ ગયો. વીડિયોમાં વડાપ્રધાન તેમના નિવાસસ્થાન પર વાછરડા (નવ વત્સા) સાથે જોવા મળી રહ્યા છે. વાછરડાને ખોળામાં બેસાડ્યું, વહાલ કર્યું, માળા પહેરાવી.

ભૂસ્ખલનથી બદ્રીનાથ-યમુનોત્રી હાઈવે બંધ

## ઉત્તરાખંડમાં ગુજરાતના 40 શ્રદ્ધાળુ ફસાયા : ચારધામ યાત્રા અટકી

(એજન્સી) દેહરાદૂન । તા. 14

ઉત્તરાખંડમાં વરસાદ અને ભૂસ્ખલનને લીધે મુસીબત ઊભી થઈ છે. ચમોલીમાં બદ્રીનાથ હાઈવેનો વૈકલ્પિક માર્ગ નંદપ્રયાગ સેકોટ કોઠિયાલસેન માર્ગ ભૂસ્ખલનને લીધે બંધ થઈ ગયો છે, જ્યારે યમુનોત્રી, બદ્રીનાથ હાઈવે પણ બંધ પડ્યો છે. ત્યારે ચારધામની યાત્રાએ નીકળેલા બનાસકાંઠા પાલનપુરના 40 શ્રદ્ધાળુ પણ યમુનોત્રી માર્ગ પર ફસાયા છે. આ માર્ગ પર ભૂસ્ખલનને કારણે મોટી શિલાઓ રસ્તા ઉપર પડતાં રસ્તો બંધ થઈ ગયો છે. થરાલી ચેપડો પાસે થરાલી દેવાલ મોટર માર્ગ પર ભૂસ્ખલનને લીધે ચીડનાં બે મોટાં વૃક્ષો રસ્તા પર પડી ગયાં હોવાથી 12 કલાકથી રસ્તો બંધ છે. જેસીબીની મદદથી એને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો, પરંતુ નિષ્ફળતા મળી છે. જ્યારે કર્ણપ્રયાગ પાસે ચટવાપીપલમાં બદ્રીનાથ હાઈવે બંધ છે. અહીં અનેક શ્રદ્ધાળુઓ



ફસાયેલા છે. યમુનોત્રી હાઈવે પર પથ્થરો ધસી પડતાં ઠેર-ઠેર હાઈવે બંધ છે, જેના લીધે શ્રદ્ધાળુઓની સાથે-સાથે સ્થાનિક લોકો પણ હાઈવે ખૂલવાની રાહ જોઈ રહ્યા છે. યમુનોત્રી હાઈવે રાડી નજીક બંધ થતાં યમુના ઘાટીના જિલ્લા મુખ્યાલય સાથે સંપર્ક તૂટી ગયો છે. શનિવારે ભારે વરસાદને કારણે બદ્રીનાથ નેશનલ હાઈવે પર અનેક જગ્યાએ ભૂસ્ખલન થયું છે, જેથી લામબગડ, નંદપ્રયાગ, સોનાલ અને બૈરાજ કુંજમાં રસ્તા બ્લોક થઈ ગયા છે.

## કોંગ્રેસનોઆક્ષેપ : માધબી પુરી બુચનું ગેરકાયદે ટ્રેડિંગ

સેબીના નિયમોનો ભંગ, ચાઈનીઝ કંપનીઓમાં પણ રોકાણ

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

કોંગ્રેસ પાર્ટીની 'સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા' (સેબી)ના અધ્યક્ષ માધબી પુરી બુચ પરની આક્ષેપબાજી અટકવાનું નામ નથી લેતી. 14 સપ્ટેમ્બર, 2024ના રોજ કોંગ્રેસે ફરી એકવાર માધબી બુચ પર નવો આક્ષેપ કર્યો છે. કોંગ્રેસના પ્રવક્તા પવન ખેરાએ પ્રેસ કોન્ફરન્સમાં આક્ષેપ લગાવ્યો હતો કે, માધબી બુચે સેબીમાં તેમના કાર્યકાળ દરમિયાન લિસ્ટેડ સિક્યોરિટીઝમાં 36.9 કરોડ રૂપિયાનું ટ્રેડિંગ કરીને સેબીના મહત્ત્વપૂર્ણ નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું. ખેરાએ દાવો કર્યો હતો કે, આ ટ્રેડિંગ પ્રવૃત્તિ વર્ષ 2017 થી 2023 ની વચ્ચે થઈ હતી, જેમાં નાણાકીય વર્ષ 2018-19માં કુલ 19.54 કરોડ રૂપિયાના વ્યવહારો થયા હતા.



### આક્ષેપ સામે માધબી બુચે શું કહ્યું?

માધબી પુરી બુચ અને તેમના પતિ ધવલ બુચે કાયમી વાજું વગાડતાં કોંગ્રેસ દ્વારા લગાવાયેલા આક્ષેપોને નકારી કાઢ્યા હતા. તેમણે કોંગ્રેસના દાવાઓને 'જૂઠા, ખોટા, દ્વેષપૂર્ણ અને દુષપ્રેરિત' ગણાવ્યા હતા. તેમણે આને 'કોંગ્રેસની યુક્તિ' ગણાવી હતી. તેમની ફર્મ 'એગોરા એડવાઈઝરી'ને કન્સલ્ટન્સી પેમેન્ટ્સ મળેલું હોવાના અગાઉના આક્ષેપોને પણ નકાર્યા હતા.

**વિદેશી રોકાણના પણ આક્ષેપ :** કોંગ્રેસે બુચ પર ચીન સહિત અન્ય દેશોમાં રોકાણ કરવાનો આક્ષેપ પણ લગાવ્યો હતો. ખેરાએ 'ગ્લોબલ X MSCI ચાઈના કન્ઝ્યુમર' અને 'ઇન્વેસ્કો ચાઈના ટેક્નોલોજી ETF' એ બે ઉપરાંત બીજા બે એમ કુલ ચાર આંતરરાષ્ટ્રીય ફંડ્સમાં નામ આપીને એમાં બુચે કથિત રીતે રોકાણ કર્યું હોવાનું જણાવ્યું હતું.

**વડાપ્રધાન પાસે માંગી સ્પષ્ટતા :** કોંગ્રેસે આ મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે સ્પષ્ટતા માંગતા કહ્યું હતું કે, 'શું વડાપ્રધાન એ વાતથી વાકેફ છે કે સેબીના અધ્યક્ષ જાહેર કર્યા વિનાની મોટી રકમનું ટ્રેડિંગ લિસ્ટેડ સિક્યોરિટીઝમાં કરી રહ્યા છે?' એમ પણ પૂછ્યું હતું, 'શું વડાપ્રધાન એ વાત જાણે છે કે સુશ્રી માધાબી બુચે ભારતની બહાર આટલી મોટા મૂલ્યનું રોકાણ કર્યું છે? જો તેઓ જાણતા હોય, તો આ રોકાણ ક્યારે કરવામાં આવ્યું હતું .



## દિલ્હીના CM કેજરીવાલે પત્ની સાથે હનુમાનજીના મંદિરમાં પૂજા કરી

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

તિહાર જેલમાંથી મુક્ત થયા બાદ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ શનિવારે સવારે કનોટ પ્લેસમાં આવેલા હનુમાનજીના મંદિરમાં પૂજા કરી હતી. દિલ્હીના સીએમ સાથે તેમની પત્ની સુનીતા કેજરીવાલ, મનીષ સિસોદિયા અને સંજય સિંહ પણ હાજર હતા. મંદિર પહોંચ્યા બાદ કેજરીવાલે તેમની પત્ની સાથે ભગવાન હનુમાનજીને જળ ચઢાવ્યું હતું. હનુમાનજીની પૂજા કર્યા બાદ મંદીરના પૂજારીએ અરવિંદ કેજરીવાલને ગદા આપી હતી. પૂજા બાદ અરવિંદ કેજરીવાલ રાજઘાટ જશે.

## સંતરામપુર પોલીસે નાઈટ કોમ્બિંગ દરમિયાન કાર્યવાહી કરી

# મહીસાગરમાં MD ડ્રગ્સનો જથ્થો ઝડપાયો

જગદીશ ત્રિવેદી : લુણાવાડા





પંચમહાલ ગોધરા ગોધરાના પોલીસ મહા નિરીક્ષક આરવી અસારી તથા મહીસાગર જિલ્લાના પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા નાઓએ જિલ્લામાં ગેરકાયદેસર ચાલતા માદક પદાર્થોની હેરાફેરી અને વેચાણની પ્રવૃત્તિઓ સદંતર નેસ્ત નાબૂદ કરવા માટે જરૂરી સૂચના આપેલી હોય જે આધારે મદદનીશ પોલીસ અધિક્ષક વિવેક ભેડા સંતરામપુર વિભાગ સંતરામપુરનાઓના માર્ગદર્શન હેઠળ તારીખ 13 9 2024 થી 14 9 2024 સુધી કો ના રા મા પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ એસ પલાસ નાઓ પોલીસ સ્ટાફના માણસો સાથે વાંકા નાડા પોઈન્ટ ઉપર વાહન ચેકિંગમાં હતા તે દરમિયાન એક શિફ્ટ ગાડી આવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર નાઓએ ચેક કરેલી હતી અને તેમાં બેઠેલ ચાર માણસોની ગાડીમાંથી નીચે ઉતારીને પૂછપરછ કરતા તે સમયે એક ઈસમ નાસવા જતો તેને પોલીસના માણસોએ દોડીને ઝડપી પાડ્યો હતો અને ચારેય ઈસમો (૧) એઝાઝ અહેમદ ખાન પઠાણ, રહેવાસી જાવરા, જીલ્લો રતલામ એમપી (૨) કૈલાશ ચંદ્ર ગોપાલ લાલ પરમાર રહેવાસી સુખીડા, તાલુકો પીપલોદા, જીલ્લો રતલામ એમપી (૩) દીપકભાઈ રાધેશ્યામ જળવાલ, રહેવાસી નીપનીયા, તાલુકો પીપલોદા, જીલ્લો રતલામ એમપી (૪) ઝાકીર હુસેન મકરાણી, રહેવાસી નીપાનિયા, તાલુકો પીપલોદા, જીલ્લો રતલામ એમપી નાઓમાંથી નાઓમથી એજાજ ની પાસેથી એક પ્લાસ્ટિકની પડીકીમાં માદક પદાર્થ MD ડ્રગ્સ ભરેલ મળી આવેલ હતી જેથી પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ એસ પલાસ નાઓએ તાત્કાલિક કે કે ડીંડોર પોલીસ ઈન્સ્પેક્ટર સંતરામપુર પોલીસ સ્ટેશન તથા પોલીસ સ્ટાફના માણસોની જાણ કરતો તેઓ તાત્કાલિક વાંકાનાડા ખાતે પહોંચેલ હતા અને એઝાઝ અહેમદ ખાન પઠાણ નાઓ પાસેથી મળી આવેલ એમડી ડ્રગ્સ ની ચકાસણી સારું પીઆઈ કે કે ડીંડોર નાઓએ તાત્કાલિક એફ એસ એલ અધિકારીને બોલાવીને તપાસણી તથા વજન કરાવતા એઝાઝ અહેમદ ખાન પઠાણ ની પાસેથી મળી આવેલ એમડી ડ્રકનું વજન ૪૪.૬૩૦ ગ્રામ જેની કિંમત રૂપિયા ૪,૪૬,૬૩૦/-ની તથા ઉપરોક્ત આરોપીઓની અંગ જડતી માંથી મળી આવેલ મોબાઈલ ફોન નંગ - ૪ જેની કિંમત રૂ 20,000/-, તથા સ્વિફ્ટ ગાડી નંબર MP ૪૩ CA ૬૩૯૮ જેની કિંમત રૂ ૪,૦૦,૦૦૦/-તથા આરોપીઓની અંગ ઝડતી માંથી મળી આવેલ રૂપિયા ૨૦૦૦/- મળી કુલ રૂપિયા ૮,૬૮,૩૦૦/- ના મુદ્દા માલ સાથે ચાર આરોપીઓ પકડાઈ ગયેલ હોય તેઓના વિરુદ્ધમાં NDPS એક્ટની કલમ ૮(સી),૨૨(સી),૨૯ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. જેમાં બીજા બે આરોપીઓને પકડવાના ચક્રો પણ ગતિમાન કરવામાં આવ્યા છે જેમાં (૧) એઝાઝ અશફાક ભુરા, રહેવાસી સંતરામપુર, બસ સ્ટેશન સામે, તાલુકો સંતરામપુર જીલ્લો મહીસાગર (૨) આદમ શેર જમાલખાન પઠાણ, રહેવાસી નીપનીયા, તાલુકો પીપલોદા, જીલ્લો રતલામ એમપી ને પકડવાના બાકી છે.

# ભાદરવી પૂનમના મહા મેળાનાં ત્રીજા દિવસે લાખો યાત્રાળુઓએ માં અંબાના દર્શનનો લાભ લીધો

મહેશ સોલંકી : અંબાજી



9,88,262 ભાદરવી પૂનમના મહા મેળામાં ત્રીજા દિવસે પણ માં અંબાના ધામ મા માઈ ભક્તો નું ધોડાપુર સતત ધસમસતું અંબાજી તરફ આવી રહ્યા છે અંબાજી તરફના તમામ માર્ગો પર બોલ માંડી અંબે જય જય અંબે નાં નારાઓથી સમગ્ર માર્ગો ભક્તિ થી તરબોળ થઈ જાય છે માંના ભકતો ની સેવા માટે તેમને કોઈ પણ નાં પડે તે માટે સામાજિક સેવા સંગઠનો દ્વારા સતત ત્રીજા દિવસે જમવાની વ્યવસ્થા મેડીકલ સેવાઓ વિસામા માટે ની સેવાઓ આપી રહ્યા છે ત્યારે સ્થાનિક બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ સાત દિવસ સુધી ચાલનારા આ મેળામાં યાત્રાળુઓ ને વહીવટી સેવાઓ પુરી પાડવામાં કોઈ કચાશ રાખી નથી મંદિર નાં ગર્ભ ગૃહમાં યાત્રાળુઓ ને પોલીસ જવાનો દ્વારા બોલ માંડી અંબે જય જય અંબે નાં નારાઓ લગાવી થાકેલા યાત્રાળુઓ ને જોષ પુરું પાડતાં હોય છે આજ રોજ મહા મેળાનો ત્રીજો દિવસ શાંતિથી પસાર થયો છે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ જણાવ્યા મુજબ સાંજના પાંચ વાગ્યા સુધી આજ રોજ ત્રીજા દિવસે 4,89,318 દર્શન નો લાભ લીધો હતો ગબ્બર પર્વત પર દર્શન કરવા ઉડાન ખટોલા માં 9972 યાત્રાળુઓ એ બેસીને લાભ લીધો હતો આજે અંબાજી મંદિર પર 699 ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું ભોજનાલય મા ની શુલ્ક 85,240 યાત્રાળુઓ એ ભોજન પ્રસાદ લિધો હતો 3,50,156 મોહનથાળ પ્રસાદ પેકેટ નું વેચાણ થયું હતું 7919 ચીકી પ્રસાદ વિતરણ કરવામાં આવી હતી 11,080 ગ્રામ સોનું દાન માં આવ્યું હતું

## ભાદરવી પૂનમ મહામેળામાં કલોલના જય બજરંગબલી માલિશ સેવા કેમ્પ દ્વારા અનોખો સેવા યજ્ઞ



ભાદરવી પૂનમના મહા મેળામાં અંબાજી ખાતે અસંખ્ય યાત્રાળુઓ મા અંબાના દર્શનાર્થે આવે છે. આ મહામેળા દરમિયાન યાત્રાળુઓ પગપાળા સંઘ લઈને માતાજીના દર્શન માટે આવતા હોય છે. આવા યાત્રાળુઓ માટે રસ્તામાં વિવિધ સેવા કેમ્પો દ્વારા સેવા કરવામાં આવતી હોય છે. ત્યારે કલોલના જય બજરંગબલી માલિશ સેવા કેમ્પ દ્વારા અનોખો સેવા યજ્ઞ કરવામાં આવે છે. છેલ્લા 27 વર્ષથી યાત્રાળુઓની માલિશ કરી થાક ઉતારવામાં આવે છે. આ અંગે વાત કરતા માલિશ કેમ્પના આયોજક વિષ્ણુભાઈ પટેલ જણાવે છે કે છેલ્લા 27 વર્ષથી અમે આ જગ્યાએ માલિશ કેમ્પનું આયોજન કરીએ છીએ. જ્યાં અનેક યાત્રાળુઓ દરરોજ માલિશ કેમ્પનો લાભ લે છે. યાત્રાળુઓ આ કેમ્પનો લાભ લઈ રાહત અનુભવે છે. આ સ્થળ ઘાટી જેવું છે તે માટે યાત્રાળુઓ પણ થોડીવાર આરામ કરી અને રાહત અનુભવે છે. અને ઘણા લોકો અમને આશીર્વાદ પણ આપે છે કે તમને ઘણા વર્ષથી અહીં આ સેવા કરતા જોઈએ છીએ.

# આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમનું સફળતાપૂર્વકનું આયોજન

(એજન્સી) અમદાવાદ । તા. 14



આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા 13 સપ્ટેમ્બર 2024 ના રોજ માતૃ છાયા કન્યા વિદ્યાલય , લોહાણા બોર્ડિંગ છાત્રાલય તથા કચ્છ મહિલા વિકાસ સંગઠન ના બાપા દયાળુ નગરમાં આશીર્વાદ ફાઉન્ડેશનના સંસ્થાપક સી.એ શ્રી આર. એસ. પટેલ સાહેબ કચ્છના કોર્ડીનેટર શ્રીમતી પ્રફુલા ઠક્કર, સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી પંકજબેન રામણીના સહયોગથી લાભાર્થીઓ માટે સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમનું સફળતાપૂર્વકનું આયોજન કરવામાં આવ્યું. જેમાં 370 વિદ્યાર્થીનીઓ અને શિક્ષીકાઓ ભાગ લીધો હતો. સ્તનના સ્વ-પરીક્ષણ દ્વારા ૫ મહત્વના પગલાં દ્વારા કોઈ નાની ગાંઠ, લાલ ચકામા, કે ખીલ, ફોલ્લી અથવા નિપલમાં થી પ્રવાહી જરતું હોય તો આ ચિન્હો દેખાય તો ડૉક્ટરી તપાસ કે મેમોગ્રાફી અને સોનોગ્રાફી દ્વારા વહેલા તબક્કે થતું સ્તન કેન્સરનું નિદાન થઈ શકે છે. કેન્સરની આ બિમારી કોઈ પણ જાતના દર્દ વિના થતી હોવાથી દરવર્ષે તેનું નિદાન કરાવવાથી વહેલા તબક્કે રોગનું નિદાન થાય તો તેનો ઈલાજ થઈ શકે છે. ચોથા તબક્કે પહોચેલ બિમારી ખૂબ ખર્ચાળ અને દર્દીઓને બચાવવા અનિશ્ચિત બને છે. સદરહુ માહિતીથી મોટા ભાગની બહેનો અજાણ હોવાથી તેમને આ માહિતી રસપ્રદ લાગી હતી તથા આ સમસ્યાઓ સમજવા માટે આ લાભ તેમને અગાઉ ક્યારેય મળ્યો ના હોવાથી સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ અંગે સૌએ પ્રશંસા કરી હતી તથા તેઓએ આ માહિતી બીજી પાંચ થી દસ બહેનોને પહોચાડવાની ખાતરી આપી હતી. આ માહિતી અન્યને પહોંચાડવાથી કોઈ દર્દીનું પોઝીટીવ નિદાન થાય તો આંગળી ચિંધ્યાના પૂણ્યના તમે અધિકારી બની શકો છો.

## 16 સપ્ટેમ્બરની અમદાવાદ-હઝરત નિઝામુદ્દીન ગુજરાત સંપર્ક ક્રાંતિ પુનઃસ્થાપિત

(એજન્સી) અમદાવાદ । તા. 14

ઉત્તર રેલવેના દિલ્હી ડિવિઝનના પલવલ સ્ટેશન પર નોન-ઈન્ટરલોકિંગ કામ માટે લેવામાં આવતા બ્લોકના સ્થાનાંતરણને કારણે, અમદાવાદ-હઝરત નિઝામુદ્દીન ગુજરાત સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસને પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તદનુસાર, 16 સપ્ટેમ્બર 2024 ના રોજ અમદાવાદથી ચાલતી ટ્રેન નંબર 12917 અમદાવાદ-હઝરત નિઝામુદ્દીન ગુજરાત સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસને પુનઃસ્થાપિત કરવામાં આવી છે. ટ્રેનની રચના, સમય, સ્ટોપેજ અને વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરી તમે www.enquiry.indianrail.gov.in પર જઈને ચેક કરી શકો છો.

# અંબાજી મેળામાં માહિતી અને પ્રસારણ મંત્રાલયમાં કેન્દ્રીય સંચાર બ્યુરો પાલનપુર દ્વારા મલ્ટીમીડિયા પ્રદર્શનનું આયોજન

(એજન્સી) પાલનપુર । તા. 14



વિકસિત ભારત @2047 વિષય અંતર્ગત જન કલ્યાણકારી યોજનાઓ અને અભિયાનો અંગે જાણકારી આપતા મલ્ટીમીડિયા પ્રદર્શન નું ઉદ્દઘાટન બનાસકાંઠા જીલ્લા કલેકટર શ્રી મિહિર પટેલ દ્વારા કરવામાં આવશે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયના કેન્દ્રીય સંચાર બ્યુરો, પાલનપુર દ્વારા આયોજિત વિકસિત ભારત @2047 વિષય અંતર્ગત અંબાજી ના મેળામાં મલ્ટીમીડિયા પ્રદર્શનનું આયોજન કરવામાં આવશે. ભારત દેશના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના આહવાન પર દેશ ના જન - જન ના વિકસિત ભારતના સપનાને સાકાર કરવા સરકારશ્રી ની લોકકલ્યાણકારી યોજનાઓ તેમજ અભિયાનો ની માહિતી અને માર્ગદર્શન પૂરું પાડતા આ મલ્ટીમીડિયા પ્રદર્શનને બનાસકાંઠા જીલ્લા કલેક્ટર શ્રી મિહિર પટેલ દ્વારા ખુલ્લુ મુકવામાં આવશે. વિકસિત ભારત @2047 અંતર્ગત આયોજિત આ મલ્ટીમીડિયા પ્રદર્શનમાં એક સ્થળેથી સરકારની વિભિન્ન યોજનાઓ અંગેની જાણકારી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. વધુમાં કેન્દ્રીય સંચાર બ્યુરો, પાલનપુર ના ક્ષેત્રિય પ્રચાર અધિકારી જે. ડી ચૌધરી આયોજન અંગે જાણકારી આપતા જણાવ્યું કે ૧૮ તારીખ સુધી અંબાજી ખાતે ચાલનાર આ મલ્ટીમીડિયા પ્રદર્શન માં સ્વચ્છ ભારત અભિયાન, પોષણ અભિયાન , યોગ ઉત્સવ , ડિજિટલ ઈન્ડિયા, ફીટ ઈન્ડિયા તેમજ ભારત સાકાર ની ફ્લેગશિપ યોજનાઓ અંતર્ગત સ્પર્ધાઓ, મનોરંજક કાર્યક્રમો , મલ્ટિમિડીયા પ્રવૃતિઓ નું આયોજન જિલ્લા વહીવટી તંત્ર ના સહયોગ થી કરવામાં આવશે. અંબાજી મેળા માં આયોજિત આ મલ્ટિમિડીયા પ્રદર્શન ના પૂર્વ પ્રચાર કાર્યક્રમોમાં કેન્દ્રીય સંચાર બ્યુરો, પાલનપુર દ્વારા દાંતા તાલુકાની વિવિધ મોડેલ સ્કૂલ, જગતાપૂરા, અબુલ કલામ આઝાદ હાઈસ્કુલ, રતનપુર, સર મદનસિહજી વિદ્યાલય, ગંગવા જેવી સંસ્થાઓમાં ચિત્ર સ્પર્ધા, યોગાસન સ્પર્ધા સાથે અન્ય પ્રવૃતિઓનું આયોજન હાથ ધરાયું છે મેળા દરમિયાન આગામી દિવસો માં પણ સ્વચ્છ ભારત અંતર્ગત વિવિધ પ્રવુતિઓ આયોજન કરવામાં આવશે, તેમજ સ્પર્ધા ના વિજેતાઓને મહાનુભાવો ના હસ્તે પુરસ્કૃત કરવામાં આવશે. આ ત્રણ દિવસીય પ્રદર્શનમાં જાહેર જનતાને નિશુલ્ક પ્રવેશ રહેશે.

## ગળતેશ્વર તાલુકાના હડમતીયા પ્રાથમિક શાળાના નવા બિલ્ડીંગનું ઉદ્ઘાટન કરાયું

અશેષ વ્યાસ : ખેડા

ગળતેશ્વરના હડમતીયા પ્રાથમિક શાળાના નવા બિલ્ડીંગનું આજે ઠાસરાના ધારાસભ્ય શ્રી સહિત અનેક મહાનુભાવોની ઉપસ્થિતમાં લોકાર્પણ કરવામાં આવ્યું અને શાળા ના નવા કોમ્પ્યુટર અને કોમ્પ્યુટર લેબ નું પણ લોકાર્પણ કરવામાં આવ્યું આ પ્રસંગે શાળા ને ખુટતી જમીન આપનાર દાતા



શ્રી કનુભાઈ પરમાર નુ અને ખુબ ટૂંકા સમયમાં સુંદર અને ઉચ્ચ ગુણવત્તા યુક્ત મટીરીયલ વાપરી ને શાળા નુ બિલ્ડીંગ બનાવનાર કોન્ટ્રાકટર વિનલ ભાઈ પટેલ નુ માનનીય ધારાસભ્ય શ્રી અને ઉપસ્થિત મહાનુભાવો ના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ઠાસરા ના લોકપ્રિય ધારાસભ્ય શ્રી યોગેન્દ્ર સિંહ પરમાર તથા પોલીસ એટલે કાયદો અને વ્યવસ્થા જળવાય એટલું જ નહીં પરંતુ સમાજ ઉપયોગી સેવા પણ કરી શકે તેવુ ઉદાહરણ આપનાર ગળતેશ્વર ના પી.આઈ.શ્રી એ.આર.ઝાલા સાહેબ તથા તાલુકા પંચાયત ના પ્રમુખ શ્રી જયંતીભાઈ પરમાર,તાલુકા શિક્ષણ અધિકારી શ્રી ચંદ્રકાંત જોષી સાહેબ,પુર્વ જીલ્લા પંચાયત ના સદસ્યો તાલુકા પંચાયત ના સદસ્યો,બીઆરસી તેમજ તમામ સીઆરસી,સંગઠનના આગેવાનો સરપંચ શ્રી ઓ ગ્રામજનો શાળા ના શિક્ષકો આચાર્યો વાલીઓ વિધાર્થીઓ ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

# ડૉ. મનસુખ માંડવિયા ગુજરાતના રાજકોટમાં પશ્ચિમના રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો સાથે ત્રીજી પ્રાદેશિક બેઠકની અધ્યક્ષતા કરશે

## શ્રમ કલ્યાણ સુધારણા અને રોજગારની તકો વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવા ચર્ચા થશે

(એજન્સી) ગાંધીનગર । તા. 14




કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા 15.09.2024 (રવિવાર)ના રોજ પશ્ચિમના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો જેવા કે મહારાષ્ટ્ર, ગોવા, ગુજરાત, દમણ અને દીવ તથા દાદરા અને નગર હવેલી તથા લક્ષદ્વીપની ત્રીજી પ્રાદેશિક બેઠકની અધ્યક્ષતા કરશે. શ્રમ અને રોજગાર મંત્રાલયે આ બેઠકનું આયોજન ભારત સરકાર અને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા હાથ ધરવામાં આવેલી મુખ્ય પહેલો પર સહયોગને મજબૂત કરવા પર ચર્ચા કરવા માટે કર્યું છે, જેમાં શ્રમ સુધારાઓ, અસંગઠિત કામદારો, મકાન અને અન્ય નિર્માણ કામદારો (બીઓસીડબ્લ્યુ) પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે તથા રોજગારીની તકો વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ બેઠક ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો સાથે રાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલી ચર્ચાવિચારણાની શ્રેણીનો એક ભાગ છે, જેની શરૂઆત બેંગાલુરુમાં કર્ણાટક, તમિલનાડુ, તેલંગાણા, કેરળ, પુડુચેરી અને આંદામાન અને નિકોબાર દ્વીપસમૂહોના દક્ષિણી રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો સાથે પ્રથમ પ્રાદેશિક બેઠકના આયોજન સાથે થઈ હતી. આ પછી ચંદીગઢમાં પંજાબ, ચંદીગઢ, હિમાચલ પ્રદેશ, લદ્દાખ અને રાજસ્થાનના ઉત્તરીય રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો સાથે બીજી પ્રાદેશિક બેઠક યોજાઈ હતી. શ્રમ અને રોજગારીને લગતા મુખ્ય મુદ્દાઓ જેવા કે શ્રમ સંહિતા હેઠળ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા તૈયાર કરવામાં આવેલા નિયમોમાં સુધારા-વધારા, અસંગઠિત કામદારો માટે સામાજિક સુરક્ષાના લાભો સરળતાથી મળી રહે તે માટે 'વન-સ્ટોપ સોલ્યુશન' તરીકે ઈ-શ્રમ પોર્ટલની સ્થાપના, મકાન અને બાંધકામ કામદારોને વિવિધ કેન્દ્રીય કલ્યાણકારી યોજનાઓના વ્યાપનું વિસ્તરણ, રોજગારીની તકો માટે શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાણ, રોજગારીનું માપન, આ બેઠક દરમિયાન કર્મચારી રાજ્ય વીમા નિગમ, રાષ્ટ્રીય કારકિર્દી સેવા હેઠળ પ્રદાન કરવામાં આવતી સેવાઓ અને સુવિધાઓને મજબૂત કરવા તથા રોજગાર સાથે સંબંધિત પ્રોત્સાહન યોજનાઓનાં ઝડપી અમલીકરણ પર ચર્ચા કરવામાં આવશે.

## સુબીર પોલીસ ટીમે ગણતરીના કલાકોમાં જ હત્યાનો કેસ ઉકેલી આરોપી સળિયા પાછળ ધકેલયો

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં પાંઢરપાડા ગામ ખાતે પતિ-પત્ની વચ્ચે પ્રધાનમંત્રી આવાસનાં મકાન બનાવવાનાં કામ બાબતે ઝઘડો થયો હતો.જેમાં પતિએ કુહાડી વડે હુમલો કરી પત્નીને મોતને ઘાટ ઉતારી દીધી હતી.જે બાદ સમગ્ર મામલો સુબિર પોલીસ મથકે પહોંચ્યો હતો.



ત્યારે સુબીર પોલીસ મથકની ટીમે ગણતરીના કલાકોમાં જ આરોપીને સળિયા પાછળ ધકેલ્યો હતો.ડાંગ જિલ્લાનાં પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયા, નાયબ પોલીસ અધિક્ષક એસ.જી.પાટીલ તથા સી.પી.આઈ. વી.કે.ગઢવીનાં માર્ગદર્શન હેઠળ સુબિર પોલીસ મથકનાં પી.એસ. આઈ. કે.જે.ચૌધરીની ટીમે મર્ડરનાં આરોપીને ગણતરીનાં કલાકોમાં ઝડપી પાડી સરાહનીય કામગીરી હાથ ધરી છે. ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં પાંઢરપાડા ગામ ખાતે રહેતા કમલેશભાઈ માંગ્યા ભાઈ પવાર અને તેમની પત્ની વચ્ચે પ્રધાનમંત્રી આવાસનાં મકાન બનાવવાના કામ બાબતે ઝઘડો તકરાર થયો હતો. ત્યારે ગુસ્સામાં આવી પતિએ કુહાડીથી પત્ની પર હુમલો કર્યો હતો અને કુહાડી વડે જડબાના ભાગે ઘા કર્યો હતો.તથા લાકડાનો દંડો કાઢી લાકડાના દંડા થી પત્નીને માર મારી ઈજાઓ પહોંચાડી હતી.

# અમેરિકન વેપારી મહામંડળ દ્વારા 'વૈશ્વિક આગેવાન અવૉર્ડ'ના દ્વિતીય ભારતીય વિજેતા બનતા 'બાબા' કલ્યાણી

(એજન્સી) પુણે । તા. 14




અમેરિકાના વેપારી મહામંડળ (યુ.એસ. ચેમ્બર ઑફ કૉમર્સ)ની યુએસ-ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ (USIBC)ની ઈન્ડિયા-આઈડિયાઝ સમિટ તથા 49મી વાર્ષિક સામાન્ય સભામાં ભારત ફોર્જના ચેરમેન તથા મેનેજિંગ ડિરેક્ટર બાબાસાહેબ 'બાબા' એન. કલ્યાણીને 'ગ્લોબલ લીડરશિપ અવૉર્ડ'થી આજે સન્માનિત કરાયા હતા. અમેરિકામાં તથા ભારતમાં જેઓ દ્વિપક્ષીય આર્થિક સંબંધોને આગળ ધપાવવામાં તેમજ અમેરિકા-ભારત વચ્ચેના વ્યાપારી કૉરિડોરમાં વૃદ્ધિને ઉત્તેજન આપવામાં મહત્ત્વનું યોગદાન આપવાની દિશામાં પોતાનાં કામકાજને સમર્પિત કરતા હોય એવા મહાનુભાવોની દર વર્ષે કાઉન્સિલ દ્વારા વિશિષ્ટ રીતે કદર કરાય છે. આટલું ઉન્નત સન્માન મેળવનારા તેઓ બીજા ભારતીય છે. USIBCના પ્રમુખ એમ્બેસેડર (નિવૃત્ત) અતુલ કેશપે જણાવ્યું હતું કે, "બાબા કલ્યાણી એવા એક અસાધારણ વૈશ્વિક વ્યાપારી આગેવાન છે જેમની પાસે નિર્ણાયક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં 'બિલ્ડિંગ બ્લૉક્સ' ઊભાં કરવાની લાંબા ગાળાની કુશળતા છે, આંતરદૃષ્ટિ છે. પદ્મભૂષણ-વિજેતા એવા 'બાબા' ભારતને અદ્યતન ઉત્પાદન માટે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક કેન્દ્રમાં પરિવર્તિત કરવા માટે પોતાનું જીવનકાર્ય સમર્પિત કરી દેનારા એક ભારતીય ઉદ્યોગ-સાહસિકની શક્તિ-ઊર્જા અને ગતિશીલતાનું ઉત્તમ ઉદાહરણ બની રહે છે. 'ભારત ફોર્જ' વૈશ્વિક ઑટોમોટીવ અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં મોખરાનું પ્રતિષ્ઠિત નામ બની રહ્યું છે ત્યારે બાબાના સમર્થ નેતૃત્વ અને ટૅક્નોલોજી આધારિત નવીનતા માટેનો જુસ્સો કંપનીને ઝડપથી ભારતના સૌથી મોટા સંરક્ષણ-ઉત્પાદકો પૈકીના એક તરીકે સ્થાન આપે છે . બાબા એન. કલ્યાણીને વર્ષ 2024નો ગ્લોબલ લીડરશિપ અવૉર્ડ અર્પણ કરતાં કાઉન્સિલ (USIBC) ગૌરવની લાગણી અનુભવે છે." આ પ્રસંગે 'બાબા' કલ્યાણીએ પોતાના સ્વીકૃતિ-પ્રવચનમાં પોતાને એનાયત થયેલા અવૉર્ડ અંગે આભારની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, "પૂરી વિનમ્રતા સાથે હું આ પ્રતિષ્ઠિત સન્માનની કદર કરું છું. સૌથી મોટા લોકશાહી દેશો તરીકે ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ મજબૂત વૈશ્વિક વ્યૂહાત્મક સંબંધો ધરાવે છે અને 'ભારત ફોર્જ'માં અમે બંને દેશો વચ્ચે વધતા દ્વિપક્ષીય વેપાર તથા વિસ્તૃત વ્યાપારી જોડાણમાં યોગદાન આપતા રહેવા બદલ ગર્વ અનુભવીએ છીએ.

## 15થી 18 સપ્ટેમ્બર સુધી સાબરમતી-દોલતપુર ચોક એક્સ. નંગલ ડેમ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે

(એજન્સી) અમદાવાદ । તા. 14

ઉત્તર રેલ્વેના અંબાલા મંડળના સરહિંદ-દૌલતપુર ચોક સેકશનના ઉના હિમાચલ સ્ટેશન પર નોન ઈન્ટરલોકિંગ કાર્ય ને કારણે, સાબરમતી-દોલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ આંશિક રીતે રદ રહેશે જેની વિગતો નીચે મુજબ છે:- 15 થી 18 સપ્ટેમ્બર 2024 સુધી, સાબરમતીથી ચાલતી ટ્રેન નંબર 19411 સાબરમતી-દોલતપુર ચોક એક્સપ્રેસ નંગલ ડેમ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન નંગલ ડેમ-દોલતપુર ચોક સ્ટેશનો વચ્ચે આંશિક રીતે રદ રહેશે. 16 થી 19 સપ્ટેમ્બર 2024 સુધી, ટ્રેન નંબર 19412 દૌલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ નંગલ ડેમ સ્ટેશનથી સૉર્ટ ઓરીજીનેટ (પ્રારંભ) થશે.

# ઈન્ડિયન ઓઈલ દ્વારા પેરિસ 2024માં ઐતિહાસિક પ્રદર્શન માટે ભારતીય પેરા એથ્લેટ્સનું સન્માન કરવામાં આવ્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 14



પેરિસ 2024 પેરાલિમ્પિક ગેમ્સમાં ઐતિહાસિક પ્રદર્શન બદલ ભારતના પેરા-એથ્લેટ્સનું સન્માન કરવા માટે ઈન્ડિયન ઓઈલ દ્વારા ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. તાજેતરમાં જ સંપન્ન થયેલા પેરિસ પેરાલિમ્પિકમાં, ભારતે 7 ગોલ્ડ, 9 સિલ્વર અને 13 બ્રોન્ઝ સહિત વિક્રમી 29 મેડલ મેળવ્યા છે, જે તેના સર્વશ્રેષ્ઠ પેરાલિમ્પિક પ્રદર્શનને દર્શાવે છે. ઈન્ડિયન ઓઈલ, પેરાલિમ્પિક કમિટી ઑફ ઈન્ડિયા (PCI) સાથે, દેશમાં પેરાલિમ્પિક રમતો માટેની સર્વોચ્ચ સંસ્થા, ઑક્ટોબર 2023 થી પેરા ટુકડીને સમર્થન આપીને ભારતીય પેરા-એથ્લેટ્સને સશક્તિકરણ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ કાર્યક્રમ યુવા બાબતો અને રમત-ગમત રાજ્યકક્ષાના મંત્રી શ્રીમતી . રક્ષા નિખિલ ખડસે, સેક્રેટરી MoPNG, શ્રી પંકજ જૈન, ચેરમેન અને ડિરેક્ટર (માર્કેટિંગ), ઈન્ડિયન ઓઈલ શ્રી. વી સતીશ કુમાર, તેમજ વરિષ્ઠ સરકારી અધિકારીઓ અને PCI અગ્રણીઓની હાજરીમાં યોજાયો હતો. યુવા બાબતો અને રમતગમત રાજ્યકક્ષાના મંત્રી શ્રીમતી રક્ષા નિખિલ ખડસેએ એથ્લેટ્સની પ્રશંસા કરી અને કહ્યું, "ભારતના પેરા એથ્લેટ્સે ફરી એકવાર વૈશ્વિક મંચ પર તેમની અસાધારણ પ્રતિભા દર્શાવી છે. અને તે ભારતના રમતગમતની શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવા માટે કોર્પોરેટ ભાગીદારીની શક્તિને પ્રતિબિંબિત કરે છે." શ્રી પંકજ જૈન, MoPNG સચિવ,એ એથ્લેટ્સ માટે પ્રશંસા વ્યક્ત કરી અને જાહેરાત કરી કે ઈન્ડિયન ઓઈલ પેરા-એથ્લેટ્સ માટે માસિક શિષ્યવૃત્તિ, તબીબી વીમો અને સ્પોર્ટ્સ કીટ રજૂ કરીને તેના સમર્થનને વધુ વધારશે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# ચોમાસાની વિદાય પહેલાં ભરાઈ ગયા 119 ડેમ: વરસાદ પહેલાં ખાલી હતા 86 ડેમ

(એજન્સી) નર્મદા | તા 14

ગુજરાતમાં ચોમાસાનો વિધિવત્ પ્રારંભ થયાને ત્રણ મહિનાનો સમય વીતી ચૂક્યો છે. રાજ્યમાં ત્રણ મહિના દરમિયાન ધોધમાર વરસાદે ડેમમાં પાણીની સ્થિતિ પણ બદલી નાખી છે. રાજ્યના 207 ડેમમાંથી ત્રણ મહિના પહેલાં 86 ડેમ તળિયાઝાટક હતા, એની સામે આજે 119 ડેમ તો ઓવરફ્લો થઈ ચૂક્યા છે. રાજ્યના અન્ય ડેમમાં પણ નોંધપાત્ર પાણીની આવક થઈ ચૂકી છે. રાજ્યની જીવાદોરી સમાન નર્મદા અને ઉકાઈ ડેમમાં બે વર્ષ ચાલે એટલું પાણી આવી ચૂક્યું છે. હાલ બંને ડેમમાંથી રૂલ લેવલ જાળવવા તબક્કાવાર પાણી છોડવામાં આવી રહ્યું છે. રાજ્યના મહત્ત્વના ગણાતા કયા ડેમ ઓવરફ્લો થયા છે અને કયા ડેમ હજી પણ ખાલી છે?, રાજ્યના જીવાદોરી સમાન, નર્મદા, ઉકાઈ અને શેત્રુંજી ડેમમાં પાણીની સ્થિતિ કેવી છે? આ તમામ સવાલોના જવાબ આપણે આગળ મેળવીશું. ચોમાસા પહેલાં 86 ડેમ તળિયાઝાટક હતા જ્યમાં 11 જૂનથી ચોમાસાનો વિધિવત્ પ્રારંભ થયો હતો. એ પહેલાં રાજ્યમાં આવેલા 207માંથી 86 ડેમ ખાલીખમ હતા. વણાકબોરી, ધોળીધજા અને મચ્છુ-3 ડેમ એવા હતા, જેમાં 80 ટકાથી વધુ પાણીનો જથ્થો હતો. જ્યારે 118 ડેમમાં 10 ટકાથી લઈ 90 ટકા સુધીનો પાણીનો જથ્થો હતો. સરદાર સરોવરમાં બે વર્ષ ચાલે એટલો પાણીનો જથ્થો જરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર, જેને લોકો નર્મદા ડેમથી પણ ઓળખે છે એમાં બે વર્ષ ચાલે એટલો પાણીનો જથ્થો આવી ચૂક્યો છે. સરદાર સરોવરમાં 90 ટકા જળસંગ્રહ થઈ ચૂક્યો છે. રાજ્યમાં ચોમાસું બાકી હોય અને ઉપરવાસમાંથી પણ પાણીની આવક થવાની શક્યતા હોઈ, રાજ્યનો જીવાદોરી સમાન આ ડેમ પણ નજીકના દિવસોમાં ઓવરફ્લો થવાની પૂરી શક્યતા છે. નર્મદા ડેમમાં રાજ્યના 173 શહેર અને 9490 ગામના અંદાજે 2.90 કરોડ લોકોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. તો રાજ્યના 18.45 લાખ હેક્ટરમાં સિંચાઈ માટે પણ પાણી પૂરું પાડવામાં આવે છે.રાજ્યમાં 11 સપ્ટેમ્બર સુધીમાં ઉત્તર ગુજરાતમાં સિઝનનો સરેરાશ 106 ટકા વરસાદ વરસી ચૂક્યો છે, પરંતુ ઉત્તર ગુજરાત ઝોનમાં આવતા અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાના ડેમમાં હજી સરેરાશ 61.65 ટકા પાણીનો જ સંગ્રહ થયો છે. મધ્ય ગુજરાતના 5 જિલ્લાના ડેમોમાં સૌથી વધુ 94.13 ટકા, કચ્છ ઝોનના ડેમોમાં 86.33 ટકા, સૌરાષ્ટ્ર ઝોનના 11 જિલ્લાઓના ડેમોમાં 86.24 ટકા અને દક્ષિણ ગુજરાતના 6 જિલ્લાઓના ડેમોમાં 84.30 ટકા પાણીનો સંગ્રહ થયો છે.



## ન્યૂઝ કોર્નર

### વિસનગરના પુરણપુરા ગામે ખેતરોમાં વરસાદી પાણી ભરાઈ રહેતા ખેડૂતો પરેશાન

વિસનગર તાલુકાના પુરણપુરા ગામથી સદુથલા ગામ તરફ જવાના રોડ પર આવેલા ખેતરોમાં વરસાદી પાણી ભરાઈ રહેવાથી ખેડૂતો પરેશાન થઈ ગયા છે. છેલ્લા કેટલાય દિવસોથી વરસાદે વિરામ લીધો છે, પરંતુ ખેતરોમાં ભરાયેલ પાણી ન ઓસરતાં ખેડૂતોના પાકને નુકસાન થવા પામ્યું છે. જેમાં રોડ પર આવેલા અંદાજે 15 જેટલા ખેતરોમાં પાણી ભરાયેલ હોવાથી પશુઓ માટે ઘાસચારો લેવા જવા માટે પણ તકલીફ પડી રહી છે. તો ખેતરોમાં ભરાઈ રહેલ પાણીનો આપવામાં આવે તેવી માગ ઉઠવા પામી છે. વિસનગર સહિત પંથકમાં ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ હતી. જેમાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભારે વરસાદને કારણે અનેક ખેતરોમાં પાણી ભરાયાં હતાં.

### જામનગર જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને સ્વચ્છતા અભિયાનની સમીક્ષા બેઠક

જામનગરમાં જિલ્લા કલેકટર બી.કે.પંડયાના અધ્યક્ષસ્થાને સ્વચ્છતા હી સેવા અભિયાનની સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં સ્વચ્છતા હી સેવા અભિયાન વર્ષ 2024 અંતર્ગત વિવિધ કામગીરી કરવા માટે જિલ્લા કલેકટરએ સુચના આપી હતી. જે અનુસાર આગામી તારીખ 02/10/2024 રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતીને ધ્યાનમાં રાખતા સમગ્ર દેશ અને રાજ્યમાં સ્વચ્છતા હી સેવા 2024 અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. તેમજ સ્વચ્છ ભારત મિશન યોજના અંતર્ગત આગામી તારીખ 17/09/2024 થી લઈને 31/10/2024 સુધી સ્વચ્છતા હી સેવા ઝુંબેશનું જામનગર જિલ્લાના દરેક વિસ્તારમાં આયોજન કરવામાં આવશે. જેમાં મુખ્ય રીતે 3 ચાવીરૂપ સ્તંભો ઉપર ભાર મુકવામાં આવેલ છે. જેમાં કચરાના ભાગીદારી વધારવી અને સફાઈ મિત્ર સુરક્ષા શિબિરનું આયોજન કરવું.

# 'વડોદરામાં પૂર રાહત પેકેજ પાણીના ટીપાં જેવું'

## 5 લાખના નુકસાન સામે 85 હજાર સહાય, વેપારીઓએ CMને મળવાનો સમય માગ્યો; કહ્યું- વિશ્વાસ છે PM મોટું પેકેજ જાહેર કરશે

(એજન્સી) વડોદરા | તા 14

વડોદરામાં માનવસર્જિત પૂરે હજારો વેપારીઓને કરોડોનું નુકસાન પહોંચાડ્યું છે. સરકારે પૂર રાહત પેકેજ જાહેર કરીને મલમ લગાવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ વેપારીઓ કહી રહ્યા છે કે પૂર રાહત પેકેજ 'ટીપા' જેવું છે. 5 લાખના નુકસાન સામે 85 હજાર સહાય મળશે. આવી તો અનેક વિસમતાઓ છે. ત્યારે હવે શહેરના 5 મોટા વેપારી એસોસિયેશને આ અંગે રજૂઆત કરવા CM પાસે મળવાનો સમય માંગ્યો છે. અને કહ્યું છે કે અમને વિશ્વાસ છે કે PM ગુજરાત મુલાકાત દરમિયાન વડોદરા માટે મોટું પેકેજ જાહેર કરશે. સરકારના પેકેજથી વેપારીઓ નાખુશ

રાજ્ય સરકારે પૂરથી અસરગ્રસ્ત વડોદરાના વેપારીઓ માટે 5 હજારથી લઈને 85 હજાર રૂપિયા સુધીની સહાયની જાહેરાત કરી હતી. જોકે, વેપારીઓ સરકારની આ જાહેરાતથી નાખુશ છે અને તેમના લાખોના નુકસાન સામે હજુ પણ વધુ સહાયની રકમ વધારવા માટેની માંગણી કરી રહ્યા છે. આ જાહેરાત બાદ શહેરના 5 મોટા સંગઠનોની મિટિંગ કરી હતી, જેમાં આવનારા દિવસોમાં મુખ્યમંત્રીને મળવાનો સમય તેમજ સહાયની રકમ વધારવાની માગ કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત સર્વેની કામગીરીમાં વેપારીઓને પણ સામેલ કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.




### અમારા આખા કોમ્પ્લેક્સમાં હજી પણ પાણી ભરાયેલાં છે

વેપારી સંદીપ ભટ્ટે જણાવ્યું હતું કે, અમારા ફિનિક્સ કોમ્પ્લેક્સમાં હજી પણ પાણી ભરાયેલા છે. મારી દુકાનમાં 7-8 લાખ રૂપિયાનું નુકસાન છે. સરકારી જે સહાયની જાહેરાત કરી છે, તે અમારા સુધી પહોંચે તો અમને મદદ મળી રહેશે. અમારા વિસ્તારમાં જે કન્સ્ટ્રક્શન થઈ ગયા છે તેને કારણે પાણી બ્લોક થઈ રહ્યું છે અને તેના કારણે અમારા કોમ્પલેક્ષમાં પાણી ભરાઈ જાય છે. જેના કારણે અમારે મોટું નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. અમારા આખા કોમ્પ્લેક્સમાં વેપારીઓને મોટું નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે.

### શહેરના વેપારીઓને સામેલ કરો અને મિટિંગનું આયોજન કરો

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, સરકારે એક પરિપત્ર આપ્યો અને પાંચ અલગ-અલગ રીતે સહાય માટે આપેલી છે, એમાં સુધારા-વધારા કરવા અમુક મુદ્દામાં અમે સહમત નથી. આ બધી બાબતોમાં અમે આજે ચર્ચા-વિચારણા કરીને આવ્યા છીએ કે, અમે તાત્કાલિક ધોરણે અમે મુખ્યમંત્રીની અપોઈન્ટમેન્ટ માંગવા જઈ રહ્યા છીએ.

વડોદરાના તમામ વેપારીઓના સંગઠનને ગુજરાતના મુખ્યમંત્રી પ્રત્યે ખૂબ આદર ભાવ છે અને સન્માન છે અને જ્યારે-જ્યારે વેપારીઓને અને અમારા જૈન સમાજને તકલીફ પડી છે ત્યારે આ મુખ્યમંત્રીએ ત્વરિત નિર્ણય લીધેલા છે ત્યારે પાંચ મુદ્દાનો જે સરકારે પરિપત્ર બહાર પાડ્યો છે અને એમાં પાંચ વેપારીને સામેલ કર્યા નથી એટલે અમે સરકારને કહેવા માંગીએ છે કે, જો તમારે ટ્રાન્સપરન્ટ રીતે પારદર્શક રીતે પૂરેપૂરા પૈસા પહોંચાડવા હોય અને વેપારીઓને સામેલ કરો અને તમારી સાથે વાતચીત કરવા માટેની એક મીટીંગનું આયોજન કરો.

**અમને વિશ્વાસ છે કે પીએમ મોટું પેકેજ જાહેર કરશે :** તેમણે ઉમેર્યું હતું કે સરકારે જે સ્ક્વેર ફીટ પ્રમાણે સહાય આપવાની વાત કરી છે તે યોગ્ય નથી. હવે 200 ફૂટની દુકાનમાં એક નાનો વેપારી 5 કરોડ રૂપિયાનો ધંધો કરતો હોય અને એક 2000 ફૂટની દુકાનમાં વર્ષે 50 લાખનો ધંધો કરતો હોય. તમારા સ્ક્વેર ફીટ પ્રમાણે વળતર આપવું ન જોઈએ, પ્રોડક્ટ પ્રમાણે વળતર આપવું જોઈએ. સરકારે આ બહુ મોટી ભૂલ કરેલી છે. અલકાપુરી વિસ્તારમાં એક વેપારીને 40થી 50 લાખ રૂપિયાનું નુકસાન થયું છે. તેનો કાપડ સહિતનો તમામ પાણીમાં પલળી ગયો છે. ઉપરાંત એક લાઈબ્રેરીમાં 22 લાખ રૂપિયાનો પુસ્તકો પાણીમાં પલળી ગયા છે. ઈન્સ્યોરન્સ કંપનીવાળા બેઝમેન્ટમાં ઈન્સ્યોરન્સ આપતા નથી. આજે સૌથી વધારે નુકસાન બેઝમેન્ટમાં થયું છે. વડાપ્રધાન મોદી અમદાવાદના પ્રવાસે આવી રહ્યા છે, ત્યારે અમને વિશ્વાસ છે કે, વડાપ્રધાન વડોદરા માટે મોટું પેકેજ જાહેર કરશે.

**મારે 5 લાખનું નુકસાન થયું ને સહાય માત્ર 85 હજાર :** પૂરથી અસરગ્રસ્ત વેપારી રવીન્દ્ર સતપાલે જણાવ્યું હતું કે, આ વર્ષે પૂરમાં અચાનક જ પાણી આવી જતા અમારી દુકાનનો તમામ સામાન પાણીમાં પલળી ગયો હતો અને 5 લાખ રૂપિયાનું નુકસાન થયું છે. સરકારે જે સહાય જાહેર કરી છે તે ખૂબ જ ઓછી છે. 85 હજાર રૂપિયા કંઈ ના કહેવાય. અમારા 5 લાખના નુકસાન સામે એક ટીમ્પુ પાણી સમાન પણ ન કહેવાય. મારો એવું કહેવું છે કે સરકાર બે થી ત્રણ લાખ રૂપિયા આપે તો પણ થોડી મદદ મળી રહેશે. અત્યારે મને પરિવારનું ગુજરાન ચલાવવામાં ખૂબ મુશ્કેલી પડી રહી છે. હવે આજે પૈસા લાવીને ફરી ધંધો શરૂ કર્યો છે.મધ્ય ગુજરાત વેપારી મંડળ અને હાથીખાના ગ્રીન મર્ચન્ટ એસોસિયેશનના પ્રમુખ નિમેષભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, સરકારે જે રાહત આપી છે એ સારી વાત છે પરંતુ, અમારી લાગણી એવી છે કે જે સહાય વિતરણ થાય તેમાં વેપારીઓને સાથે રાખવામાં આવે. આ ઉપરાંત જે વેપારીઓ માટે 85 હજાર રૂપિયાની જાહેરાત કરવામાં આવી છે તેમને 5 લાખ રૂપિયા સુધીની સહાય કરવામાં આવે.

## પોલીસે કંઈ ન કર્યું:મોત મામલે મનપાની બેદરકારી

રાજકોટ | તા 14

મનપાની ખુલ્લી કૂંડીમાં ખાબકતાં પ્રૌઢનું મોત થયું છતાં પોલીસનો માત્ર નિવેદન નોંધી મનપાના જવાબદારોને બચાવવાનો ખેલ. શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં અક્ષર મેઈન રોડ પર હિરાના બંગલા પાસે ગત તા.2ના અખબારી એજન્ટ ડ્રેનેજની ખુલ્લી કુંડીમાં બાઈક સાથે ખાબક્યા હતા, ગંભીર રીતે ઘવાયેલા અખબાર વિક્રેતાનું ગુરૂવારે મૃત્યુ થયું હતું. મહાનગરપાલિકા તંત્રની ઘોર બેદરકારીથી પ્રૌઢનું મૃત્યુ થયું હતું, દસ દિવસ બાદ મેયરે આવી ખુલ્લી કુંડીઓને તાકીદે બંધ કરવા આદેશ આપ્યા હતા અને પોલીસે માત્ર એક્સિડેન્ટલ ડેથ નોંધી જવાબદારોને છાવરવાના પ્રયાસ કર્યા છે.

મૃતક વનરાજસિંહના ભાઈ ગિરિરાજસિંહ જાડેજાએ આક્રોશ સાથે કહ્યું હતું કે, તા.2ના વહેલી સવારે 6 વાગ્યે વનરાજસિંહ પોતાનું કામ પૂરું કરી બાઈક ચલાવીને ઘરે આવતા હતા અને ઘટનાસ્થળ નજીક પહોંચ્યા ત્યારે સ્ટ્રીટલાઈટ બંધ હતી અને ભૂગર્ભની કુંડી ખુલ્લી હતી, કુંડી ખુલ્લી રાખવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ ચેતવણીનું બોર્ડ સાથે ખાબક્યા હતા. વનરાજસિંહને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, ગાંધીગ્રામ પોલીસે માત્ર નિવેદનો નોંધ્યા હતા.

## દર મહિને હજારો યુનિટ વીજળી લેપ્સ થઈ જશે: એક તરફ સૌર ઊર્જાને પ્રોત્સાહન તો બીજી તરફ વેપારીઓને નુકસાન કરતો પરિપત્ર

(એજન્સી) સુરત | તા 14

એક તરફ સરકાર સોલર ઊર્જાને પ્રોત્સાહન આપી રહી છે ત્યારે બીજી તરફ કેન્દ્ર સરકારના પરિપત્રથી સોલર પાવર જનરેટ કરતા ઉદ્યોગકારોની ઊંઘ હરામ થઈ ગઈ છે, કારણ કે આ પરિપત્રમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે સરપ્લસ વીજળીના 30 ટકા જ વળતર મળશે. બાકીની દર મહિને હજારો યુનિટ વીજળી લેપ્સ થઈ જશે. આ પરિપત્રથી દક્ષિણ ગુજરાતના 500થી વધુ સોલર યુનિટ પ્રોજેક્ટમાં ઈન્વેસ્ટ કરનારા મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. આ પરિપત્રના કારણે હવે ઉદ્યોગકારો પોતાના કુલ વીજ ઉત્પાદનના વધુમાં વધુ 30 ટકા જેટલી વીજળીનું જ બેન્કિંગ, એટલે કે વળતર મેળવવા હકદાર રહેશે. આ પરિપત્રના કારણે દક્ષિણ ગુજરાત સોલર એસોસિયેશન ભારે નારાજ છે. રાજ્યમાં શક્ય એટલું વધારે સોલર વીજ ઉત્પાદન થાય એ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર પ્રોત્સાહન યોજનાઓ ચલાવી રહી છે. તાજેતરમાં સોલર



પાવર પ્લાન્ટ ધરાવતાં ઉદ્યોગો માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમે પરિપત્ર જાહેર કર્યો છે. એને લઈને સોલર પાવર જનરેશન કરતા ઔદ્યોગિક વપરાશકારો વિસામણમાં મુકાઈ ગયા છે. હાલમાં નવા સોલર પાવર પ્લાન્ટ વિકસાવી રહેલા અનેક ઉદ્યોગકારોને એ વાતનું ટેન્શન થઈ રહ્યું છે કે તેમના પ્લાન્ટમાં ઉત્પાદિત થનારી સરપ્લસ વીજળી લેપ્સ થઈ જશે અને સરકાર એનું એક ફદિયું પણ નહીં ચૂકવે.સોલર વીજ ઉત્પાદન કરતા ઉદ્યોગકારોએ પોતાના કુલ વીજ ઉત્પાદનના વધુમાં વધુ 30 ટકા જેટલી વીજળીનું જે બેંકિંગ એટલે કે વળતર મેળવવા હકદાર બની શકે તેવા ગુજરાત ઊર્જા વિકાસ નિગમના પરિપત્રનો એસજીએસએ (સાઉથ ગુજરાત સોલાર એસોસિએશન) દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે.ગુજરાત ઊર્જા વિકાસ નિગમે ગત 31 ઓગસ્ટે એક પરિપત્ર જાહેર કર્યો હતો. જેમાં જણાવ્યું હતું કે, સૌર ઉર્જા ઉત્પાદન કરતા ઉદ્યોગકારોની સરપ્લસ વીજળી પૈકીના 30 ટકા વીજળીનું જ બેંકિંગ એટલે કે, વળતર મળશે. બાકીની સરપ્લસ વીજળીનું રાજ્ય કે કેન્દ્ર સરકાર કોઈ વળતર ચૂકવશે નહીં. એટલે કે તે લેપ્સ થઈ જશે. જેને પગલે સોલાર પાવર જનરેશન કરતા દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોની ઊંઘ હરામ થઈ ચૂકી છે.

**બ્રેકિંગ ન્યૂઝ**

### વડોદરા મહાનગરપાલિકામાં ભરતી:એન્જિનિયરિંગને લગતી 36 પોસ્ટ માટે 10,792 ઉમેદવાર મેદાને

વડોદરા મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિભાગોમાં એન્જિનિયરિંગને લગતી ભરતીની જાહેરાત બહાર પાડવામાં આવી આવી છે. જેમાં ભરવાપાત્ર પોસ્ટ સામે જેટલા લોકોએ ઉમેદવારી નોંધાવી છે, તેનો આંકડો ખરેખર આશ્ચર્યનજક છે. આ જોતા હજી યુવાનોમાં સરકારી નોકરીને લઈને વધુ ક્રેઝ જોવા મળી રહ્યો છે, તેવું સ્પષ્ટ થાય છે. આ જગ્યાઓ માટેની લેખિત પરિક્ષા તા. 5 અને 6 ઓક્ટોબરના રોજ લાવામાં આવનાર છે.

### હજારો વાહનોની અવરજવર ધરાવતા દુમાડ હાઈવે પર 15 દિવસથી ખાડાનું શાસન

મોટાં ખાડાઓના કારણે વાહનના વ્હીલનું એલાઈન્મેન્ટ બગડે છે, વાહનો જલદી ખખડી જાય છે અમદાવાદ-વડોદરા નેશનલ હાઈવે 48 અને સાવલી જવાના માર્ગને જોડતા દુમાડ જંકશન પર વરસાદથી મોટા ખાડા પડ્યા છે. મોટા ખાડામાં ભારદારી વાહનોના આગળ-પાછળના વ્હીલ ડાન્સિંગ કરીને વાહનને આગળ લઈ જતા હોય તેવા દ્રશ્યો સર્જાય છે. જ્યારે નાના વાહન ચાલકોને અનાયાસે કમર દર્દ થાય તેવી સ્થિતિનું નિર્માણ થયેલું છે.15થી વધુ દિવસથી ખાડા વધતા જાય છે.

## રાજકોટ-બાડમેર વચ્ચે દોડાવવામાં આવશે સ્પેશિયલ ટ્રેન, ટિકિટોનું બુકિંગ આવતીકાલથી શરૂ

(એજન્સી) રાજકોટ | તા 14

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે સમયાંતરે વધારાની ટ્રેનો દોડાવવામાં આવતી હોય છે. જેમાં પશ્ચિમ રેલવે રાજકોટ-બાડમેર વચ્ચે દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર ચલાવવામાં આવનાર છે. બાડમેર સ્ટેશન રાજસ્થાનમાં આવેલું છે. આ સ્પેશિયલ ટ્રેનનાં શરૂ થવાથી ગુજરાત અને રાજસ્થાનનાં વેપારીઓ અને લોકોની સગવડમાં વધારો થશે. ટ્રેન નંબર 04820/04819 રાજકોટ-બાડમેર સ્પેશિયલ (14-14 ટ્રીપ) ટ્રેન નંબર 04820 રાજકોટ-બાડમેર દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ 04.10.2024 થી 18.11.2024 સુધી રાજકોટથી દર શુક્રવાર અને સોમવારે 1 વાગ્યે ઉપડશે અને તે જ દિવસે બપોર પછી 3 વાગ્યે બાડમેર પહોંચશે. જ્યારે ટ્રેન નંબર 04819 બાડમેર-રાજકોટ દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ 03.10.2024 થી 17.11.2024 સુધી બાડમેરથી દર ગુરુવાર અને રવિવારે સવારે 09.45 વાગ્યે ઉપડશે અને તે જ દિવસે રાત્રે 10 વાગ્યે વાગ્યે રાજકોટ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, સ્પેશિયલ 04.10.2024 થી 18.11.2024 સુધી રાજકોટથી દર શુક્રવાર અને સોમવારે 1 વાગ્યે ઉપડશે અને તે જ દિવસે બપોર પછી 3 વાગ્યે બાડમેર પહોંચશે. મહેસાણા, ભીલડી, ધનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોદરણ, જાલોર, મોકલસર, સમદડી, બાલોત્રા અને બાયતુ સ્ટેશને ઊભી રહેશે. ટ્રેનમાં ફર્સ્ટ એસી, સેકન્ડ એસી, થર્ડ એસી, સેકન્ડ સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે. ટ્રેન નંબર 04820નું બુકિંગ આવતીકાલ 15 સપ્ટેમ્બર, 2024થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેન વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે.

## વડોદરામાં 11 લાખની કિંમતના MD ડ્રગ્સ કેસમાં બે વોન્ટેડ આરોપીઓ મુંબઈમાં 2 કરોડના MD ડ્રગ્સ સાથે ઝડપ્યા

(એજન્સી) વડોદરા | તા 14

અગાઉ વડોદરા શહેરના મચ્છીપીઠ નવાબવાડા વિસ્તારમાંથી 11 લાખ રૂપિયાની કિંમતના 110.92 ગ્રામ MD ડ્રગ્સના કેસમાં 2 વોન્ટેડ આરોપી મુંબઈમાં 2 કરોડના MD ડ્રગ્સ સાથે ઝડપાયા છે. વડોદરા SOG પોલીસે ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ મુંબઈથી કરી છે અને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. અગાઉ વડોદરા શહેર એસઓજી દ્વારા કારેલીબાગ મચ્છીપીઠ, નવાબવાડા વિસ્તારમાં રેડ કરતાં 110.92 ગ્રામ MD ડ્રગ્સ તથા અન્ય મુદામાલ મળી કુલ કિં. 12,49,800ના મુદામાલ સાથે આરોપી મોહમદકામીલ મોહંમદ કાસીમ શેખ, રેહાના ઈમરાનખાન ઉર્ફે ચિકનદાનો પઠાણ અને નિગત મોહંમદકામીલ શેખને પકડી પાડી તેઓ વિરૂદ્ધમાં કારેલીબાગ પોલીસ સ્ટેશન ખાતે એનડીપીએસ એક્ટ મુજબ ગુનો રજિસ્ટર કરાવ્યો હતો, જે ગુનાની વધુ તપાસમાં એમડી ડ્રગ્સનો જથ્થો મુંબઈના ડ્રગ્સ સપ્લાયર ફૈઝલ તથા તેના પાર્ટનર સલ્લાઉદ્દીન અલ્લાઉદ્દીન શેખ નામના શખસો પાસેથી ખરીદ કરેલ હોવાની હકિકત બહાર આવી હતી. જેથી આરોપી મોહમદકામીલ મોહંમદકાસીમ શેખને સાથે રાખી મુંબઈ ખાતે તપાસ કરતા આરોપીઓ સોર્સના આધારે બાજ નજર કરી વધુ તપાસ હાથ ધરાઈઠ વોન્ટેડ આરોપીઓ ઉપર ટેકનિકલ અને હ્યુમન સોર્સના આધારે બાજ નજર કરી વધુ તપાસ હાથ ધરવામાં આવેલ. જે તપાસ દરમિયાન વોન્ટેડ આરોપી ડ્રગ્સ સપ્લાયર ફઝલ ઝાફરખાન, રહે. કાપડ ગલી ગીલસાદ હોટલ પાસે માહીમ મુંબઈ, મહારાષ્ટ્ર તથા ડ્રગ્સ ખરીદના નાણા મેળવનાર સલ્લાઉદ્દીન અલાઉદ્દીન શેખ, રહે. ચામુંડા મેડીકલની ગલીની સામે ગ્રાઉંડ ફ્લોર, નયા નગર, માહીમ મુંબઈ,મહારાષ્ટ્રના હોવાની સચોટ માહીતી મળી હતી, જેના આધારે વડોદરા શહેર એસ.ઓ.જી. દ્વારા આરોપીઓને પકડવા માટે પ્રયાસો થઈ રહ્યા હતા.

આરોપીઓના 5ના રીમાન્ડ મેળવવામાં આવ્યા તે દરમિયાન એન.સી.બી. (નાર્કોટીક્સ કન્ટ્રોલ બ્યુરો) મુંબઈ દ્વારા ઉપરોકત બંન્ને આરોપીઓને 2 કરોડની કિંમતના આશરે 1 કિ.ગ્રા.. 4 ગ્રામના એમ.ડી.ડ્રગ્સના જથ્થા સાથે પકડી પાડી નવી મુંબઈ -વાસી પોલીસ સ્ટેશન ખાતે ગુનો રજીસ્ટર કરાવ્યો હતો. ત્યારબાદ કારેલીબાગ પોલીસ સ્ટેશનના ગુનામાં ડ્રગ્સ સપ્લાયર ફઝલ ઝાફરખાન તથા ડ્રગ્સ ખરીદના નાણા મેળવનાર સલ્લાઉદ્દીન અલાઉદ્દીન શેખની ધરપકડ બાકી હોય બંને આરોપીઓ નવી મુંબઈ, જ્યુડીશિયલ કસ્ટડી માંથી ટ્રાન્સફર વોરંટ આધારે મેળવી લાવી ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી કરી વડોદરા શહેર કોર્ટમાં રજુ કરી વધુ તપાસ અર્થે આરોપીઓના 5ના રીમાન્ડ મેળવવામાં આવ્યા છે.

# ભાવનગરમાં છેલ્લા દોઢ માસમાં 2450 પાણીજન્યના કેસ



ભાવનગર | તા.14

ભાવનગર શહેરમાં ચોમાસાની ઋતુમાં રોગચાળો વધ્યો છે અને છેલ્લા દોઢ માસમાં ૨,૪૫૦ પાણીજન્ય રોગ નોંધાતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. આ ઉપરાંત વાહન જન્ય રોગના પણ કેટલાક કેસ નોંધાયા છે. રોગચાળો વધતા મહાપાલિકાના આરોગ્ય કેન્દ્રોએ દર્દીઓની ભીડ જામી રહી છે. ચોમાસાની ઋતુમાં પાણીજન્ય અને વાહક જન્ય રોગો અટકાવવા મહાપાલિકાના આરોગ્ય વિભાગની ટીમે તપાસ હાથ ધરી છે. આરોગ્ય ટીમ દ્વારા ઘરે ઘરે જઈ સર્વેલન્સની કામગીરી કરવામાં આવી હતી અને આરસી ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતાં. શહેરમાં છેલ્લા દોઢ માસમાં એટલે કે ઓગષ્ટ અને ચાલુ સપ્ટેમ્બર માસમાં પાણીજન્ય રોગના ૨,૪૫૦ કેસ નોંધાયા છે, જેમાં ઝાડા, શરદી-ઉધરસ, શંકાસ્પદ ટાઈફોઈડ વગેરેના કેસનો સમાવેશ થાય છે, જ્યારે વાહક જન્ય રોગના ૧૦ કેસ નોંધાયા હતા, જેમાં મેલેરીયાના ૩ અને ડેન્ગ્યુના ૭ કેસનો સમાવેશ થાય છે. ચોમાસાની ઋતુમાં પાણીજન્ય અને વાહક જન્ય રોગો થવાની સંભાવના વધુ હોય છે તેથી આરોગ્ય વિભાગ દ્વારા મોન્સુન એક્ટીવી અંતર્ગત ફીલ્ડમાં ઘરે ઘરે જઈને પાણીજન્ય અને વાહક જન્ય રોગોના નિયંત્રણની કામગીરી કરવામાં આવતી હોય છે.

### DRIએ બે વર્ષ પૂર્વે મુન્દ્રા સેઝમાંથી ઈ-સિગારેટ પકડી હતી

# 230 કરોડની ઈ-સિગારેટ પકડાયા મામલે કચ્છી કિંગપીન સહિતનાને 62 કરોડની પેનલ્ટી

(એજન્સી) ગાંધીધામ | તા. 14



મુન્દ્રા સેઝમાંથી બે વર્ષ પૂર્વે ૨૩૦ કરોડથી વધુના મૂલ્યની ઈ-સિગારેટ સહિતની અનેક ચીજ વસ્તુઓની દાણચોરી કરનારી ગેંગને ૧૮ કન્ગાઈમેન્ટ પૈકી ૧૨ના કેસમાં કસ્ટમ દ્વારા ૬૨ કરોડથી વધુ રકમની પેનલ્ટી સહિત દંડ ફટકારવામાં આવતા જાકુબીના ધંધા કરતા તત્વોમાં સોપો પડી ગયો હતા. જેમની સામે કસ્ટમ દ્વારા કાર્ર્યવાહી કરવામાં આવી છે તેમાં ભુજ અને મુન્દ્રા ઉપરાંત મુંબઈ-ભિવંડીના શખ્સોનો સમાવેશ થાય છે. તો આ આખા કૌભાંડનો સુત્રધાર મૂળ કચ્છનો જ આસિફ સાટી હોવાનું બહાર આવ્યું છે. કસ્ટમના આધિકારિક સુત્રોના જણાવ્યા મુજબ આસિફ સાટી અને તેની ગેંગ દ્વારા ૮ અલગ અલગ પેઢીઓના નામે જુદી જુદી અનેક ચીજ વસ્તુઓની આયાત કરવામાં આવી હતી. આમાંની કેટલીક વસ્તુઓ પ્રતિબંધિત હતી. તો કેટલીક માટે કસ્ટમના કોઈ કાગળિયાં જ કરવામાં આવ્યા ન હતા. જે તે સમયે ડીઆરઆઈને ગંધ આવી જતાં આખા કૌભાંડનો પર્દાફાશ થયો હતો અને ૧૮ કન્ટેનર પકડાયા હતા. ત્યારબાદ સંલગ્નોની ધરપકડ કરવામાં આવી હતી. કારણ દર્શક નોટીસ ફટકારવામાં આવી હતી અને મુન્દ્રા કસ્ટમના કમિશનર કે. એન્જીનીયર દ્વારા ૧૨ કન્ટેનરના મામલે તાજેતરમાં ઓર્ડર કરવામાં આવ્યા હતા. જેમાં ભારે ભરખમ દંડ ફટકારવામાં આવ્યો હતો. આ કેસની વિગત એવી છે કે, મુંબઈમાં હાલે રહેતા આસિફ સાટી અને તેના મળતિયાઓ પૈકી ભુજના મોહમદ તાહિર મેણ, મુન્દ્રાના દિર્ગેશ ધીરજલાલ દેઢિયા (એક્ષેમ્પ્લર ટ્રેડીંગ), મુન્દ્રામાં કલ્પના એક્ઝીમ ચલાવતા બલદેવસિંહ વાળા, મુન્દ્રાના અલ કાર્ગો સર્વિસના સમીર શર્મા, મુન્દ્રાના રોયલ મિનરલ્સના ગૌરવ સહાય, ભુજના જુમા હમીર હાલેપોત્રા, મુન્દ્રા સેઝના પી.ઓ. વિપિન શર્મા, મુંબઈના સરફરાઝ કામાણી અને મોહમદ હનીફ ઈસ્માઈલ કાપડિયા તેમજ ભિવંડીના પરવેઝ આલમ ઉપરાંત શાંઘાઈ-ચીનના હુઆન મિંગ દ્વારા મળીને આખું ષડયંત્ર રચવામાં આવ્યું હતું. કસ્ટમના સુત્રોના જણાવ્યા મુજબ ડીઆરઆઈને ચોક્કસ માહિતી મળી હતી અને તેના આધારે બે વર્ષ પૂર્વે સુરત નજીક જીજે ૧૨ બીવી ૦૬૧૦ નંબરના ટ્રેલરને અટકાવવામાં આવ્યું હતું. શંકાસ્પદ કન્ટેનર સાથેના આ ટ્રેલરને નજીકમાં આવેલા આઈસીડીમાં લઈ જવામાં આવ્યું હતું અને તેનું ચેકિંગ કરતા તેમાંથી પ્રતિબંધિત એવી ઈ-સિગારેટના ૧૦૭ કાર્ટૂન મળી આવ્યા હતા. તુરંત જ આ ટ્રેલર જેનું હતું એ મુન્દ્રાના પ્રિન્સ લોજીસ્ટીકના માલિક છજુરામની પૂછપરછ કરવામાં આવતા તેણે કબુલ્યું હતું કે મુન્દ્રાના જ કલ્પના એક્ઝીમના બલદેવસિંહ વાળાએ ભિવંડી સુધી આ માલ પહોચાડવા માટે ૬ટ્રેલર બુક કરાવ્યા હતા. આ માલ મુન્દ્રા પોર્ટના મે. એમ્પેઝર લોજીસ્ટીકના સેઝ ગોડાઉનમાં પડેલો હતો.

## ભાદરણ-કિંખલોડ રોડ ઉપર બાઈકની ટક્કરે શ્રમિકનું મોત

(એજન્સી) નડિયાદ | તા. 14

ભાદરણ-કિંખલોડ રોડ ઉપર આવેલી ખળી સામે અજાણ્યા મોટરસાયકલ ચાલકે રાહદારીને અડફેટે લીધો હતો. ઈજાગ્રસ્તને બોરસદની હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. આ અંગે ભાદરણ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભાદરણ-કિંખલોડ રોડ ઉપર આવેલી ફુલાભાઈ ગોવિંદભાઈ પટેલની તમાકુની ખળીમાં રહેતા શ્રમિક ગોપાલ મીઠારામ (મૂળ રહે. વાડાભોજા, જિ. ઝાલોર, રાજસ્થાન) ગુરુવારે સાંજે ખળી નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા. ત્યારે પુરઝડપે આવેલા અજાણ્યા વાહનના ચાલકે શ્રમિકને ટક્કર મારતા તેમને માથા અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે સ્થાનિકો એકત્ર થઈ ગયા હતા અને અકસ્માત અંગે ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમને જાણ કરી હતી.

### ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ખાસ ડ્રાઈવ

# આણંદમાં દૂધની બનાવટોના 29 નમૂનાઓ લઈ લેબમાં મોકલાયા

(એજન્સી) આણંદ | તા.14



આણંદ જિલ્લામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ આણંદ, પેટલાદ અને આંકલાવ તાલુકાના વિવિધ વિસ્તારોમાં દૂધ અને દૂધની બનાવટોના ૨૯ નમૂનાઓ લઈ લેબોરેટરીમાં મોકલી આપ્યા છે. જ્યારે ફૂડ સેફ્ટી ઓન વ્હિલ્સ વાન દ્વારા ફરસાણ અને મિઠાઈની ૧૧ દુકાનોમાં તપાસ કરી તકેદારી રાખવા સૂચનાઓ અપાઈ છે. આણંદ જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તહેવારોને અનુલક્ષીને જિલ્લામાં વિવિધ વિસ્તારોમાં દૂધ અને દૂધની વિવિધ બનાવટો તથા ફરસાણની ગુણવત્તાની તપાસણી અર્થે ખાસ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત જિલ્લાના આણંદ, પેટલાદ અને આંકલાવ તાલુકાના વિવિધર વિસ્તારોમાં દૂધ અને દૂધની બનાવટો જેવી કે મીઠો માવો, પનીર, ઘી, પેંડા, શ્રીખંડ, આઈસ્ક્રીમ તથા ફરસાણ વગેરેના ૨૯ નમૂનાઓ એકત્ર કરીને પૃથ્થકરણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. લેબોરેટરીનો રીપોર્ટ બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે. ફૂડ સેફ્ટી ઓન વ્હિલ્સ વાન દ્વારા પણ વિવિધ વિસ્તારોમાંથી ફરસાણ અને મિઠાઈની ૧૧ દુકાનોએ તપાસ હાથ ધરી તમામ વેપારીઓને સેનીટેશન- હાઈઝીન અંગે તથા મીઠાઈના ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાતી રો-મટેરીયલની ગુણવત્તા બાબતે જરૂરી તકેદારી રાખવા સૂચનાઓ અપાઈ હતી.

## વસો તાલુકાના મલીવદર ગામના પદયાત્રિકનું વાહનની અટફેટે મોત

(એજન્સી) પ્રાંતિજ | તા. 14

પ્રાંતિજ તાલુકાના રસુલપુર ચોકડી પાસે અજાણ્યા વાહનની અડફેટે ખેડા જિલ્લાના વસો તાલુકાના મલીવદર ગામના પદયાત્રિનું મોત થયું હતું. રાત્રિ દરમિયાન અજાણ્યો વાહન ચાલક અકસ્માત સર્જીને નાસી છૂટયો હતો. આ મામલે પ્રાંતિજ પોલીસે અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. તા. ૧૨મી સપ્ટેમ્બરની રાત્રે ખેડા જિલ્લાના પદયાત્રિ સંઘ અંબાજી દર્શન કરી ટ્રેકટરમાં પરત આવતા હતા. તે દરમિયાન પ્રાંતિજની રસુલપુર ચોકડી પાસે આવેલા વિસામામાં રાત્રિના દોઢ વાગ્યે વિસામામાં ચા પીવા જતા રોડ ક્રોસ કરતા હતા. તે દરમિયાન અજાણ્યા વાહન ચાલક બેદરકારીથી હંકારી ખેડાના વસોના મલીવદર ગામના પદયાત્રી રાર્યસન પુજાભાઈ ગોહિલને અડફેટે લીધા હતા અને રાર્યસન ગોહિલનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. અકસ્માતને લઈ લોકો દોડી આવ્યા હતા. ૧૦૮ને જાણ કરવામાં આવી હતી.

### વાહનો અને મોબાઈલ સહીત કુલ 12.43 લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો

# ટપ્પર સબ સ્ટેશન ખાતે વાયરની લૂંટ કરનારા સાત શખ્સો ઝડપાયા

(એજન્સી) ગાંધીધામ | તા. 14



અંજાર તાલુકાનાં ટપ્પર ગામની સીમમાં અંકલેશ્વર મહાદેવના મંદિરની પાછળ ટપ્પર સબ સ્ટેશન પાસે લૂંટનો બનાવ બન્યો હતો. જેમાં બોલેરોમાં આવેલા ઈસમોએ સિક્યુરિટી ગાર્ડની હાજરીમાં જ રૂ. ૧૦ લાખના વાયરોની લૂંટ ચલાવી હતી. જે બનાવમાં પૂર્વ કચ્છ એલ સી બી ની ટીમે ગણતરીનાં કલાકોમાં લૂંટ કરનાર ૭ શખ્સોને લૂંટ કરેલા ૫.૧૧ લાખની કિંમતનાં એલ્યુમીનયમ વાયર સાથે ઝડપી પાડયા હતા. જેમાં તેમના પાસે એક બોલેરો અને એક કાર અને ૭ મોબાઈલ ફોન સહીત કુલ ૧૨.૪૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ભદ્રેશ્વર વિદ્યુત પ્રા.લિ. કંપનીના ટપ્પર ગામની સીમમાંથી પસાર થતા વીજ લાઈનના ટાવર નંબર ૧૯૦થી ૧૯૪ સુધીના ૬ હજાર મીટર વાયર કિંમત રૂપિયા ૧૦ લાખની લૂંટ થઇ હતી.જેમાં અજાણ્યા ૬થી ૭ માણસો ટોળકી બનાવી બોલેરો લઈને આવી . જેમને સિક્યોરિટી ગાર્ડના માણસોએ પડકારતા આરોપીઓએ વીજ વાયર કાપવાની કાતર અને પાઈપ જેવા હથિયારો બતાવી સિક્યુરિટી ગાર્ડની પાછળ દોડ લગાવી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી વાયરો લઈને ભાગી ગયા હતા.જેની ફરિયાદ દુધઈ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

જે બનાવમાં પૂર્વ કચ્છ એલ સી બી ની ટીમે બાતમી આધારે અંજારનાં લાખાપર થી ચાંદ્રાણી જતા રોડ પર બોલેરો અને કારમાં લૂંટ કરનાર ૭ શખ્સો ૨૪ વર્ષીય સમીર ઈબ્રાહીમ કુંભાર (રહે. ભીડનાકા ભુજ), મીરખાન જાકુર મમણ, રિયાજ અલ્લારખા ત્રાયા, હાજી રમજુ મમણ, સુલેમાન જાનમામદ મોખા, સુમાર ઈશાક ત્રાયા અને ઈસ્માઈલ જાકુબ મમણ (રહે. તમામ નાના વરનોરા ભુજ)ને લૂંટ કરેલા ૩,૦૧૦ કિલ્લો વીજ વાયર જેની કિંમત રૂ. ૫,૧૧,૭૦૦નાં મુદ્દામાલ સાથે ઝડપી પાડયો હતો. જેમાં પોલીસે તેમના પાસે બે વાહન અને ૭ મોબાઈલ ફોન સહીત કુલ રૂ. ૧૨,૪૩,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કરી લૂંટનો ભેદ ઉકેલી લીધો હતો.

### કાયદો-વ્યવસ્થાની સ્થિતિનું વધુ એક વરવું ચિત્ર

# હોસ્પિ.માં સારવાર આપતા તબિબ પણ અસુરક્ષિતઃ 'હુમલા'ને લઈ IMA ખફા

(એજન્સી) ભાવનગર | તા. 14

સુરક્ષાના દાવાઓ વચ્ચે ભાવનગરમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિનું વધુ એક વરવું ચિત્ર સામે આવ્યું છે. સિહોરમાં આવેલી શ્રેય હોસ્પિટલમાં ગઈકાલે ઈમર્જન્સીમાં સારવાર લેવા આવેલા દર્દીના સગા દ્વારા હુમલો કરાયાની ઘટનાના ઘેરા પ્રત્યાઘાત આજે પડયા છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા સિહોરના તબીબ પર થયેલા હુમલાની ઘટનાને વખોડવામાં આવી છે અને આ ઘટનાના જવાબદાર લોકો સામે ત્વરિત અને કડક કાર્યવાહીની માંગ સાથે આઈએમએ દ્વારા જિલ્લા પોલીસવડાને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.બનાવ અંગેની વિગત એવી છે કે, સિહોરમાં આવેલી શ્રેય હોસ્પિટલના તબીબે ગઈકાલે ઈમર્જન્સી સારવાર લેવા આવેલા એક દર્દીના સગાને ચપ્પલ બહાર ઉતારવાનું કહેતા દર્દીના સગાઓ દ્વારા તબીબ પર હુમલો કરવામાં આવ્યો હતો. આજે આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડયા છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા આ ઘટનાને વખોડીને જિલ્લા પોલીસવડાને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. એસોસિએશન દ્વારા સિહોરમાં તબીબ પર હુમલાની ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી આ ઘટનાના જવાબદાર લાકો સામે પોલીસ દ્વારા ત્વરિત અને કડક કાર્યવાહી કરવામાં આવે તેવી વિનંતી કરવામાં આવી છે.

તબીબો પર અવારનવાર આવા હુમલાઓ થાય છે તેના માટે કેન્દ્ર અને રાજ્ય સરકારને આ બાબતે કાયદો બનાવવામાં આવે તથા વર્ષ-૨૦૧૨માં ગુજરાતમાં ડોક્ટર એક્ટ બનાવવામાં આવ્યો છે તે એક્ટ આ હુમલો કરનાર તત્વો સામે લગાવવામાં આવે અને શાંતિસૂલેહ જળવાય રહે તેવા પગલા લેવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે. આ મુદ્દે આઈએમએ પ્રમુખ વિપુલભાઈ પારેખ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, સિહોરની ઘટના અંગે અમે જિલ્લા પોલીસવડાને અમે રજૂઆત કરી છે.

### શહેરના આનંદનગર નજીક પાટીના કારખાનાનો બનાવ

# પિતા માવો ખાવા ગયા, પરત આવતાં ફાંસો ખાધેલી હાલતમાં પુત્રનો મૃતદેહ જોવા મળ્યો

(એજન્સી) ભાવનગર | તા. 14



શહેરના વીમાના દવાખાના પાસે આવેલા પાટીના કારખાનામાં પિતા-પુત્ર સવારે કામે ગયા હતા. ત્યારે પિતા માવો ખાવા ગયા બાદ પરત આવતા ૧૪ વર્ષના પુત્ર કારખાનાના શૌચાલયમાં ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. ઘટનાના પગલે પોલીસ દોડી ગઈ હતી. ૧૪ વર્ષના કિશોરે જિંદગીનો અંત આણી દેતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

બનાવની જાણ થતાં લોકોના ટોળા એકઠા થયા હતા. કરૂણ ઘટનાની પ્રાપ્ત થતી વિગત અનુસાર શહેરના ખેડૂતવાસ વિસ્તારમાં આવેલ મેલડી માતાની ધાર પાસે રહેતા રામજીભાઈ શાંતિભાઈ ડાભી અને તેમનો પુત્ર જયદીપભાઈ રામજીભાઈ ડાભી (ઉ.વ.૧૪) આજે શુક્રવારે સવારના સમયે આનંદનગર, વીમાના દવાખાના પાસે આવેલ પાટીના કારખાનામાં સાથે કામે ગયા હતા. દરમિયાનમાં રામજીભાઈ ડાભી માવો ખાવા માટે કારખાનેથી થોડો સમય બહાર ગયા હતા અને માવા ખાઈને પરત આવતા પુત્ર જયદીપ કારખાનામાં હાજર મળી ન આવતા પિતાએ ચિંતાતૂર થઈ આસપાસના વિસ્તારમાં પુત્રની થોડો સમય શોધખોળ કરી હતી. તેમ છતાં પુત્રનો કોઈ પતો ન લાગ્યો ન હતો. ત્યારબાદ કારખાનામાં આવેલા શૌચાલયમાં પુત્ર જયદીપે કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લીધો હોવાનું માલૂમ થતાં રામજીભાઈએ શૌચાલયનું બારણું તોડી જોતા લાડકવાયો મૃત હાલતમાં મળી આવ્યો હતો. ૧૪ વર્ષીય કિશોરે આત્મહત્યા કરી લીધી હોવાની જાણ થતાં ઘોઘારોડ પોલીસનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી, નિવેદનો નોંધી મૃતદેહને પોસ્ટમાર્ટમ માટે હોસ્પિટલ ખસેડયો હતો. આ બનાવ અંગે ઘોઘારોડ પોલીસે હાલ અકસ્માતે મોતની એન્ટ્રી કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે મૃતકના પિતાએ જણાવ્યું હતું કે, તેમનો પુત્ર ગુમ થતાં શોધખોળ હાથ ધર્યા બાદ તેમણે જ શૌચાલયમાંથી મૃતદેહ બહાર કાઢ્યો હતો અને પોલીસને જાણ કરી હતી. પુત્રે શા કારણથી અંતિમ પગલું ભર્યું તે અંગે પોતે કે તેમના પરિવારના સભ્યો અજાણ હોવાનું રામજીભાઈએ ઉમેર્યું હતું.


## આણંદના નવા બસમથકે વિદ્યાર્થી સંગઠનનું બસ રોકો આંદોલન

આણંદ | આણંદના નવા બસ મથકે છેલ્લા કેટલાક સમયથી વિવિધ રૂટોની એસટી બસો અનિયમિત હોવાની ફરિયાદો ઉઠી છે. આ અંગે અનેક રજૂઆતો છતાં એસટી વિભાગ દ્વારા કોઈ પગલાં લેવામાં ન આવતા હોવાના આક્ષેપ સાથે એબીવીપી કાર્યકરોએ ધરણા કરી બસ રોકો આંદોલન કર્યું હતું. જેને લઈ પોલીસ દોડી આવી હતી અને ધરણા કરી રહેલા કાર્યકરોની અટકાયત કરી હતી. આણંદમાં કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં બસોની અનિયમિતતાને લઈ વિદ્યાર્થીઓ સહિતના મુસાફરોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આ અંગે એસટી વિભાગના અધિકારીઓને અવાર નવાર રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો ન હોવાના આક્ષેપ ઉઠયા છે. આણંદમાં કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં બસોની અનિયમિતતાને લઈ વિદ્યાર્થીઓ સહિતના મુસાફરોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે આણંદના નવા બસ મથક ખાતે શુક્રવારે એબીવીપીના કાર્યકરો સહિતના મુસાફરોએ હોબાળો કર્યો હતો. તેમજ વિદ્યાર્થીઓના પ્રશ્નોને લઈ રામધૂન બોલાવી બસ સ્ટેશન ખાતે ધરણા કર્યા હતા. તેમજ એસટી બસો અટકાવી દેતા શહેર પોલીસ બસ મથકે દોડી ગઈ હતી. જ્યાં ધરણા પર ઉતરેલા કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી. જોકે, બાદમાં તેમને જામીન ઉપર છોડી મૂકવામાં આવ્યા હતા.


## માંઘરોલીમાં ગેરકાયદે વૃક્ષો વેચનાર સરપંચને હોદ્દા પરથી દૂર કરાયાં

નડિયાદ | નડિયાદ તાલુકાના માંઘરોલી ગામે સરપંચે મંજૂરી વિના ગેરકાયદે વૃક્ષો વેચી દીધા હોવાની ખેડા જિલ્લા અધિકારીને ફરિયાદ કરવામાં આવી હતી. જે અંગે તપાસના આધારે ડીડીઓએ મહિલા સરપંચને હોદ્દા પરથી દૂર કરવા હુકમ કર્યો છે. માંઘરોલી ગામના સરપંચ રીટાબેન સોલંકીના સ્થાને તેમના પતિ કીરણસિંહ સરપંચ તરીકેનો વહીવટ કરતા હોવાના અને સરપંચના પતિના અધ્યક્ષસ્થાને જ ગ્રામસભા યોજાતી હોવાના તથા મંજૂરી વિના વધુ વૃક્ષો કાપીને વેચી નાખ્યા હોવાના આક્ષેપ સાથે ગામના રહિશ મોતીસિંહ ચૌહાણ દ્વારા જિલ્લા વિકાસ અધિકારી સહિત ઉચ્ચકક્ષાએ ફરિયાદ કરવામાં આવી હતી. આ અંગે તંત્ર દ્વારા તપાસ કરતા સરપંચ દ્વારા ગામમાં ૧૧ સ્થળે ૧૮૨ વૃક્ષો કાપવાની મંજૂરી મળી હતી. જે પૈકી પાંચ સ્થળે હરાજી પ્રક્રિયા થઈ હતી, જેમાં ૫૦થી વધુ વૃક્ષ કપાયા છે. જ્યારે અંધારીવાળા રોડ ઉપર ૩૦ વૃક્ષ કાપવાની પરવાનગી અપાઈ હતી, જેમાં હરાજીની પ્રક્રિયા બાકી હોવા છતાં વૃક્ષો કાપી નાખવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. આ અંગે સરપંચને નોટિસો પાઠવી ખુલાસો માંગવામાં આવ્યો હતો. જે અંગે સરપંચ યોગ્ય ખુલાસો કરી શક્યા ન હતાં.જેથી ડીડીઓ એસ.ડી. વસાવાએ સરપંચને હોદ્દા પરથી તાત્કાલિક દૂર કરવા હુકમ કર્યો છે.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
તમે ક્યારેય કાર્યક્ષેત્રમાં થતાં ફેરફારોથી ડરતા નથી. પરંતુ, આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે. હિંમત ના છોડવી વધારે સારું રહેશે.




**વૃષભ (બ,વ,ઉ)**
લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે. આ ઉપરાંત સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રે આજનો દિવસ તમારા માટે લાભકારક રહેશે.




**મિથુન (ક,છ,ઘ)**
આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે. બીજી તરફ તમારા કાર્યસ્થળમાં પણ કામનું દબાણ વધારે રહેશે.




**કર્ક (ડ,હ)**
તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો. જે તમને નુકસાન પહોંચાડી શકે છે. સખત મહેનત કરવી.




**સિંહ (મ,ટ)**
આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા જ તે છોડી શકો છો. જો તમે આવી સમસ્યાઓ ઉકેલશો નહીં તો તમે ક્યારેય પ્રગતિ કરી શકશો નહીં.




**કન્યા (પ,ઠ,ણ)**
સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે, જેની સાથે તમને જીવનમાં સફળતા મળી શકે છે.




**તુલા (ર,ત)**
તમારા પ્રયત્નો રંગ લાવી રહ્યા છે. આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને તમે તેમની બધી ભૂલોને માફ કરવા માટે તૈયાર છો.




**વૃશ્ચિક (ન,ય)**
આજે તમે તમારા મિત્રો અને પ્રિયજનો માટે ખૂબ ચિંતા કરી શકો છો. તમારું કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને તમારો કિંમતી સમય બગાડો છો. આ ટેવ છોડો.




**ધન (ભ,ધ,ફ)**
આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.



**મકર (ખ,જ)**
તમારું મન સંત સાથેની મુલાકાતથી ખુશ રહેશે. તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. આની મદદથી તમે ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો.



**કુંભ (ગ,શ,સ)**
આજે ભાવનાત્મક અને લાગણી સંબંધિત કેટલીક બાબતો સામે આવશે. પરંતુ જો તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરુણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ)**
આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે. માતા-પિતા સાથે સારો સમય પસાર કરો.

# સ્વિસ બેન્કોએ અદાણીના 'મ્હોરા'ના રૂ. 2,600 કરોડ જપ્ત કર્યા

(એજન્સી) મુંબઇ | તા 14

હિન્ડનબર્ગે ફરીથી અદાણી સામે સનસનાટીપૂર્ણ આક્ષેપ કર્યા છે. તેણે સ્વિસ મીડિયા આઉટલેટ ગોથમ સિટીને ટાંકીને જણાવ્યું છે કે સ્વિસ બેન્કોમાં અદાણીના રૂ. 2600 કરોડ ફ્રીઝ કરવામાં આવ્યા હતા. 2021માં મની લોન્ડરિંગ અને સિક્યોરિટીઝ ફોર્જરીની તપાસમાં સ્વિસ બેન્કોમાં અદાણી જૂથના અનેક ખાતા ફ્રીઝ કરવામાં આવ્યા હતા. અદાણી જૂથે હિન્ડનબર્ગના આરોપોને નકારી કાઢ્યા છે. સ્વિસ કોર્ટોએ તેના નામ ઓળખી બતાવ્યા નથી. ફાઈનાન્સિયલ ટાઈમ્સ (એફટી)નું કહેવું છે કે કોર્ટ દ્વારા વર્ણવવામાં આવેલા પક્ષકારો જેનો હિન્ડનબર્ગ ડોઝિયરે રેફરન્સ ટાંક્યો છે અને તેના પગલે એફટી દ્વારા કરવામાં આવેલું રિપોર્ટિંગ તે વાતને સમર્થન આપે છે કે અદાણી અને તેના ફ્રન્ટમેન તાઈવાનીઝ ઉદ્યોગપતિ ચાંગ ચુંગ લિંગ તેમા હતા. હિન્ડનબર્ગે સોશિયલ મીડિયા પર તેની પોસ્ટમાં જણાવ્યું હતું કે વકીલોએ જણાવ્યું છે કે અદાણીના ફ્રન્ટમેને કેવી રીતે બ્રિટિશન વર્જિન આઈલેન્ડ્સ (બીવીઆઈ) અને મોરિશિયસ અને બર્મ્યુડાના



અપારદર્શી ફંડ્સમાં કેવી રીતે રોકાણ કર્યુ છે. આ ફંડ્સ મુખ્યત્વે અદાણીના શેરોની એક્સ્લુઝિવ માલિકી ધરાવે છે. સ્વિસ મીડિયા આઉટલેટ ગોથમ સિટીએ સ્વિસ ક્રિમિનલ કોર્ટને ટાંકીને જણાવ્યું છે. અદાણી ગ્રુપના પ્રવક્તાએ આ અહેવાલને નકારીને તેને પાયા વગરના ગણાવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે અદાણી જૂથ સ્વિસ કોર્ટની કોઈપણ પ્રકારની પ્રક્રિયા સાથે સંકળાયેલું નથી. તેની પાસે એવા કોઈ એકાઉન્ટ્સ નથી જેને સત્તાવાળાઓએ જપ્ત કર્યા હોય. સ્વિસ કોર્ટે તેના આદેશમાં ક્યાંય અમારી કંપનીઓનું કે ગૂરપનું નામ દર્શાવ્યું નથી.અમને કોઈપણ સત્તાવાળા કે રેગ્યુલેટરી બોડી તરફથી કોઈપણ નોટિસ મળી નથી. અમારી વિદેશી હોલ્ડિંગ માળખું પણ પારદર્શક છે, સંપૂર્ણપણે જાહેર છે અને કાયદા મુજબનું છે. ગોથમ સિટીના રિપોર્ટ મુજબ ફેડરલ ક્રિમિનલ કોર્ટનો ચુકાદો દર્શાવે છે કે હિન્ડનબર્ગે આરોપ કર્યો તે પહેલા ઘણા સમયથી જિનિવાની પબ્લિક પ્રોસીક્યુટર્સ ઓફિસ અદાણીએ કરેલી ઉચાપતની તપાસ કરતી હતી. અબજપતિ અદાણીના ફ્રન્ટમેન મનાતા વ્યક્તિના પાંચ સ્વિસ ખાતામાં 31 કરોડ ડોલરની રકમ ફ્રીઝ કરવામાં આવી હતી.આ કેસ અખબારમાં આવ્યા પછી પબ્લિક પ્રોસીક્યુટર્સ ઓફિસ ઓફ કન્ફેડરેશને તેની તપાસ શરૂ કરી હતી. કોર્ટના દસ્તાવેજ મુજબ ફ્રીઝ એટલે કે જપ્ત કરેલું ભંડોળ છૂટું કરવા માટે એ લિમિટેડે કેસ ફાઈલ કર્યો હતો. સ્વિસ તપાસકારોને શંકા છે કે ચાંગ-ચુંગ લિંગ છેલ્લો લાભાર્થી નથી, પણ વાસ્તવમાં એક ફ્રન્ટમેન છે.આ ઉપરાંત બીજું નામ સાઉદીના નાસીર અલી શાબાન અહલીનું ઉછળ્યું છે. તે અને તાઈવાનીઝ-ચાઈનીઝ નાગરિક ચાંગ-ચુંગને પબ્લિક ઈન્વેસ્ટર્સ તરીકે દર્શાવવામાં આવ્યા છે. વાસ્તવમાં તેઓ અદાણીના ઈન્સાઈડર છે અને તે ભારતીય કાયદાનો ભંગ છે. હિન્ડનબર્ગે તેના અહેવાલમાં આરોપ મૂક્યો છે કે વિનોદ અદાણી કે ગૌતમ અદાણી સાથે સંલગ્ન શેલ કંપનીઓનો ઉપયોક સ્ટોક પાર્કિંગ માટે કે અદાણીના હિસાબોમાં એન્જિનીયરિંગ કરવા માટે ઉપયોગ થાય છે. તેના આવા 38 એકમો મોરેશિયસ, સાઈપ્રસ, સિંગાપોર અને વિવિધ કેરેબિયન ટાપુમાં આવ્યા છે.

# ઓકટોબરથી નવા નિયમ લાગુ થતા પહેલા કંપનીઓ દ્વારા બાયબેક માટે ધસારો

(એજન્સી) મુંબઇ | તા 14

ઓકટોબરથી બાયબેક માટે નવો નિયમ લાગુ થાય તે પહેલા કંપનીઓ દ્વારા ઈક્વિટી બાયબેક માટે ધસારો જોવા મળી રહ્યો છે. બજેટ બાદના બે મહિનામાં અંદાજે 27 જેટલી કંપનીઓએ બાયબેકની યોજના જાહેર કરી હોવાનું એક રિપોર્ટમાં જણાવાયું હતું. 2024 ના પ્રથમ સાત મહિનામાં 21 બાયબેકની જાહેરાત થઈ હતી. 1લી ઓકટોબરથી નવા ટેકસેસન નિયમ લાગુ થાય તે પહેલા બીજી અન્ય કંપનીઓ પણ બાયબેકની જાહેરાત કરશે તેવી શકયતા જોવાઈ રહી છે. નિયમ પ્રમાણે કંપનીઓએ 1લી ઓકટોબર પહેલા બાયબેકની પ્રક્રિયા શરૂ કરી દેવાની રહેશે નહીં કે તે સમાપ્ત કરી દેવાની.

1લી ઓકટોબરથી બાયબેકના કિસ્સામાં શેરધારકોએ ટેકસની



ચૂકવણી કરવાની રહેશે જે રીતે હાલમાં ડિવિડન્ડસની આવક પર લેવામાં આવે છે. હાલમાં બાયબેકમાં કંપનીઓ વીસ ટકા ટેકસને પાત્ર રહે છે, અને રોકાણકારો ટેકસ ચૂકવતા નથી. વર્તમાન કેલેન્ડર વર્ષમાં અત્યારસુધીમાં 48 ઈક્વિટી બાયબેક જોવા મળ્યા છે જે 2023ને સમકક્ષ છે. રોકડથી સમૃદ્ધ આઈટી કંપનીઓની ગેરહાજરીમાં નાણાંની દ્રષ્ટિએ બાયબેકનું કદ ગયા વર્ષની સરખામણીએ નીચું છે. ડિવિડન્ડસ તથા બાયબેકસ માટે વેરા સારવારમાં તફાવત દૂર કરવાના હેતુ સાથે ટેકસેસન નિયમમાં બદલાવ કરાયો છે.

## NEWS BRIEF

### TCSના 40 હજાર કર્મચારીઓને આવકવેરા વિભાગની નોટિસ

મુંબઈ। દેશની અગ્રણી IT કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસમાં કામ કરનારાઓને ફરી એકવાર મોટો ફટકો પડ્યો છે. વાસ્તવમાં આવકવેરા વિભાગ દ્વારા કંપનીના 40 હજાર કર્મચારીઓને ડિમાન્ડ નોટિસ મોકલવામાં આવી છે. નોટિસ અનુસાર, કર્મચારીઓને TDS ભરવા માટે કહેવામાં આવ્યું છે. કંપનીના 40 હજાર કર્મચારીઓને ટેક્સ ડિમાન્ડની નોટિસે સૌને ચોંકાવી દીધા છે. વિભાગ દ્વારા કંપનીના કર્મચારીઓ પાસેથી માંગવામાં આવેલા ટેક્સને કારણે તેઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. નોટિસમાં 50 હજારથી લઈને 1 લાખ રૂપિયા સુધીની માંગણી કરવામાં આવી છે. ટેક્સનો આંકડો કર્મચારીની વરિષ્ઠતા અને પગાર પર આધારિત છે. સોફ્ટવેરની સમસ્યાને કારણે, ઈન્કમ ટેક્સ પોર્ટલ પર TDS ક્લેમ અપડેટ કરી શકાયો નથી. TCSએ તેના કર્મચારીઓને હાલમાં કોઈપણ પ્રકારનો ટેક્સ ન ભરવા જણાવ્યું છે. આ ટેક્સ સંબંધિત નોટિસ 9 સપ્ટેમ્બરે TCS કર્મચારીઓને મોકલવામાં આવી છે. કલમ 143(1) હેઠળ જારી કરાયેલી નોટિસમાં એવું કહેવામાં આવ્યું હતું કે નાણાકીય વર્ષ 2024ના માર્ચ ક્વાર્ટર માટે કરદાતા દ્વારા ચૂકવવામાં આવેલી સંપૂર્ણ રકમનો કોઈ રેકોર્ડ નથી. CA હિમાંક સિંગલાએ ટ્વિટર પર લખ્યું છે કે ઘણા TCS કર્મચારીઓને આવકવેરા વિભાગ તરફથી એસેસમેન્ટ વર્ષ 2024-25 માટે ટેક્સ ડિમાન્ડ અંગે નોટિસ મળી છે.

### મહિલાઓના નેતૃત્વથી અસંભવ પણ સંભવ બને છે: ઈશા અંબાણી

મુંબઈ । રિલાયન્સ ફાઉન્ડેશન અને વાઈટલ વોઈસીસ 2024-2025 વિમેનલીડર્સ ઈન્ડિયા ફેલોશીપ માટે 50 અસાધારણ મહિલાઓની પસંદગીની ઘોષણા કરતા રોમાંચ અનુભવે છે. સામાજિક અગ્રણીઓ અને સામાજિક ઉદ્યમશીલો તરીકે સમાજ અને પોતાના સમુદાયોમાં પરિવર્તન લાવવાની સઘન પ્રતિબધ્ધતા ધરાવનારી મહિલાઓની ફેલોશીપના આ દ્વિતીય ચરણ માટે પસંદગી કરાઈ છે. ભારત 2023માં જી20નું અધ્યક્ષ બન્યું તે સમયે પહેલીવાર ફોકસ મહિલાઓના વિકાસથી ખસીને મહિલાના નેતૃત્વમાં વિકાસ તરફ લઈ જવામાં આવ્યું હતું. ભારતનો સહિયારો તેમજ અફર સમર્પણભાવ જ જી20 નવી દિલ્હી લીડર્સ ઘોષણાપત્રમાં વ્યક્ત કરાયેલા 'જાતિય સમાનતા અને તમામ મહિલાઓ-કન્યાઓના સશક્તિકરણ'ના નિશ્ચયને સાકાર કરશે. હવે આ વિઝનના ભાગરૂપે, વિમેનલીડર્સ ઈન્ડિયા ફેલોશીપ દ્વારા સામાજિક ક્ષેત્રની લીડર્સ અને સામાજિક ઉદ્યમશીલ મહિલાઓમાંથી પ્રતિભાવાન વિમેનલીડર્સ માટે લીડરશીપના ગુણો કેળવવાની તકોનું સર્જન કરાશે. વિમેનલીડર્સ ઈન્ડિયા ફેલોશીપ 2024-2025માં દરેક ફેલોને ભારતના તેમજ વિશ્વભરના નિષ્ણાતો સાથે જોડાઈને કાંઈક શીખવાની તક પ્રાપ્ત થઈ હતી.

### 99 દિવસની મંદી બાદ PSU બેંકોના શેરમાં આ મહિનાથી આવશે ઉછાળો

મુંબઇ | PSU બેંકોમાં મંદી લોકસભા ચૂંટણીના દિવસથી શરૂ થઈ હતી. ત્યારથી સ્ટોમાં વધારો જોવા મળ્યો નથી, હવે ઈન્ડિકેટર દર્શાવે છે કે સ્ટોકમાં વધારો આવી શકે છે, જો નફો કમાવવાની ઈચ્છા હોય તો રોકાણ કરી શકાય છે, જો કે સ્ટોકમાં વધારો થઈ શકે છે. PSU બેંકનું પૂરું નામ 'પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ બેંક' છે. આ તે બેંકો છે જેમાં સરકારનો હિસ્સો છે. ભારતમાં PSU બેંકો સામાન્ય રીતે સરકારની માલિકીની હોય છે અને સરકાર તેમના શેરોમાં બહુમતી હિસ્સો ધરાવે છે. આ બેંકોનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજના વિવિધ વર્ગોને નાણાકીય સેવાઓ પૂરી પાડવાનો અને દેશના આર્થિક વિકાસમાં ફાળો આપવાનો છે. Indicators સ્પષ્ટપણે તેમના વધારાના સંકેત આપી રહ્યા છે. પરંતુ ત્યાં માત્ર એક અવરોધ છે. જો TSI લાઈનને પાર કર્યા પછી PSU બેન્ક ઈન્ડેક્સ ઉપર જાય છે, તો તે મોટી તેજી આપશે. PSU બેન્ક ઈન્ડેક્સ સપ્ટેમ્બરના અંત સુધીમાં ટ્રેન્ડમાં આવી શકે છે. PSU બેંક ચાર્ટ પર Rise from bottom ની સ્થિતિ જે છેલ્લા 03મી જુન 2024ના રોજ રચાઈ હતી, એટલે કે, હવે તે નીચેથી પાછું ઉપર આવવાનું શરૂ થઈ શકે છે. PSU બેંકની વાત કરીએ તો સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI), પંજાબ નેશનલ બેંક (PNB), અને બેંક ઓફ બરોડા (BoB) એ કેટલીક મોટી PSU બેંકોના ઉદાહરણો છે.

# કોમર્શિયલ રિઅલ એસ્ટેટ ક્ષેત્રને બેન્કોની જંગી લોન સામે રિઝર્વ બેન્કની ચેતવણી

(એજન્સી) મુંબઇ | તા 14

મોટા કોમર્શિયલ રિઅલ એસ્ટેટ ક્ષેત્રને જંગી એકસપોઝર સાથેની બેન્કો માટે રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે ચિંતા વ્યકત કરી છે અને શોર્ટસેલરો માટે આ બેન્કો ટાર્ગેટ બની શકે છે, તેવી તેમણે ચેતવણી પણ ઉચ્ચારી છે. કોમર્શિયલ રિઅલ એસ્ટેટની લોન્સમાં અપેક્ષિત તથા અનપેક્ષિત નુકસાની માટે બેન્કોએ ઊંચી સંવેદનશીલતા દર્શાવી છે. લોન બુકસમાં કોમર્શિયલ રિઅલ એસ્ટેટની લોન્સના ઊંચા પ્રમાણને ધ્યાનમાં રાખી બેન્કોની આ સંવેદનશીલતા આવી પડી છે. સિંગાપુર



ખાતે બ્રેટન વુડસ કમિટિના ફ્યુચર ઓફ ફાઈનાન્સ ફોરમને સંબોધતા તેમણે આમ જણાવ્યું હતું.

મોટા કોમર્શિયલ રિઅલ એસ્ટેટ ક્ષેત્રને જંગી એકસપોઝર સાથેની બેન્કોને શોર્ટ સેલરો દ્વારા ટાર્ગેટના કિસ્સામાં કદાચ લિક્વિડિટીની ખેંચનો અનુભવ કરવો પડી શકે છે અને રોકાણકારોનો વિશ્વાસ વધુ ડગમગી જશે. સાવચેતી અને નબળાઈ આવે તે પહેલા જ નિયમનકારી પગલાં થકી બેન્કોની બેલેન્સશીટસ પરના જોખમ ટાળી શકાશે અને સ્થિરતા જાળવી શકાશે. ભારકની બેન્કો કોમર્શિયલ રિઅલ એસ્ટેટ ક્ષેત્રને ફરીથી ધિરાણ વધારી રહી છે જે બજારમાં તેમનો વિશ્વાસ પ્રસ્થાપિત થયાનું સૂચવે છે. માર્ચ, ૨૦૨૪ના અંતે શિડ્યૂલ્ડ કમર્સિઅલ બેન્કોનો કમર્સિઅલ રિઅલ એસ્ટેટ પોર્ટફોલિઓ ૨૨.૯૪ ટકા વધી રૂપિયા ૩.૯૬ લાખ કરોડ પર પહોંચી ગયો હતો.અગાઉના વર્ષોની સરખામણીએ આ નોંધપાત્ર વધારો છે. દરમિયાન ભારત ૭.૫૦ ટકાથી પણ વધુ આર્થિક વિકાસ દર સિદ્ધ કરવાની ક્ષમતા ધરાવતું હોવાનો દાસે વિશ્વાસ વ્યકત કર્યો હતો. વર્તમાન નાણાં વર્ષનો વિકાસ દર ૭.૨૦ ટકા રહેવાની રિઝર્વ બેન્કની અપેક્ષા છે. વિકાસ સામેના જોખમો સમતુલિત થયા છે. મજબૂત બૃહદ્ આર્થિક ફન્ડામેન્ટલ્સના ટેકા સાથે આ સમતુલા જળવાઈ છે. ખાનગી ઉપભોગ અને ઈન્વેસ્ટમેન્ટ મુખ્ય પરિબળો છે.

# આર્કેડ ડેવલપર્સે આઈપીઓ પહેલા એન્કર ઇન્વેસ્ટર્સ પાસેથી રૂ. 122.40 કરોડ એકત્ર કર્યાં

(એજન્સી) મુંબઇ | તા 14

રિયાલ્ટી કંપની આર્કેડ ડેવલપર્સે તેના પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ) પહેલાં એન્કર ઈન્વેસ્ટર્સ પાસેથી રૂ. 122.40 કરોડ એકત્ર કર્યાં છે. કંપનીએ તેના રૂ. 410 કરોડના આઈપીઓ માટે પ્રતિ શેર રૂ. 121-128નો પ્રાઈઝ બેન્ડ નિર્ધારિત કર્યો છે. આઈપીઓ સબસ્ક્રિપ્શાન માટે 16 સપ્ટેમ્બરના રોજ ખૂલશે અને 19 સપ્ટેમ્બરે બંધ થશે. નિયામકીય ફાઈલિંગ મૂજબ કંપનીએ પ્રતિ શેર રૂ. 128 ઉપર એન્કર ઈન્વેસ્ટર્સને 95,62,500 શેર્સ ઈશ્યૂ કર્યાં છે, જેનું મૂલ્ય રૂ. 122.40 કરોડ થવા પામે છે. આ રોકાણકારોમાં બીએનપી પારિબા ફાઈનાન્સિયલ માર્કેટ્સ - ઓડીઆઇ, સોસિયેટ જનરલ-ઓડીઆઇ અને સેંટ કેપિટલ ફંડ સામેલ છે. આઈપીઓમાં રૂ. 410 કરોડના ઈક્વિટી શેર્સનો ફ્રેશ ઈશ્યૂ છે અને તેમાં ઓફર-ફોર-સેલ (ઓએફએસ) સામેલ નથી. આઈપીઓમાંથી ઊભા કરાયેલો ભંડોળનો ઉપયોગ કંપનીના હાલ કાર્યરત પ્રોજેક્ટ્સના વિકાસ, ભાવિ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સના હસ્તાંતરણ અને કોર્પોરેટના સામાન્ય હેતુઓ માટે કરાશે. કંપનીએ કહ્યું હતું કે તેના ઈશ્યૂનો અડધો હિસ્સો ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ માટે, 35 ટકા રિટેઈલ રોકાણકારો અને બાકીનો 15 ટકા હિસ્સો નોન-ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સ માટે અનામત છે. રોકાણકારો લઘુત્તમ 110 શેર્સ અને ત્યારબાદ તેના ગુણાંકમાં બીડ કરી શકે છે.

# ઈનોવેશન અને ડિજિટલ પરિવર્તન લાવવા HDFC સિક્યોરિટીઝે બેંગલુરુમાં ટેકનોલોજી સેન્ટરનું ઉદઘાટન કર્યું

(એજન્સી) બેંગલુરુ । તા. 14

અગ્રણી સ્ટોક બ્રોકિંગ કંપની અને એચડીએફસી બેંકની સંપૂર્ણ માલિકીની પેટાકંપની, એચડીએફસી સિક્યોરિટીઝ લિમિટેડે તેના નવા ટેકનોલોજી સેન્ટરના ઉદ્ઘાટન સાથે બેંગલુરુમાં પોતાનું નેટવર્ક વધારવાની જાહેરાત કરી. ભારતના સિલિકોન વેલીમાં સ્થાપિત કરવામાં આવેલ આ નવું કેન્દ્ર, એચડીએફસી સિક્યોરિટીઝની તેની ટેક-ક્ષમતાઓ બેહતર બનવવા, નવીનતા લાવવા અને દેશભરમાં તેના ગ્રાહકો માટે રોકાણ કરવું સરળ અને અનુકૂળ બનાવવા સાથે ઉત્કૃષ્ટ ઉત્પાદનો અને સેવાઓ પ્રદાન કરવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ ઉદ્ઘાટન પર ટિપ્પણી કરતાં, એચડીએફસી સિક્યોરિટીઝના વહીવટી નિયામક અને મુખ્ય કાર્યકારી અધિકારી, ધીરજ રેલ્લીએ જણાવ્યું હતું કે, "વિશ્વસનીયતા, ડિજિટલ ઈનોવેશન અને ગ્રાહક-કેન્દ્રિત અભિગમ પર અમારું ધ્યાન કેન્દ્રિત કરવાથી અમે સમગ્ર દેશમાં વધતા જતા વિવિધ રોકાણકારોને સેવા આપવા સક્ષમ બન્યા છીએ. મને વિશ્વાસ છે કે અમારું ટેક્નોલોજી સેન્ટર ઈનોવેશનના મુખ્ય કેન્દ્ર તરીકે કાર્ય કરશે અને સોફ્ટવેર ડેવલપમેન્ટ, ડેટા એનાલિટિક્સ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી સહિત વિવિધ ક્ષેત્રોના અનુભવી વ્યાવસાયિકોની ટીમને એકસાથે લાવશે. વધુમાં, એચડીએફસી સિક્યોરિટીઝના સીઓઓ અને સીડીઓ સંદીપ ભારદ્વાજે કહ્યું કે, "આ ટેક્નોલોજી સેન્ટર હાઈ પર્ફોર્મિંગ કમ્પ્યુટિંગ ક્લસ્ટર, અત્યાધુનિક ડેટા એનાલિટિક્સ અને જોખમ વ્યવસ્થાપન માટે નવીનતમ પ્રણાલીઓ પ્રદાન કરવા માટે તૈયાર કરવામાં આવેલ છે.

# દેશમાં પાંચ મહિનામાં ઈલેક્ટ્રીક વાહનના 7.99 લાખ યુનિટનું વેચાણ

(એજન્સી) મુંબઇ । તા. 14

ભારતમાં ઈલેક્ટ્રિક વ્હિકલના (ઈવી) બજારમાં હાલના વર્ષોમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે, જેના મુખ્ય પરિબળો છે સરકારી પ્રોત્સાહનો, વધતી જાગરૂકતા અને ઈવી ટેક્નોલોજીમાં પ્રગતિનું સંયોજન. છેલ્લા ત્રણ વર્ષનો સેલ્સ ડેટા, સતત વૃદ્ધિ સાથે આ વલણને પ્રતિબિંબિત કરે છે. ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિયેશન (ફાડા) અનુસાર, ઈલેક્ટ્રિક પેસેન્જર વાહનોનો વાર્ષિક બજાર હિસ્સો, માર્ચ 2022માં 1.3%ની સરખામણીમાં માર્ચ 2023માં બમણો થઈને 2.6% થયો છે. 2023-24માં, ઈલેક્ટ્રિક પેસેન્જર વાહનોનું એકંદર વેચાણ, નાણાંકીય વર્ષ 2023માં વેચાયેલા 47,551 યુનિટની સરખામણીમાં 91% જેટલો વધીને 90,996 યુનિટ થયું હતું. નાણાંકીય વર્ષ 2024ના પાંચ મહિનામાં જ, ઈવી રિટેલ સેલ્સ



7,99,000 યુનિટ્સ પર પહોંચી ગયું છે. તેમ જસ્ટડાયલે ઈવી સંબંધિત શ્રેણીઓ માટે સર્ચ કરેલા ડેટાનું વિશ્લેષણ દર્શાવે છે. આ ડેટા જાન્યુઆરી 2022થી ઓગસ્ટ 2024 સુધીની સમયના છે. જાન્યુઆરી-ઓગસ્ટ 2022થી 2023માં સમાન સમયગાળા દરમિયાન, પ્લેટફોર્મે ઈલેક્ટ્રિક વાહનો સંબંધિત સર્ચમાં ૨૨૦%નો દેશવ્યાપી વધારો થયો હતો. મેટ્રો શહેરોમાં, આ વૃદ્ધિ વધુ સ્પષ્ટ હતી, જે 233% સુધી પહોંચી હતી, જ્યારે નોન-મેટ્રો વિસ્તારોમાં, તે 187% હતી. હૈદરાબાદ જેવા મેટ્રો શહેરોમાં સૌથી વધુ વૃદ્ધિ જોવા મળી હતી, જેમાં સર્ચ તેમના અગાઉના સ્તર કરતાં 8 ગણી વધી હતી, જ્યારે અમદાવાદ, બેંગ્લોર અને જયપુરમાં સર્ચ અનુક્રમે 3, 2 અને 2 ગણી વધી હતી. (જાન્યુઆરી-ઓગસ્ટ 2022 વિ. જાન્યુઆરી-ઓગસ્ટ 2023). મુંબઈ, દિલ્હી અને કોલકાતાએ પણ અનુક્રમે 179%, 166% અને 117% નો નોંધપાત્ર વધારો દર્શાવ્યો હતો. જો કે, જાન્યુઆરી 2023થી ઓગસ્ટ 2024 સુધી, આ વલણમાં પરિવર્તન જોવા મળ્યું, જ્યાં નોન-મેટ્રો શહેરોમાં મેટ્રો શહેરોની 71% વૃદ્ધિની તુલનામાં 141%નો વધારો જોવા મળ્યો. 379%ના અદભુત વધારા સાથે ઈન્દોર ચાર્ટમાં સૌથી ઉપર છે, જેના પછી ચાર્ટમાં પટના (230%) અને સુરત (143%) જોવા મળે છે. ચેન્નાઈ (368%) અને કોલકાતા (114%) જેવા મેટ્રો શહેરોમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી હતી, જોકે મેટ્રો શહેરોમાં એકંદર વધારો 71% જેટલો હતો.

# મેઇડન ફોર્જિંગ્સ લિમિટેડે એકત્રીકરણ અને વિસ્તરણ માટે મોદીનગરમાં 4 એકર જમીનની નોંધણી કરી


(એજન્સી) મુંબઇ । તા. 14

મેઈડન ફોર્જિંગ્સ લિમિટેડ (એમએફએલ) (બીએસઇ - 543874), છેલ્લા 35 વર્ષથી બ્રાઈટ સ્ટીલ બાર અને વાયરની વિશાળ શ્રેણીના અગ્રણી ઉત્પાદકો પૈકીની એક ગાઝિયાબાદના મોદીનગરમાં આશરે 4 એકર જમીનની સફળ નોંધણીની જાહેરાત કરતાં આનંદ અનુભવે છે. 16 ઓગસ્ટ, 2024ના રોજ પૂર્ણ થયેલ આ નોંધણી, તેની હાલની કામગીરીને મજબૂત કરવા અને ભાવિ વિસ્તરણ પહેલને ટેકો આપવા માટેની કંપનીની યોજનાઓમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. નવી નોંધાયેલ જમીન એમએફએલ માટે મહત્વની સંપત્તિ તરીકે કામ કરશે કારણ કે તે તેની ઉત્પાદન ક્ષમતા વધારવા અને બજારની વધતી માંગને પહોંચી વળવા તરફ કામ કરી રહી છે. સાઈટ પર બાંધકામનું કામ પહેલેથી જ ચાલી રહ્યું છે અને ઝડપથી આગળ વધી રહ્યું છે. નવી સુવિધા આગામી 5-7 વર્ષોમાં એમએફએલની વૃદ્ધિ વ્યૂહરચના સમાવવા માટે પૂરતી જગ્યા પૂરી પાડશે, જેથી કંપનીને તેના પદચિહ્નને વિસ્તારવા અને તેની બજાર સ્થિતિને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધતાને મજબૂતાઈ મળશે. આ વિકાસ તેના ગ્રાહકોને વધુ સારી રીતે સેવા આપવા માટે તેની ઉત્પાદન ક્ષમતા અને ઓપરેશનલ કાર્યક્ષમતા વધારવાના એમએફએલના લાંબા ગાળાના વિઝન સાથે જોડાયેલું છે. બ્રાઈટ સ્ટીલ બાર અને વાયર માર્કેટમાં અગ્રણી ખેલાડી તરીકે, એમએફએલ સતત તેની કામગીરીને અનુકૂલિત કરવાની રીતો શોધી રહી છે અને આ વિસ્તરણ તે દિશામાં એક નિર્ણાયક પગલું રજૂ કરે છે.

# સોનું રૂ.1100 વધી રૂ.75000ને પાર : ચાંદી રૂ.2000 ઉછળી રૂ.86000 બોલાઈ

(એજન્સી) મુંબઇ । તા. 14

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવ ઝડપી ઉછળ્યા હતા. વિશ્વ બજારના સમાચાર ખાસ્સી તેજી બતાવતા હતા. વિશ્વ બજાર ઉંચકાતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ વધી જતાં ઝવેરી બજારોમાં આજે વધતા ભાવોએ વેચનારા ઓછા તથા લેનારા વધુ જેવી સ્થિતિ જોવા મળી હતી. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૨૫૨૪થી ૨૫૨૫ ડોલરવાળા વધી ઉંચામાં ૨૫૭૫થી ૨૫૭૬ ડોલર સુધી પહોંચ્યા હતા. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે આજે અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૧૧૦૦ ઉછળ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ.૧૫૦૦ ઉંચકાયા હતા. વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સ તથા બોન્ડ યીલ્ડમાં પીછેહટ વચ્ચે વૈશ્વિક સોનામાં ફંડોની લેવાલી વધ્યાની ચર્ચા સંભળાઈ હતી. ક્રૂડતેલ ઉંચકાતાં તેની અસર પણ સોનાના ભાવ પર જોવા મળી હતી. અમદાવાદ બજારમાં સોનાના ભાવ વધી ૯૯.૫૦ના રૂ.૭૫૧૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૭૫૩૦૦ રહ્યા હતા.અમદાવાદ ચાંદીના ભાવ વધી રૂ.૮૬૦૦૦ બોલાયા હતા. વિશ્વ બજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ઔંશદીઠ ૨૮.૮૪થી ૨૮.૮૫ વાળા વધી ૩૦ ડોલર પાર કરી ભાવ ૩૦.૧૯થી ૩૦.૨૦ ડોલર રહ્યા હતા. વૈશ્વિક પ્લેટીનમના ભાવ ૯૬૧થી ૯૬૨ વાળા વધી ૯૯૭થી ૯૯૮



ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ૧૦૩૧થી ૧૦૩૨ વાળા વધી ૧૦૬૫ થઈ ૧૦૫૬થી ૧૦૫૭ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ ૦.૧૫ ટકા વધ્યા હતા. વૈશ્વિક ક્રૂડતેલના ભાવ પણ ઉંચકાયા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૭૧.૪૬ વાળા વધી ૭૨.૭૯થી ૭૨.૮૦ ડોલર રહ્યા હતા. જ્યારે યુએસ ક્રૂડના ભાવ ૬૮.૨૩ વાળા વધી ૬૯.૯૭ થઈ ૬૯.૯૫ ડોલર રહ્યા હતા. ગલ્ફ ઓર મેક્સિકોમાં વાવાઝોડાના પગલે ક્રૂડતેલના ઉત્પાદનને અસર પડયાના સમાચાર હતા. દરમિયાન, મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૭૧૫૧૪ વાળા વધી રૂ.૭૨૭૫૨ તથા ૯૯.૯૦ના ભાવ રૂ.૭૧૮૦૧ વાળા વધી રૂ.૭૩૦૪૪ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૮૩૧૮૮ વાળા વધી રૂ.૮૬૧૦૦ બોલાયા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા.

# આ સ્મોલ કેપ કંપની આપશે બોનસ શેર, IT કંપનીના શેર 3000% વધ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

ઈન્ફોર્મેશન ટેક્નોલોજી કંપનીનો શેર શુક્રવારે અને 13 સપ્ટેમ્બર 2024ના રોજ 5% વધીને 403.20 રૂપિયા થયો હતો. સ્મોલકેપ કંપની તેના શેરધારકોને બોનસ શેરની ભેટ આપી રહી છે. કંપનીએ બોનસ શેર ઈશ્યૂ કરવા માટે BSE અને NSE બંને એક્સચેન્જો પાસેથી મંજૂરી મેળવી છે. માઈન્ડટેક (ભારત)ના શેર 13 સપ્ટેમ્બર 2024 ના રોજ 403.20 રૂપિયા પર પહોંચી ગયા છે. છેલ્લા સાડા ચાર વર્ષમાં માઈન્ડટેક (ભારત) ના શેર 3000% થી વધુ વધ્યા છે. કંપનીના શેરનું 52 સપ્તાહનું ઉચ્ચ સ્તર રૂ. 460.25 છે. તે જ સમયે, કંપનીના શેરનું 52 સપ્તાહનું નીચલું સ્તર 131.05 રૂપિયા છે. કંપનીના રોકાણકારોને દરેક 4 શેર માટે 1 બોનસ શેર મળશે. બંને એક્સચેન્જોએ 1:4ના રેશિયોમાં 64,00,000 બોનસ ઈક્વિટી શેરના ઈશ્યૂ અને ફાળવણીને મંજૂરી આપી છે. બોર્ડ ઓફ માઈન્ડટેક (ભારત) એ બોનસ શેરની રેકોર્ડ તારીખ 20 સપ્ટેમ્બર 2024 નક્કી કરી છે. છેલ્લા સાડા ચાર વર્ષમાં આઈટી કંપની માઈન્ડટેક (ઈન્ડિયા) લિમિટેડના શેરમાં 3066%નો વધારો થયો છે. 13 માર્ચ, 2020 ના રોજ કંપનીના શેર રૂ. 12.75 પર હતા.

# રૂપિયા સામે ડોલર ગબડયો: ફોરેક્સ રિઝર્વ 690 અબજ ડોલર નજીક જતાં નવો રેકોર્ડ

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ઝડપી ઘટાડા પર રહ્યા હતા, જો કે શેરબજારમાં પીછેહટ છતાં કરન્સી બજારમાં આજે ડોલરમાં ખાસ્સી વેચવાલી દેખાઈ હતી. ડોલરના ભાવ રૂ.૮૩.૯૮ વાળા આજે સવારે રૂ.૮૩.૯૨ ખુલી ઉંચામાં ભાવ રૂ.૮૩.૯૫ થયા પછી નીચામાં ભાવ રૂ.૮૩.૮૫ થઈ છેલ્લે બંધ ભાવ રૂ.૮૩.૮૯ રહ્યા હતા. ડોલર-રૂપિયા ફોરવર્ડ પ્રિમિયમો ઉંચકાયા હતા. અમેરિકામાં આવતા વિકમાં વ્યાજના દરમાં પાથી અડધા ટકાનો ઘટાડો કરવામાં આવશે એવી શક્યતા વૈશ્વિક જાણકારો બતાવી રહ્યા હતા. વૈશ્વિક સ્તર બોન્ડ યીલ્ડ તથા ડોલર ઈન્ડેક્સ દબાણ હેઠળ જોવા મળ્યા હતા. દરમિયાન, ભારતમાં ફોરેક્સ રિઝર્વ વધુ ૫.૨૦ અબજ ડોલર વધી ૬૮૯.૨૪ અબજ ડોલરની નવી ટોચે પહોંચતાં તેની અસર પણ કરન્સી બજારમાં આજે રૂપિયાના ભાવ પર પોઝીટીવ દેખાઈ હતી. વિસ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો વૈશ્વિક



ઈન્ડેક્સ ઝડપી તૂટી ૧૦૧ની અંદર ઉતરી ગયાના સમાચાર હતા અને તેની અસર ઘરઆંગણે ડોલરના ભાવ પર દેખાઈ હતી. ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ૧૦૧.૩૭ વાળો આજે નીચામાં ૧૦૦.૯૦ થઈ ૧૦૦.૯૬ રહ્યાના નિર્દેશો હતા. વિશ્વ બજારમાં ડોલર સામે બ્રિટીશ પાઉન્ડ તથા યુરોપીયન કરન્સી યુરોના ભાવ ઉંચકાયા હતા. મુંબઈ બજારમાં પણ આજે રૂપિયા સામે પાઉન્ડના ભાવ રૂ.૧૦૯.૬૦ વાળા વધી રૂ.૧૧૦.૪૨ થઈ છેલ્લે ભાવ રૂ.૧૧૦.૨૧ રહ્યા હતા. જ્યારે યુરોના ભાવ ૯૨.૫૦ વાળા ઉછળી રૂ.૯૩.૧૩ થઈ છેલ્લે રૂ.૯૩.૦૭ રહ્યા હતા. રૂપિયા સામે આજે જાપાનની કરન્સીના ભાવ ૧.૨૨ ટકા વધ્યા હતા. જ્યારે ચીનની કરન્સીના ભાવ ૦.૨૫ ટકા ઉંચકાયાના નિર્દેશો મળ્યા હતા. વિશ્વ બજારમાં ડોલર સામે આજે બ્રિટીશ તથા યુરોપની કરન્સીઓ ઉપરાંત એશિયાના વિવિધ દેશોની કરન્સીઓ પણ ઉંચકાયાના સમાચાર મળ્યા હતા.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2079, ભાદરવા સુદ-12**

# વરિષ્ઠોનું સુરક્ષાકવચ

ભારતને યુવાઓનો દેશ કહેવાય છે, પરંતુ વરિષ્ઠ નાગરિકોની સંખ્યા પણ સમય સાથે વધતી જશે. એવામાં કેન્દ્ર સરકારે આયુષ્માન ભારત વડાપ્રધાન જન આરોગ્ય યોજના (એબી-પીએમજેએવાય) અંતર્ગત ૭૦ વર્ષ અને તેનાથી વધુ ઉંમરના તમામ નાગરિકોને આર્થિક લાભ આપવાનો જે ફેંસલો કર્યો છે, તે સુખદ અને સ્વાગતયોગ્ય છે. સૌથી ખાસ વાત એ છે કે આ યોજનાનો લાભ તમામ વરિષ્ઠોને મળશે. પહેલાં સરકાર એ માનતી હતી કે જે વરિષ્ઠ આર્થિક રૂપે સક્ષમ છે, તે પોતાનો ચિકિત્સા ખર્ચ આસાનીથી ઉઠાવી શકે છે. હવે આ એક મહત્ત્વપૂર્ણ બદલાવ છે કે આ યોજનાનો લાભ ૭૦ વર્ષ થતાં જ દરેક ભારતીયોને મળશે. આયુષ્માન યોજનાને દુનિયામાં સૌથી મોટી ચિકિત્સા વીમા યોજના માનવામાં આવે છે અને તેમાં થયેલો આ વિસ્તાર ભારતના બહેતર થતા ભવિષ્યનો જ એક સંકેત છે. ભારતમાં બુઝુર્ગોની સ્વાસ્થ્ય સુરક્ષાનો પ્રબંધ બહુ જરૂરી છે અને સમય સાથે તેમની સુવિધાઓ વધારતા જવું જરૂરી છે. જો કોઈપણ બુઝુર્ગને હવે પાંચ લાખ રૂપિયા સુધીની સારવાર માટે પરેશાન ન થવું પડે, તો તે આપણા સમાજ માટે બહુ સારી વાત હશે. યોજનાથી અસંખ્ય બુઝુર્ગોને નવી જિંદગી મળશે અને તેમની ઉંમર પણ વધશે. આપણા દેશના લગભગ છ કરોડ વરિષ્ઠ નાગરિકો હવે સાર્વભૌમિક સ્વાસ્થ્ય સુરક્ષાના દાયરામાં આવી રહ્યા છે, તો તે પ્રમાણ છેકે આજે આપણા દેશની સરકાર આર્થિક રૂપે સક્ષમ છે. લોકો ભારે માત્રામાં ટેક્સ ચૂકવી રહ્યા છે તો તેનો લાભ વિભિન્ન યોજનાઓના માધ્યમથી તેમના સુધી પહોંચવા જ જોઈએ. એક લોક કલ્યાણકારી સરકારનું આ જ સાચું સ્વરૂપ છે. સરકારનું એક અનુમાન છે કે આ યોજનાથી લગભગ ૪.૫ કરોડ પરિવારો સુધી લાભ પહોંચશે. એવા અનેક આંકડા છે, જે દર્શાવે છે કે સારવારના ભારે ખર્ચને કારણે મોટી સંખ્યામાં લોકો ગરીબ થઈ જાય છે. કોઈએ દેવું કરવું પડે છે તો કોઈને સંપત્તિ વેચવી પડે છે. ધ્યાન રહે, આજે આયુષ્માન યોજનાને કારણે ૧૨ કરોડથી વધુ પરિવાર લાભના દાયરામાં છે. કદાચ એક દિવસ એવો આવશે કે એકદમ અમીર કે સક્ષમ લોકો સિવાય બધા સામાન્ય લોકો આવી જ કોઈ યોજનાના દાયરામાં આવી જશે. અપેક્ષાકૃત તેજ આર્થિક પ્રગતિ વચ્ચે આપણે એ ભૂલવું ન જોઈએ કે ભારતમાં સામાજિક સુરક્ષા કમજોર પડી રહી છે. સ્વાસ્થ્ય સેવાનો ખર્ચ પણ સતત વધી રહ્યો છે. સામાન્ય ઈલાજમાં પણ હજારો રૂપિયા ખર્ચ કરવા પડે છે. મોટાભાગની દવાઓ પર ટેક્સ છે, મોટાભાગની સ્વાસ્થ્ય સેવાઓ પર ટેક્સ છે પરંતુ આજકાલ સૌથી વધુ ચર્ચા હેલ્થ વીમા પર લાગતા ટેક્સની છે. ખુદ સરકારની અંદરથી એ અવાજ ઉઠ્યો છે કે સ્વાસ્થ્ય વીમા પર ટેક્સ કે જીએસટી વસૂલી યોગ્ય નથી. એના પર પણ અવશ્ય વિચાર થવો જોઈએ. જોકે એક મોટી ચિંતા એ પણ છે કે આવી યોજનાનો લાભ વાસ્તવમાં જરૂયિતામંદોને આસાનીથી નથી મળતો. અનેક હોસ્પિટલો યોજના અંતર્ગત સારવાર કરવાનો ઈનકાર કરી દે છે. ગરીબો કે અભાવગ્રસ્ત લોકોનાં આયુષ્માન કાર્ડ બનાવવા પ્રત્યે પણ પર્યાપ્ત સજાગતા નથી. ખાનગી હોસ્પિટલોને ફરજ પાડવી જોઈએ અને જવાદાર અધિકારીઓએ એ સુનિશ્ચિત કરવું જોઇએ કે કોઈપણ જરૂરિયાતમંદ વરિષ્ઠ નાણાંના અભાવે સારવારથી વંચિત ન રહી જાય.

# અમીરગઢમાં 209મા સરસ્વતીધામનું મનસુખ માંડવિયાના હસ્તે લોકાર્પણ

માહિતી બ્યુરો | પાલનપુર

દેશના અંતરિયાળ ગામોમાં સુવિધાઓના અભાવે બાળકો શિક્ષણથી વંચિત ન રહે અને જ્ઞાનના અજવાળા પથરાય તે માટે માતુશ્રી કાશીબા હરિભાઈ ગોટી ચેરિટેબલ ટ્રસ્ટ સુરત દ્વારા "૩૦૯ સરસ્વતીધામ" નવનિર્માણ અભિયાનનો સંકલ્પ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના ઉપલોબંધ મુકામે ભારત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના કેબિનેટ મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયાના હસ્તે ૨૦૯મા સરસ્વતીધામ સ્વ. મહેન્દ્રકુમાર શોભાગચંદ ઝવેરી કુમાર છાત્રાલયનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ લોકાર્પણ કાર્યક્રમાં કેબિનેટ મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયાએ દાતાઓને બિરદાવતા જણાવ્યું હતું કે આપના જેવા લોકો સંસ્કાર થકી સેવા દ્વારા દેશને આગળ લાવવાનું કામ કરી રહ્યા છે. દુનિયામાં થતાં દરેક કાર્ય કે વ્યવસ્થા પોતાના લાભની રીતે જોવાય છે, પરંતુ આપણા દેશમાં કરવામાં આવતું દરેક કાર્ય સેવા અને સંસ્કારોથી દીપે છે. આ દેશના શાશ્વત સંસ્કારોને કેશુભાઈ ગોટી જેવા લોકો આગળ





**આપણા દેશના સંસ્કાર શીખવે છે કે આપણે કમાયેલા પૈસા નવી પેઢીના નિર્માણમાં વાપરવા જોઈએ: કેન્દ્રીય મંત્રી મનસુખમાંડવિયા**

ધપાવી રહ્યા છે. પૈસા કમાયા પછી એને કયા વાપરવા એ ખૂબ મહત્વનું હોય છે. આપણા દેશના સંસ્કાર શીખવે છે કે આપણે કમાયેલા પૈસા નવી પેઢીના નિર્માણમાં વાપરવા જોઈએ. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આપણે સૌએ સાથે મળીને ભણતા વિદ્યાર્થીઓને સન્માનિત કરવા જોઈએ, જેથી આ વિદ્યાર્થીઓ પ્રોત્સાહિત થાય છે અને તેમનું વ્યક્તિત્વ નિખરે છે. વિદ્યાર્થીઓની સાથે તેમને ભણાવતા શિક્ષકોનું પણ સન્માન કરવું જોઈએ. શિક્ષકો બાળકોના ભવિષ્યના નિર્માતા છે. તેમણે વાલીઓનો પણ આભાર માનતા જણાવ્યું હતું કે શાળા, શિક્ષક અને વાલીઓ એક થાય ત્યારે ગામ સમૃધ્ધ બને છે. મહાજનો એ સરકારની સાથે મળીને સેવાનું કાર્ય કરે છે અને સમાજને પોતાનું દાયિત્વ અદા કરે છે. તેથી આપણે આ સમાજ સેવકોને વંદન કરવા જોઈએ અને તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ. મંત્રીશ્રીએ આ કાર્યક્રમાં હાજર વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સર્વે કર્મયોગીઓને શુભકામનાઓ પાઠવી હતી.

"૩૦૯ સરસ્વતીધામ" નિર્માણ અભિયાનના મુખ્ય દાતાશ્રી કેશુભાઈએ શ્રી માનવ કલ્યાણ ટ્રસ્ટ અને કર્મયોગીઓનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આપણે બીજા પર નિર્ભર ન રહેતા પોતે જ આત્મ નિર્ભર થવું જોઈએ અને સ્વાભિમાનથી જીવન જીવવું જોઈએ. આપણે કોઈપણ કાર્ય સ્વમાનભેર, ઈચ્છાશક્તિ અને નીતિમત્તાથી કરવું જોઈએ.

આ લોકાર્પણ કાર્યક્રમાં પૂર્વ ધારાસભ્યશ્રી મહેશભાઇ પટેલ, આદ્યસ્થાપક અને પૂર્વ પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય એવોર્ડી ટીચર્સ ફએડેરેશન ડો.માનસિંગભાઈ ચૌધરી, નુતન ભવનનાં સહયોગી દાતા કુમુદબેન મહેન્દ્રકુમાર ઝવેરી, શ્રી માનવ કલ્યાણ ટ્રસ્ટ પાલનપુરના સભ્યો અને દાતાશ્રીઓ, આશ્રમ શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**બનાસકાંઠા જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા**

# વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત થયેલા માર્ગો પર ડામર પેચવર્કની કામગીરી શરૂ

માહિતી બ્યુરો | પાલનપુર

માર્ગ અને મકાન વિભાગ દ્વારા વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત થયેલા રાજ્યના તમામ મુખ્ય માર્ગો પર ડામર પેચવર્કની કામગીરી શરૂ થઈ છે. જે અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં પણ જિલ્લાના મુખ્ય માર્ગોને જોડતા રસ્તા ઉપર પડેલા ખાડાની પેચવર્ક કરવાની કામગીરી આઠ ટીમ દ્વારા શરૂ કરવામાં આવી છે. જ્યારે જિલ્લામાં ત્રણ હોટમીક્ષ પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યા છે. જેથી માર્ગો પર પડેલા ખાડાના કારણે પ્રજાને હાલાકી ન પડે તે માટે સઘન કામગીરી શરૂ કરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લાના અનેક માર્ગો પર ભારે વરસાદના કારણે માર્ગો ક્ષતિગ્રસ્ત બન્યા હતા. જે અંતર્ગત પાલનપુર મહેસાણા હાઈવે, વડગામ મેમદપુર થઈ મુમનવાસ રોડ, વડગામ છાપી રોડ, ઉંબરી બુકોલી રોડ, મીઠા




કોતરવાડા રોડ, થરાદ ડીસા રોડ તેમજ ભાભરના વિકાસ પથના માર્ગને પર પડેલા ખાડાઓમાં ડામર પેચવર્ક કરી માર્ગોને મરામત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

બનાસકાંઠાના કાર્યપાલક ઈજનેર એલ ડી ચૌધરીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારની સૂચના મુજબ વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત થયેલા માર્ગોને રીપેર કરવાની કામગીરી ચાલુ છે. જે માર્ગો પર ખાડા પડ્યા છે ત્યાં અમારી અલગ અલગ આઠ ટીમો કામ કરી રહી છે. ખાડાઓનું ડામર પેચવર્ક કરી તેની મરામત થઈ રહી છે.

જેથી માર્ગો પર પસાર થતા વાહન ચાલકોને કોઈ મુશ્કેલી ન પડે. ટૂંક સમયમાં જિલ્લાના મુખ્ય માર્ગ ઉપર પડેલા ખાડાનું ડામર પેચ વર્કનું કામ કરી માર્ગોને ફરી સુગમ બનાવવામાં આવશે.

## NEWS TRACK

## દાહોદમાં શ્રીજી પંડાલમાં કલેક્ટરશ્રી અને દાહોદ જિલ્લા સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા મહા આરતી



દીપક રાવલ | દાહોદ

તા.13-9-2024 ના રોજ રામાનંદ પાર્ક દાહોદ આયોજિત ગણેશ મહોત્સવમાં દાહોદ કલેક્ટર શ્રી યોગેશ નીરગુડે જી, દાહોદ મામલતદારશ્રી મિશ્રા સાહેબ, રોટરી સંસ્થાના પ્રમુખશ્રી નરેશભાઈ ચાવડા, દાહોદ નગર પાલિકા ના પૂર્વ પ્રમુખ શ્રી રીનાબેન પંચાલ, રામાનંદ પાર્કના સદસ્યો અને સનાતન વર્લ્ડ પરિવાર દાહોદ જિલ્લા ટીમ* દ્વારા દાદા ગણપતિજી ની આરતી કરવામાં આવી. અને વિશેષમાં માનનીય કલેકટર સહેબ શ્રી અને મામલતદાર શ્રી મિશ્રા સાહેબ શ્રી નું સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.

## એમ કે શાહ લાટીવાળા ડી. એલ.એડ કોલેજમાં હિન્દી દિન ઉજવાયો



રાકેશ મહેતા | ધનસુરા

એમ કે શાહ લાટીવાળા ડી એલ એડ કોલેજ મોડાસામાં આજરોજ હિન્દી દિન ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં તાલીમાર્થીઓએ હિન્દી ભાષા નું મહત્વ તેમજ પ્રાર્થના સભામાં વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા હિન્દી દિનની ઉજવણી કરવામાં આવી હતી. હિન્દી દિવસ નિમિત્તે તાલીમાર્થીઓ માટે વાર્તા સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નું માર્ગદર્શન આચાર્ય ગીતાબેન નિનામાએ આપ્યું હતું. કાર્યક્રમમાં પ્રભારી મંત્રીશ્રી ધીરેનભાઈ પ્રજાપતિ સાહેબ અને પ્રમુખશ્રી નવીનચંદ્ર આર મોદી સાહેબે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ભાદરવી પૂનમ મહામેળો...બનાસકાંઠા જિલ્લા પોલીસ વિભાગ દ્વારા અંબાજી મેળા ખાતે પોલીસ કંટ્રોલ રૂમ કાર્યરત

મહેશ સોલંકી | અંબાજી

યાત્રાધામ અંબાજી ખાતે ૧૨ મી સપ્ટેમ્બરથી આસ્થાના મહાકુંભ ભાદરવી પૂનમના મેળાનો શુભારંભ થયો છે. મેળામાં સુરક્ષા અને સલામતી માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લા પોલીસ વિભાગ દ્વારા અંબાજી મેળા ખાતે પોલીસ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. આ કંટ્રોલ રૂમના માધ્યમથી ૩૫૦ CCTV કેમેરા દ્વારા મેળામાં સુરક્ષા અને સલામતી માટે પોલીસ વિભાગ દ્વારા સતત વોચ રાખવામાં આવી રહી છે.

આ અંગે વાત કરતા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા જણાવે છે કે, બનાસકાંઠા પોલીસ વિભાગ દ્વારા 51 શક્તિપીઠ અંબાજી ખાતે પોલીસ કંટ્રોલરૂમ ઊભો કરવામાં આવ્યો છે. આ પોલીસ કંટ્રોલરૂમમાં 350 થી વધારે સીસીટીવી કેમેરાનું ફીડિંગ આવે છે. આ તમામ કેમેરાઓ પર ૨૪*૭ સતત નજર રાખવામાં આવી રહી છે. જેના માટે જિલ્લા પોલીસ ટીમ કંટ્રોલરૂમ પર સતત ફરજ બજાવે છે.



**350 CCTVની મદદથી પોલીસ કંટ્રોલ રૂમ દ્વારા મેળામાં સતત વોચ રખાઇ રહી છે...**

વધુમાં જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી જણાવે છે કે ખાસ કરીને એવો સમય જ્યારે મંદિર શરૂ થવાનું હોય એટલે કે સવારે ૫ કલાક થી ૭ કલાક સુધીનો સમય અને સાંજે ૫:૩૦ કલાકથી ૬:૩૦ કલાક સુધીના સમયમાં ઘણા લોકો એક સ્થળે ભેગા થતા હોય છે. ત્યાં પિકપોકેટિંગના બનાવો, બીજા બનાવો કે લો એન્ડ ઓર્ડરના અન્ય બનાવો ન બને તેની સાવચેતીના ભાગરૂપે મેળામાં દરેક પોઇન્ટ પર પોલીસ ખડેપગે તૈનાત રાખવામાં આવી છે. આવા પોઇન્ટ ઉપર VHF ચેનલ હોય છે. જેના મારફત ત્યાં હાજર રહેલ પોલીસને જાણ કરવામાં આવે છે. જેનાથી તાત્કાલિક પોલીસ એક્શન લઈ શકે છે. આ પ્રકારની કાર્યવાહી કંટ્રોલરૂમ ખાતે કરવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મેળામાં પોલીસ વિભાગ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે.ત્રિશુલિયા ઘાટ પાસે બાઈક પર સવાર મહિલા પડી જતા અકસ્માત થતા તાત્કાલિક જિલ્લા ટ્રાફિકના પોલીસ કર્મચારીઓ દ્વારા 108 એમ્બ્યુલન્સ બોલાવી સારવાર અર્થે હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યા હતા.ભાદરવી પૂનમ મહામેળા દરમિયાન સિનિયર સિટિઝનને બનાસકાંઠા પોલીસ મદદરૂપ થતી જોવા મળે છે. આ ઉપરાંત મહામેળા દરમિયાન પોતાના પરિવારથી વિખુટા પડેલાઓને પોલીસે તેમના વાલીવારસ સાથે મિલન પણ કરાવ્યું હતું.

## ચાણસ્માના કેશણી ગામેથી પદયાત્રા સંઘ અંબાજીના માર્ગે પ્રસ્થાન થયું



નિતીન ઠાકર | ચાણસ્મા

૩૩ વર્ષથી શક્તિ મંડળ દ્વારા અંબાજી જવા પદ યાત્રા સંઘનું આયોજન કરાય છે વિઠલભાઈ પટેલ સંઘવી. ચાણસ્મા તાલુકા ના કેશણી ગામે થી શક્તિ મંડળ આયોજિત અંબાજી પદ યાત્રા નું પ્રયાણ થયું હતું ભાદરવા સુદ - ૧૧ ના રોજ કેશણી ગામ ના ચોક માં થી ૬૦ પદયાત્રી ઓ સાથે જ્ય અંબે ના નાદ સાથે પદયાત્રી સંઘે પ્રયાણ કર્યું હતું ૩૩ વર્ષથી કેશણી ગામે થી અંબાજી ધામે જવા માટે પદયાત્રા સંઘ નું આયોજન કરવામાં આવતું હોવાનું અને પદયાત્રા સંઘને ૨૫ વર્ષ પુરા થયા ત્યારે ગામ માં ધામ ધુમ થી ઉજાણી કરાઇ હોવાનું ૭૬ વર્ષીય વિઠલભાઈ પટેલે જણાવ્યું હતું.

## કોમર્સ કોલેજ મોડાસામાં પોષણ માસની ઉજવણી



રાકેશ મહેતા | ધનસુરા

ધી મ. લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત શ્રી એચ.એસ કોલેજ ઓફ કોમર્સ મોડાસાના એન.એસ.એસ. યુનિટ દ્વારા પોષણ માસની ઉજવણીના ભાગરૂપે દત્તક ગામ કોલવડા ની પ્રાથમિક શાળા અને આંગણવાડીમાં કોલેજના કા.આચાર્ય એમ. કે પટેલના માર્ગદર્શન હેઠળ કેળાનું વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમને કોલેજના પ્રભારી મંત્રી શ્રી સુભાષભાઈ શાહ સાહેબે બિરદાવ્યો હતો આ કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડૉ. ઈલાબેન સગર અને પ્રા. અમિતભાઈ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

## અંબાજી મહા મેળામાં બીજા દિવસે ત્રણ લાખ માઇ ભક્તોએ દર્શન કર્યા

મહેશ સોલંકી | અંબાજી

અંબાજી ભાદરવી પૂનમના મહા મેળામાં બીજા દિવસે પણ માઈ ભક્તો નું ધોડાપુર સતત અંબાજી તરફ આવી રહ્યા સેવાભાવી સંસ્થાઓ દ્વારા યાત્રીકોને રહેવાની જમવાની મેડીકલ તેમજ વિસામો માટે સતત ખડેપગે રહ્યા છે બીજાં દિવસ નાં અંતે અ માં અંબાના 3 05724 જેટલાં શ્રદ્ધાળુઓ દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે બે દિવસ દરમિયાન કુલ 5 લાખ થી વધુ માઈ ભક્તો દર્શન કરી ચુક્યા છે બીજાં દિવસ નાં અંતે ગબ્બર પર્વત પર દર્શન કરવાં ઉડન ખટોલા માં 7219 યાત્રિકો એ લાભ લીધો 331 ધજારોહણ કરવામાં આવેલ મોહનથાળ પ્રસાદ 2,37,367 પેકેટ નું વેચાણ થયું છે નિ:શુલ્ક ભોજન પ્રસાદ નો લાભ 65000



યાત્રિકો એ લાભ લીધો હતો 5679 ચીકી પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું છે ભાદરવી પૂનમનો મેળો સાત દિવસ સુધી ચાલનારા આ મેળામાં બીજા દિવસ શુખમય રિતે પસાર થયો છે વહિવટી તંત્ર દ્વારા સતત ખડેપગે રહ્યું છે ગુજરાત પોલીસ તંત્ર પણ સતત ખડેપગે રહ્યા છે સાથે દુર દુરથી પગપાળા ચાલીને અંબાજી દર્શનાર્થે આવતાં યાત્રિકો નો જુસ્સો સતત વધારો કરતાં હોય છે.

## લુણાવાડા ગર્લ્સ ચિલ્ડ્રન હોમની મુલાકાત લેતા જિલ્લા કલેક્ટર

જગદીશ ત્રિવેદી | લુણાવાડા.



જિલ્લા કલેક્ટર શ્રીમતી નેહા કુમારીએ આજ રોજ લુણાવાડા ખાતે ગર્લ્સ ચિલ્ડ્રન હોમની મુલાકાત લીધી હતી. તેમણે સંસ્થા ખાતે આશ્રય લઈ રહેલ કાળજી અને રક્ષણ ની જરૂરિયાત ધરાવતી દીકરીઓ સાથે વાર્તાલાપ કરી સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવતી સુવિધાઓ વિશે નિરીક્ષણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, ગર્લ્સ ચિલ્ડ્રન હોમમા કાળજી અને રક્ષણની જરૂરિયાત વાળા બાળકીઓ જેવી કે અનાથ, સિંગલ પેરેન્ટવાળી બાળકીઓ, મિસિંગ અને જાતીય શોષણની ભોગ બનેલ બાળકીઓને આશ્રય આપવામાં આવે છે. ચિલ્ડ્રન હોમ ખાતે બાળકીઓ અભ્યાસ , કપડાં , ભોજન- નાસ્તો અને રહેવા માટેની તમામ સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. જિલ્લા કલેકટરશ્રીએ સરકારી ગર્લ્સ ચિલ્ડ્રન હોમ માટે નવા બાંધકામ માટે ફાળવવામાં આવેલ જગ્યા પર મુલાકાત લઈ જરૂરી સૂચનો સંબંધિત અધિકારીશ્રીઓને કર્યા હતા.

## મોડાસા શહેરની માતૃશ્રી લલિતાબા સોની બીએડ્ કૉલેજ મોડાસાનું ગૌરવ



રાકેશ મહેતા | ધનસુરા

મોડાસા શહેરની માતૃશ્રી લલિતાબા સોની બીએડ્ કૉલેજના સંસ્કૃત પદ્ધતિના અધ્યાપક સુરેન્દ્રસિંહ પ્રતાપસિંહ ઝાલાએ તાજેતરમાં સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભવિદ્યાનગરના શિક્ષણ વિભાગમાં ' ભર્તૃહરિના નીતિશતકમાંથી નિષ્પન્ન થતાં મૂલ્ય શિક્ષણનો અભ્યાસ' વિષય પર મહાશોધ નિબંધ ડૉ. યોગેશ બી. પુરોહિત આચાર્યશ્રી, શ્રી આઈ. જે. પટેલ એમ.એડ્. કૉર્સ, મોગરીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરી રજૂ કરતાં યુનિવર્સિટીએ તેમને પીએચ. ડીની ઉપાધિ એનાયત કરી છે. આ પ્રસંગે કૉલેજ પરિવાર તેમજ સંસ્થાના મંત્રીશ્રી જીતુભાઈ સોનીએ અભિનંદન પાઠવ્યા હતાં.

## ચાણસ્મા તાલુકાના ગંગેટ પ્રા શાળાના બાળકો પાસે શાળાની બહાર સફાઇ કરતા સારસ્વત નજરે પડ્યા



નિતીન ઠાકર | ચાણસ્મા

શનિવારે સવારે ૧૦ વાગ્યા ના આરસા માં ગંગેટ પ્રા શાળા ની બહાર ની બાજુ એ શાળા ના બાળકો પાસે સફાઈ કરતા નજરે પડતા શાળા ઓ ફાળવવામાં આવતી સફાઈ ની ગ્રાન્ટ અંગે અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે ત્યારે આ જ શાળા ના એક શિક્ષક તો અનેક એવોર્ડ થી સન્માનીત થયેલા છે તો શું શાળા બહાર બાળકો પાસે કરાવાતી સફાઈ તેમના દયાને નહીં આવી હોય જેવા અનેક સવાલો ઉભા થયા છે

## ગલકુંડ ગામ નજીક શ્રમિકો ભરેલ પિકઅપ ગાડી પલ્ટી મારી જતા અકસ્માત સર્જાયો

સુશીલ પવાર, ડાંગ | આજરોજ ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં જામુનવિહીર,લહાનચર્યા, ઈસદર,ચોકયા સહિત અન્ય ગામનાં શ્રમિકો ભરી મહારાષ્ટ્રમાં જઈ રહેલ પિકઅપ ગાડી.ન.એમ.12.જે.એફ.4932 જે આહવાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં લહાનચર્યા પાસેથી પસાર થઈ રહી હતી.તે વેળાએ ગલકુંડ ગામ નજીકનાં વળાંકમાં સામેથી અચાનક એસટી બસ આવી જતા અહી પિકઅપ ગાડીનાં ચાલકે સ્ટેયરીંગ પરનો કાબૂ ગુમાવી દેતા આ પિકઅપગાડી માર્ગની સાઈડમાં પલ્ટી મારી જતા ઘટના સ્થળે અફરા તફરીનો માહોલ સર્જાવાની સાથે ગંભીર અકસ્માત સર્જાયો હતો.અહી પિકઅપ ગાડીમાં સવાર 10 શ્રમિકોમાંથી 08 જેટલા શ્રમિકોને નાની મોટી ઈજા પોહચતા તેઓને તાત્કાલીક સારવારનાં અર્થે 108 એમ્બ્યુલન્સ મારફતે નજીકની શામગહાન સી.એચ.સી ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.આ અકસ્માતનાં બનાવની જાણ સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ.આર.એસ.પટેલને થતા તેઓની પોલીસકર્મીઓની ટીમ તુરંત જ ઘટના સ્થળ સહીત શામગહાન સી.એચ.એસી ખાતે દોડી ગઈ હતી અને ઈજાગ્રસ્તોની મુલાકાત લઈ ખબર અંતર પૂછ્યા હતા.

## મા અંબાની સેવા ક્યારે કરવા મળવાની, બસ આ જ ભાવનાથી મંદિરની સફાઈ કરૂ છું :- મહિલા પોલીસ કર્મચારી

માહિતી બ્યુરો | પાલનપુર

ભાદરવી પૂનમના મહામેળામાં ઠેર ઠેર પાંચ હજાર કરતાં વધારે પોલીસ કર્મચારીઓ મેળો સુખરૂપ સંપન્ન થાય એ માટે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી રહ્યા છે. ત્યારે મંદિર પરિસરમાં ગઢ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ચેતન કુંવરબા રતનસિંહ નામના મહિલા કોનસ્ટેબલ જે અંબાજી મંદિર પરિસરમાં મેળા દરમિયાન દર્શનાર્થીઓની સુરક્ષાની ફરજ બજાવી રહ્યા છે. મંદિરમાં સાફ સફાઈ માટે જ્યારે દર્શન બંધ કરવામાં આવે છે, તે સમયે ચેતન કુંવરબા પોતાની સ્વેચ્છાએ મંદિર પરિસરમાં સફાઈ કરવાની સેવા બજાવે છે. તેમણે મનોમન પોતાનું ઘર આંગણું આપણે સ્વચ્છ રાખીએ છીએ તો માતાજીનું ધામ કેમ નહિ, બસ એજ ભાવના થી નિર્દોષતાથી તેમણે સફાઈની સેવા કરી પણ કહેવાય છે, કે માતાજી પોતાના ભક્તોની ખબર રાખે છે. ચેતન કુંવરબાની સફાઈ કામગીરી



સીસીટીવીમાં કેદ થઈ અને તેના ફૂટેજ જ્યારે પોલીસ વિભાગને જોવા મળ્યા તો તેમને આ મહિલા કર્મચારીની સેવા નિષ્ઠાને બિરદાવતા તેમને અભિનંદન પાઠવ્યા. સ્વચ્છતાની ટેવ અપનાવવાની અપીલ સાથે તેમણે મેળામાં ફરજ બજાવતા દરેક કર્મચારીને મા નો અવસર પોતાનો અવસર ગણી ફરજ સાથે પદયાત્રીઓની સેવા કરવા વિનંતી કરી હતી.

# ઘરેલુ ઉપચારની મદદથી ચહેરો ચમકશે, પિમ્પલ્સ અને પિગમેન્ટેશન દૂર થશે



**ચહેરા પર પિગમેન્ટેશન અથવા પિમ્પલ્સ અને ખીલ માત્ર તમારી સુંદરતાને બગાડે છે પરંતુ તમારા આત્મવિશ્વાસને પણ ઘટાડે છે. આ બધી સમસ્યાઓના કારણે તમે મોંઘી સારવાર અને ઘણી મોંઘી ક્રીમનો ઉપયોગ કરો છો. તે જરૂરી નથી કે તમે તેને મોંઘા ઉત્પાદનોની મદદથી ઠીક કરો. તમે ઘરેલુ ઉપચારની મદદથી પિગમેન્ટેશન અને પિમ્પલના નિશાનથી પણ છુટકારો મેળવી શકો છો.**

**ફટકડીથી ત્વચાની ઘણી સમસ્યાઓથી રાહત મેળશે |** ફટકડીના ઉપયોગથી તમને ત્વચાની ઘણી સમસ્યાઓથી રાહત મળી શકશે. ફટકલી તમને તમારી ખોવાયેલી ચમક પાછી મેળવવામાં પણ મદદ કરશે. ફટકડી એક પ્રાકૃતિક સફાઇ કરનાર છે. ફટકડીના પાણીથી ચહેરા પર માલિશ કરવાથી ચહેરાની ગંદકી દૂર થાય છે અને કરચલીઓ પણ ઓછી થાય છે. તેનો ઉપયોગ કરવાથી તમારી ત્વચા કડક થઈ જાય છે અને કોમળતા આવે છે.

**ફટકડીનો ઉપયોગ કેવી રીતે કરવો? |** જો તમારા ચહેરા પર પિગમેન્ટેશન છે અથવા તમારી ચમક ગાયબ થઈ ગઈ છે તો ફટકડી પાવડરનો ઉપયોગ કરો. આ માટે તમારે એક પેસ્ટ બનાવવી પડશે, જેમાં ગુલાબજળની જરૂર પડશે. આ પેસ્ટને લગાવો અને હળવા હાથે મસાજ કરો અને 10 થી 15 મિનિટ સુધી રાખો અને પછી ધોઈ લો. તેનાથી ચહેરા પરના ડાઘ-ધબ્બા ધીમે ધીમે દૂર થઈ જશે અને ચહેરા પરની ચમક પણ પાછી આવી જશે. રંગ પણ સુધરશે.




**મુલતાની માટીમાં ફટકડી પાવડર મિક્સ કરો |** જો ચહેરા પર ડાર્ક સ્પોટ્સ હોય તો મુલતાની માટી અને પાણીમાં ફટકડી પાવડર મિક્સ કરીને પેસ્ટ તૈયાર કરો. તેને ચહેરા પર લગાવો અને 15 મિનિટ માટે રહેવા દો. આ પછી પાણીથી ધોઈ લો. અઠવાડિયામાં એકવાર આ ઉપાય કરો. થોડા અઠવાડિયામાં, તમારા ચહેરા પરની કરચલીઓ ઓછી થઈ જશે અને તમારી ત્વચા સંપૂર્ણપણે સાફ દેખાવા લાગશે.

**શુષ્ક ત્વચા માટે આ રીતે કરો ફટકડીનો ઉપયોગ |** નારિયેળના તેલમાં ફટકડીનો પાવડર મિક્સ કરીને સૂતા પહેલા લગાવો. તેને 15 થી 20 મિનિટ સુધી રાખો અને ધોઈ લો. તેનાથી ચહેરો નરમ અને હાઈડ્રેટેડ બનશે. જેમને શુષ્ક ત્વચાની સમસ્યા હોય તેમના માટે આ ખૂબ જ સારો ઉપાય છે. જો તમને સૂર્યપ્રકાશને કારણે ટેનિંગ થઈ ગયું હોય તો ફટકડી પણ ખૂબ જ ફાયદાકારક છે. બટાકાના રસમાં ફટકડી પાવડર મિક્સ કરીને લગાવો. તેનાથી ચહેરા પરના બ્લેક હેડ્સ પણ સાફ થઈ જશે. ચહેરા પર ફટકડી લગાવતા પહેલા, તેને તમારા હાથ પર અથવા ત્વચા પર બીજે ક્યાંય લગાવીને પેચ ટેસ્ટ કરો કે તમને તેનાથી એલર્જી છે કે નહીં. જો તમારી ત્વચા સંવેદનશીલ હોય તો ત્વચા નિષ્ણાતની સલાહ લીધા પછી જ તેનો ઉપયોગ કરો.

# ચારિત્ર્યની મહેક

માર્ટિન લૂથર કિંગે કહ્યું હતું કે વ્યક્તિનું મૂલ્યાંકન તેમનનાં જાતિ, વર્ણ, કે રંગના આધારે નહીં પરંતુ તેમનામાં કેટલી ચારિત્રિક દઢતા છે તેના આધારે થવું જોઈએ.

આવું દઢ ચારિત્ર્ય એક ઉત્તમ રાજા અને મજબૂત રાષ્ટ્રનું નિર્માણ કરે છે. એટલે જ આપણી ભારતીય સંસ્કૃતિમાં બાળકોને શિક્ષણમાં જ શીલ, સદાચાર અને ચારિત્ર્યના પાઠ શિખવવામાં આવતા હતા. નચિકેતા, ધ્રુવ, લક્ષ્મણ જેવા અનેક ચારિત્ર્યયુક્ત બાળ-યુવાનોની ગાથા આજે પણ આપણે ગાઈએ છીએ. લોક સમ્રાટ સરદાર વલ્લભભાઈ પટેલને આજે પણ લાખો યાદ કરે છે. કારણ છે શુદ્ધ પારદર્શી ચારિત્ર્ય ! સરદારના જીવનનો સંદેશ આપતું હિમાલયના શિખર સમું ગગનચુંબી Statue of Unity સ્ટિલ, સિમેન્ટનું માત્ર કોઈ પૂતળું નથી

પરંતુ શુદ્ધ ચારિત્ર્યનું પ્રતિમાન છે.

આજના ભૌતિક યુગમાં જ્યારે ધન અને સમૃદ્ધિને વધારે મહત્ત્વપૂર્ણ સમજીને તે પ્રમાણે જીવનની દિશા અને દશા નક્કી કરે છે તેવા લોકોને યાદ કરાવવામાં આવ્યું છે કે

If wealth is lost, nothing is lost;
If health is lost, something is lost;
But if character is lost, everything is lost.

સ્પષ્ટ છે કે જીવનમાં સૌથી વધારે અગત્યનું ચારિત્ર્ય છે. ધનાદિક અન્ય બાબતોનો મબલખ પૂરવઠો હોવાં છતાં બોક્સર મોહમ્મદ અલી અને માઈકલ જેક્શન જેવા તેજસ્વી તારલાઓને પણ કોર્ટના ફરમાનોએ ડાઘ લગાડ્યા છે તે જગજાહેર છે. આટલી ઉંચાઈએ પહોંચ્યા પછી પણ શા માટે માણસનું ચારિત્ર્ય આટલું વહેલું ઓગળી જાય છે. તેનું કારણ છે અંદરથી ચારિત્ર્યની મહત્તા સમજાઈ નથી. વળી, તેના માટે વિચારનું સાતત્ય પણ દેખાતું નથી.

કેવળ માન માટે, જાહેરમાં ચારિત્ર્ય બતાવવું એ ચારિત્ર્યની પરખ નથી. પરંતુ ખરેખર તો 'Character is known in the dark', જ્યારે આપણા પર કોઈની નજર ન હોય ત્યારે આપણે કઈ રીતે વર્તીએ છીએ, એના આધારે આપણા ચારિત્ર્યનું માપ નીકળે છે.

13 July, 1977ના દિવસે અત્યાર સુધી ક્યારેય ન બની હોય તેવી ઘટના અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં બની. સમય હતો રાતે 9.30 વાગ્યાનો. આખું શહેર અચાનક ગાઢ અંધકારમાં ડૂબી ગયું, કારણ હતું Power cut off. ગણતરીના કલાકો બાદ સવારે સૂરજે ક્ષિતિજ પરથી ડોકિયું કર્યું ત્યારે ખબર પડી કે શહેરનાં તમામ શો-રૂમ, નાની નાની દૂકાનો તથા મોલ લુટાઈ ચૂક્યા છે. પોલીસે તપાસ આદરી તો જાણવા મળ્યું કે સુખી ઘરનાં કહેવાતા લોકો પણ આ Black night robberyમાં સામેલ હતા. થોડા સમય માટે અંધારું થયું તેમાં માણસની અસલવૃત્તિ બહાર આવી ગઈ. આ જે અસલવૃત્તિ છે તે જ માણસના ચારિત્ર્યનો માપદંડ છે. ચારિત્ર્યને દેખાડવાની જરૂર નથી તે ગમે ત્યારે સહેજે દેખાઈ જ જશે.

પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજ પણ ઘણીવાર કહેતા : "અંદરથી ચારિત્ર્ય દઢ કરો અને શુદ્ધ ચારિત્ર્યવાન સમાજ તૈયાર કરો" તે માટે તેઓએ એવા ચારિત્ર્યવાન યુવાનોની ફોજ તૈયાર કરી જે અંદરથી શુદ્ધ ચારિત્ર્યવાન હોય.

પ્રમુખસ્વામી મહારાજને અમેરિકામાં એક વખત 10 શહેરોની 'કિ ટૂ ધિ સિટી' અર્પણ કરવામાં આવી. એક ભારતીય ધર્મગુરુ માટે આ મોટું સન્માન હતું. આ સમાચારે કેવળ ભારતીયો જ નહિ પરંતુ ત્યાંના મૂળ નિવાસીઓને પણ આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા. તેમાંના એક શહેરના નાગરિકોએ તેમના મેયરને વાત કરી, "તમે ક્યારેય પ્રમુખસ્વામીને જોયા નથી, એમના પ્રસંગમાં આવ્યા નથી, એમના જીવન વિશે કાંઈ જાણતા નથી છતાં આટલું મોટું સન્માન શા માટે આપ્યું? ચકાસણી કરીને આપો." ત્યારે મેયરે જવાબ આપ્યો, "તમારી વાત સાચી છે અમે પ્રમુખસ્વામી વિશે જાણતા નથી પણ તેના યુવાન શિષ્યો આપણા શહેરમાં રહે છે. તેમનું ચારિત્ર્ય એટલું ઉત્કૃષ્ટ છે કે તેમને જોઈને અમને વિચાર આવ્યો કે જેના શિષ્ય આવા હોય તેના ગુરુ કેવા હશે."

કુવામાં હોય તો હવાડામાં આવે, એ કહેવત પ્રમાણે ગુરુ સોળ આની વર્તે ત્યારે શિષ્ય બે આની વર્તે. પ્રમુખસ્વામી મહારાજ સોળ આની વર્તનારા ગુરુ હતા. તેમની પાસે ગંગા જેવી પવિત્રતા હતી અને હિમાલય જેવા ઉચ્ચ ચારિત્ર્યની શક્તિ હતી. જોકે એમની મૂડી હતી બે જોડી કપડા અને એક માળા. છતાં તેમના ચારિત્ર્યથી નતમસ્તક બ્રિટન, કેનેડા, કેન્યા જેવા દેશોની પાર્લામેન્ટે તેમનું અભૂતપૂર્વ સન્માન કર્યું હતું.

સામાન્ય રીતિથી જીવન જીવીને લોકોનાં હૃદય પર રાજ કરનાર સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ પોતાના જીવન દ્વારા આ પ્રેરણા આપી ગયા. તેમના જીવનથી આપણે પણ પ્રેરણા પ્રાપ્ત કરીને શુદ્ધ ચારિત્ર્યવાન સમાજનો ભાગ બનીએ.

**- ડૉ. સાધુ જ્ઞાનાનંદદાસ**

# ત્વચાને લાંબા સમય સુધી યુવાન રાખવા આ ટિપ્સ ફોલો કરો



**ત્વચાના કોષો માટે ફાયદાકારક! |** ખરાબ જીવનશૈલીના કારણે ત્વચા પર વૃદ્ધત્વ દેખાવા લાગે છે. જેના કારણે ચહેરા પર ફાઈન લાઈન્સ, કરચલીઓ અને ડાર્ક સ્પોટ જેવી સમસ્યાઓ દેખાવા લાગે છે. આવી સ્થિતિમાં, તમારી ત્વચા સંભાળની નિયમિતતા પર યોગ્ય ધ્યાન આપવું મહત્વપૂર્ણ છે. તમારી ત્વચાને લાંબા સમય સુધી યુવાન રાખવા માટે તમે કેટલીક સરળ ટિપ્સ ફોલો કરી શકો છો.

**સનસ્ક્રીનનો ઉપયોગ |** સૂર્યના યુવી કિરણોને કારણે ત્વચા ઝડપથી વૃદ્ધ થાય છે. આના કારણે, કરચલીઓ, ડાર્ક સ્પોટ્સ અને ત્વચાની ઓછી સ્થિતિસ્થાપકતા જેવી સમસ્યાઓ થવા લાગે છે, દરરોજ ઓછામાં ઓછા 30 SPF સાથે બ્રોડ-સ્પેક્ટ્રમ સનસ્ક્રીનનો ઉપયોગ કરો. તે તમારી ત્વચાને સૂર્યના હાનિકારક કિરણોથી બચાવશે.

**રેટિનોઇડ્સનો ઉપયોગ |** Retinoids વિટામિન A ની મદદથી બનાવવામાં આવે છે. ત્વચાના કોષો માટે ફાયદાકારક હોવા ઉપરાંત, તેઓ કોલેજન ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં પણ મદદ કરે છે. તેઓ દંડ રેખાઓ અને કરચલીઓ પણ ઘટાડે છે. આ ઉપરાંત, રેટિનોઇડ્સનો ઉપયોગ ફોલ્લીઓ અને ડાઘ ઘટાડવા માટે થાય છે.

**સ્કીનને હાઇડ્રેટ રાખો |** ત્વચાને ભેજની જરૂર હોય છે જેથી ત્વચા તાજી રહી શકે. આવી સ્થિતિમાં, તમારે હાયલ્યુરોનિક એસિડ સાથે મોઇશ્ચરાઇઝરનો ઉપયોગ કરવો જોઈએ. તે ત્વચાને ઊંડે સુધી મોઇશ્ચરાઈઝ્ડ રાખે છે. તેનાથી ત્વચા પણ ચમકદાર બને છે.

**ત્વચા પર એક્સ્ફોલિયેશન |** ત્વચાના મૃત કોષોને દૂર કરવા માટે, નિયમિતપણે ત્વચા પર હળવા એક્સફોલિયેશન કરો. આલ્ફા-હાઈડ્રોક્સી એસિડ અથવા બીટા-હાઈડ્રોક્સી એસિડ ધરાવતી પ્રોડક્ટ્સ ત્વચાની રચનામાં સુધારો કરે છે અને તેને ચમકદાર બનાવે છે.

# ડુંગળીની છાલને ફેંકી દેવાની ભૂલ ન કરતા આ ત્રણ કામ માટે કરો ઉપયોગ, થશે ફાયદો

શાકભાજીમાં વિટામીન અને મિનરલ્સ ભરપૂર માત્રામાં હોય છે, તેથી આહારમાં શક્ય તેટલી વિવિધ પ્રકારની શાકભાજીનો સમાવેશ કરવાની સલાહ આપવામાં આવે છે. મોટાભાગના ઘરોમાં એક વાત સામાન્ય છે કે કોઈપણ શાકભાજી બનાવવા માટે ડુંગળીમાંથી ગ્રેવી બનાવવાાં આવે છે. ડુંગળી પણ ગુણોની ખાણ છે અને તેમાં અનેક સ્વાસ્થ્ય લાભો છે, પરંતુ ડુંગળીની છાલનો ઉપયોગ કરવાને બદલે તેને ડસ્ટબિનમાં ફેંકી દેવામાં આવે છે. ડુંગળીની જેમ તેની છાલ પણ ઘણા પોષકતત્વોથી ભરપૂર હોય છે અને તેની મદદથી તમે ઘરના ઘણા કામ પૂરા કરી શકો છો. ફ્લેવોનોઈડ્સ, ક્વેર્સેટિન, એલ-ટ્રિપ્ટોફેન, કેલ્શિયમ, પોટેશિયમ, વિટામિન એ,વિટામિન ઈ અને વિટામિન સી ઉપરાંત, ઘણા એન્ટીઑકિસડન્ટો પણ ડુંગળીની છાલમાં જોવા મળે છે, તેથી કોઈએ ડુંગળીની છાલને ફેંકી દેવાની ભૂલ ન કરવી જોઈએ. તો ચાલો જાણીએ કે ડુંગળીની છાલનો ઉપયોગ કયા હેતુઓ માટે કરી શકાય છે.



## ત્વચા માટે ડુંગળીની છાલ

ડુંગળીની છાલમાં વિટામિન A, C અને E હોય છે, તેથી તે તમારી ત્વચા માટે પણ ફાયદાકારક છે. ડુંગળીની છાલના પાણીમાં ચણાનો લોટ અને એક ચપટી હળદર મિક્સ કરીને પેસ્ટ બનાવો. તેને તમારા ચહેરા પર 15 થી 20 મિનિટ સુધી લગાવો અને પછી ચહેરો ધોઈ લો. અઠવાડિયામાં બે વાર આ પેક લગાવવાથી ચહેરા પરના ડાઘ અને ડાઘ દૂર થવા લાગે છે.

## ડુંગળીની છાલ મચ્છરોથી બચવા માટે ઉપયોગી થશે

તમે ડુંગળીના છાલની ગંધ વડે માખીઓ અને મચ્છરોને ભગાડી શકો છો. આ માટે ડુંગળીની છાલને પાણીમાં પલાળી દો અને તેને સ્પ્રે બોટલમાં ભરી લો. આ પાણીનો છંટકાવ કરવાથી માખીઓ, મચ્છર અને અન્ય જીવજંતુઓ દૂર રહે છે.

**ડુંગળીની છાલ રોકશે ખરતા વાળ |** ડુંગળીની છાલને પાણીમાં ઉકાળો, તેને ઠંડુ કરો અને પછી આ પાણીથી સ્કેલ્પ પર થોડીવાર માલિશ કર્યા પછી, વાળ ધોઈ લો. તેનાથી ડેન્ડ્રફની સમસ્યા દૂર થાય છે, આ સિવાય ડુંગળીની છાલના પાણીમાં એલોવેરા મિક્સ કરીને લગાવો. તે ડેન્ડ્રફથી છુટકારો મેળવવા ઉપરાંત વાળ ખરતા પણ ઘટાડે છે. તમે ડુંગળીની છાલને મિક્સરમાં પીસીને બારીક પાવડર પણ બનાવી શકો છો અને તેને એલોવેરા સાથે મિક્સ કરીને પણ લગાવી શકો છો.

# યુધિષ્ઠિરના પ્રશ્નોથી ખુશ થઈને યક્ષે પૂછ્યું કે તમારા પ્રશ્નો થી ખુશ થયો છું કહો વરદાનમાં તમારા ક્યાં એક ભાઈને જીવિત કરું

યક્ષ પ્રશ્ન શું? આ વિશે મહાભારત ગ્રંથ માં યક્ષ રાજ અને ધર્મ પુત્ર યુધિષ્ઠિર વચ્ચેનો સંવાદ વિશે વર્તમાન સમયમાં બધાએ એ વિશે સમજાશે તો જ સાચા અર્થમાં ધર્મ શું? ધર્મ ની વ્યાખ્યા? સમજાશે. મહાભારત ગ્રંથ એ સમગ્ર મનુષ્ય જીવન માટે એક અભ્યાસ છે પાંડવો ના ગુપ્ત વનવાસ દરમિયાન એ વન મા પાંચ પાંડવો એની માતા અને પત્ની સાથે પસાર થઈ રહ્યા હતા. ત્યારે વન માં કુટીર બાંધી ને રહેતા ઋષિ નું યજ્ઞ માટેનું ઉત્તમ ઘાસ હરણ એ આવીને ખાઈ એણે યુધિષ્ઠિર ને કહ્યું કે લલાટ પર થી ક્ષત્રિય લાગો છો એટલે મારી સાથે અન્યાય થયો છે ન્યાય આપવો હરણ ને સજા કરો.

યુધિષ્ઠિર એ ઋષિ ને સાંત્વના આપતા કહ્યું કે પવિત્ર ઘાસ પરત લાવવું અશક્ય છે પરંતુ ધર્મ મુજબ હરણ સજા ને પાત્ર છે. ઋષિ ના આશીર્વાદ પ્રાપ્ત કરીને આજ્ઞા નું પાલન કરતા યુધિષ્ઠિર એ સાથે એના ચારેય ભાઈઓ હરણ ની શોધ માં જુદી જુદી દિશા માં જાય છે.મોકલ્યા. ચાલતા ચાલતા પાંચેય પાંડવો ખૂબ થાક્યા હતા ને બધાને પાણી ની તરસ ખૂબ લાગી હતી. અચાનક નજદીક આવેલ સરોવરમાં જંગલી જાનવર નો પાણી પીવાનો અવાજ સંભળાયો એ ભેગા યુધિષ્ઠિર એ પ્રથમ નકુલ સહદેવ ને હરણ ની શોધ માં સરોવર પાસે મોકલ્યા. નકુલ સહદેવ સરોવર નજીક ગયા ત્યારે ત્યાં હરણ નિહાળ્યું નહિ, તરસ ખૂબ લાગી હતી એટલે નીચા નમિ ને ખોબા વડે પાણી પીવા જતા હતા ત્યાં યક્ષ પ્રગટ થયા ને પૂછ્યું કે પાણી પીતા પહેલા મારા પ્રશ્ન નો જવાબ આપવો પડશે.નકુલ સહદેવ ને તરસ ખૂબ લાગી હતી એટલે એ એણે કહ્યું કે પાણી પી ને તારા પ્રશ્ન નો જવાબ આપીશું. પાણી પીધા ભેગા નકુલ સહદેવ નું મૃત્યુ થતાં ત્યાં જ સરોવર ના કિનારે ઢળી પડ્યા.

નકુલ સહદેવ પરત ના ફરતા યુધિષ્ઠિર એ ભીમ અને અર્જુન ને મોકલ્યા એ બન્ને પણ હરણ નજરે ના પડતાં પાણી ની તરસ ખૂબ લાગી હતી એટલે પ્રથમ પાણી પીવાની ચેષ્ટા કરતા જ મૃત્યુ પામ્યા. ભીમ અર્જુન અને નકુલ સહદેવ પરત ના ફરતા યુધિષ્ઠિર ને ચિંતા થતાં એ સરોવર ની નજીક ગયા ત્યારે એના મૃત ચાર ભાઈઓ ને જોતાજ ચારેય ના માંથા ખોળા પર રાખીને મોટે મોટેથી રડવા લાગ્યા.યુધિષ્ઠિર ને ભાઈઓ ના મૃત્યુ ના લીધે રડતા જોતાજ અદ્રશ્ય યક્ષ એ કીધું કે આ સરોવર પર મારો અધિકાર છે ને તારા ચારેય ભાઈઓ એ મને પૂછ્યા વગર અને મારા પ્રશ્ન નો જવાબ આપવો ઉચિત સમજ્યા વિના પાણી પીધું એટલે મૃત્યુ પામ્યા છે.જો તું મારા પ્રશ્નનો ના સાચા જવાબ આપીશ તો અવશ્ય તને વરદાન આપીશ. આ અદશ્ય અવાજ સાંભળતા જ યુધિષ્ઠિર એ પૂછ્યું કે આપ કોણ છો? પ્રગટ થાવ તમારા પ્રશ્નો ના જવાબ ચોક્કસ આપીશ. યક્ષ એ પ્રગટ થતા પૂછ્યું કે તરસ તો તને પણ ખૂબ લાગી હતી છતાંય તે કેમ તારા ચારેય ભાઈઓ ની જેમ પાણી ના પીધું. ધર્મ પુત્ર યુધિષ્ઠિર એ કહ્યું કે દેવ,જેના પર મારો અધિકાર નથી એનું ગ્રહણ કેવી રીતે કરું? તરસ તો ખૂબ લાગી હતી પરંતુ ભાઈઓ ના મૃતદેહ જોતાજ તરસ તો શું ભૂખ પણ ભૂલી ગયો છું.



યક્ષ પ્રશ્ન

**- રુપાલી દવે**

ધર્મ પુત્ર યુધિષ્ઠિર ના જવાબ થી સંતુષ્ટ થતાં યક્ષ એ કહ્યું કે હું તારા પર ખૂબ ખુશ છું તું મારા પ્રશ્નો ના સાચા જવાબ આપીશ તો તને ઈચ્છિત વરદાન આપીશ.ધર્મ પુત્ર યુધિષ્ઠિર એ યક્ષ ના પ્રશ્નો ના જવાબ ની સ્વીકૃતિ આપી દીધી. યક્ષ એ પૂછેલ પ્રથમ પ્રશ્ન : પૃથ્વી કરતાં વધારે મહત્વ કોનું છે? ધર્મ પુત્ર યુધિષ્ઠિર એ કહ્યું કે પ્રત્યેક વ્યક્તિ ની માતા નું મહત્વ પૃથ્વી કરતાં પણ અનંત ગણું છે. આ સૃષ્ટિ માં બાળક નો જન્મ માતા વગર અશક્ય છે. અનેક કષ્ટ પીડા સહન કર્યા બાદ પણ નાનકડા બાળક ને હાથ માં લેતા જ કલાકો ની અસહ્ય પીડા ભૂલી ને ખુશ થતી હોય છે.ધર્મ પુત્ર યુધિષ્ઠિર ના જવાબ થી ખુશ થઈ ને યક્ષ એ બીજો પ્રશ્ન પુછાયો

પવન થી વધુ ઝડપી શું છે? ધર્મ પુત્ર યુધિષ્ઠિર એ કહ્યું કે માણસ નું મન.મન ની ગતિ પામવી અશક્ય છે. આ પ્રશ્ન બાદ યક્ષ એ ત્રીજો પ્રશ્ન પૂછ્યો: ઘાસ ના તણખલા કરતા પણ વધારે કોની સંખ્યા છે? ધર્મ પુત્ર યુધિષ્ઠિર એ કહ્યું કે દેવ,મન ને કન્ટ્રોલ માં રાખવું અશક્ય છે એટલે તો મન ચંચળ છે એમ કહેવાય છે. આ સૃષ્ટી માં ઘાસ ના તણખલા કરતા પણ વધારે સંખ્યા મનમાં ઉદ્ભવેલ વિચારો ની છે..

ધર્મ પુત્ર યુધિષ્ઠિર ના જવાબ થી ખુશ થઈ યક્ષ એ અન્ય પ્રશ્નો પૂછ્યા કે ધર્મ નું ઉચ્ચતમ સ્થાન ક્યું ? મહત્તમ યશ ક્યો? સ્વર્ગ થી પરે શું છે?સૌથી વખણવા લાયક શું છે? કઈ વસ્તુ ની માલિકી શ્રષ્ઠ ગણાય? સૌથી મોટું ધન? સૌથી મોટું સુખ? સૌથી ઊંચો ધર્મ ક્યો? શેના પર નિયંત્રણ રાખવું જોઈએ? મનુષ્ય એ યોગ્ય બનવા શું ત્યાગ વું જરૂરી છે? શ્રીમંત થવા શું ત્યાગવુ પડે? ધર્માદુ એટલે શું? વગેરે વગેરે પ્રશ્નો ના જવાબ માં ધર્મરાજ યુધિષ્ઠિર એ યક્ષ દ્વારા પુછાયેલ પ્રશ્નો ના જવાબ માં જ્ઞાન, કૌશલ્ય, સત્ય, દાન, ઉદારતા, જ્ઞાન, ઉદારતા, સ્વસ્થ્ય, મન, કોઈ જીવ ને હાની ના પોહચડવી વગેરે વગેરે જવાબ આપ્યા હતા. ધર્મ પુત્ર યુધિષ્ઠિર ના જવાબ થી ખુશ થઈ ને યક્ષ એ પ્રશ્ન પૂછ્યો કે દુનિયા નું સૌથી મોટું આશ્ચર્ય શું છે? ધર્મ પુત્ર યુધિષ્ઠિર એ વિનમ્રતા થી કીધું કે મૃત્યુ એ દુનિયા નું મોટું આશ્ચર્ય છે બધાને ખબર હોય છે કે એક ના એક દિવસ બધાંનું મૃત્યુ નક્કી છે છતાંય બધા અમર હોય એમ જીવતા હોય છે. બધા ધન એકઠું કરવા માં વ્યસ્ત અન્ય ના હક નું છીનવી ને પણ તિજોરી ભરવામાં મનુષ્ય લાગ્યા હોય છે.સાચું ધન એ જેના માટે સુખ દુઃખ,અમીરી ગરીબી,ભૂત ભવિષ્ય બધુંય એક સમાન હોય એટલે કે માણસ ની જીવન માં સંતુષ્ટ હોવું એજ સાચું ધન છે.જેની યશ કીર્તિ સ્વર્ગ સુધી પહોંચવા માં સફળ થઈ એજ સાચી કીર્તિ સમજવી.મૃત્યુ લોક એટલે પૃથ્વી પર મળેલ યશ કીર્તિ એ અગ્નિ માં ભશ્મ થયા બાદ રાખ થઈ જાય છે. ધર્મ પુત્ર યુધિષ્ઠિર ના પ્રશ્નો થી ખુશ થઈ ને યક્ષ એ પૂછ્યું કે તમારા પ્રશ્નો થી ખુશ થયો છું કહો વરદાન માં તમારા ક્યાં એક ભાઈ ને જીવિત કરું? યુધિષ્ઠિર એ કહ્યું કે યક્ષ રાજ મારા ભાઈ નકુલ ને જીવત દાન આપો. યક્ષ રાજ એ શંકિત થતાં પૂછ્યું કે તમારા પ્રિય ભાઈ તો ભીમ છે છતાંય નકુલ કેમ? યુધિષ્ઠિર એ કીધું કે મારે બે માતા કુંતી અને માદ્રી છે કુંતી નો પુત્ર હું યુધિષ્ઠિર જીવિત છું તો મારી માં માદ્રી નો પુત્ર નકુલ પણ જીવિત હોવો જરૂરી છે એટલે. ધર્મ પુત્ર યુધિષ્ઠિર નો જવાબ સાંભળતા જ યક્ષ રાજ ખુશ થતા બોલ્યા કે તું સાચા અર્થમાં મહાન આત્મા છો તારા જેવો પુરુષ મે ક્યાંય જોયો નથી નકુલ સાથે તારા અન્ય ભાઈઓ ને જીવત દાન આપુ છું બોલી યક્ષ રાજ અદ્રશ્ય થઈ ગયા.

## અંતર્દૃષ્ટિ
# ધન લાલસા

દૈનિક જીવનના સુચારુ સંચાલન માટે ધન જરૂરી છે. તેના અભાવમાં અનેક કાર્યો અવરુદ્ધ થઈ જાય છે, જ્યારે તેની વિપુલતામાં કેટલીય સમસ્યાઓ પેદા થઈ જાય છે. મોટાભાગના લોકોના જીવનનું લ-ય માત્ર એ જ છે કે ન્યૂનતમ સમયમાં વધુને વધુ ધનસંપત્તિ ભેગી કરી લેવી. અથાગ ધનની ઉત્કંઠા વિશેષ કરીને યુવાઓ અને બાળકોને ભ્રમિત કરી રહી છે અને તેના સુચારુ, સ્વસ્થ જીવનમાં અડચણ બની રહી છે. ઝડપતી વધતી આ અવાંછિત પ્રવૃત્તિ માટે તે માતા-પિતા, વરિષ્ઠજન, નેતા અને સમાજ પણ દોષી છે, જે અપરિપક્વ મનમાં એ વાત બેસાડી દે છે કે સફળતાનો માપદંડ આર્થિક સમૃદ્ધિ છે. એવું શીખીને કે ધનના જોરે સંસારમાં બધું જ પ્રાપ્ત કરી શકાય છે, તેઓ ધન કમાવાને જ લ-ય બનાવી લે છે અને તેને મેળવવા માટે યોગ્ય-અયોગ્યમાં ભેદ કરવાનું ભૂલી જાય છે.આવા વ્યક્તિ જીવન મૂલ્યો સાથે સહજ રીતે સમજૂતી કરી લે છે. સંબંધોની ગરિમા અને આધ્યાત્મિક સમૃદ્ધિ તેમના માટે અર્થહીન હોય છે.

વ્યવહારમાં એક વાર ધન કમાવાના રસ્તે નીકળી ગયેલો વ્યક્તિ એ જ દિશામાં ઉત્તરોત્તર આગળ વધતો જાયછે. ધનની આવક વધે છે તો બિનજરૂરી વસ્તુઓ પણ જમા થઈ જાય છે. સાથે જ એવી આદતો પણ બને છે, જે માત્ર ક્ષણિક આનંદ આપે છે. અનુભવ દર્શાવે છે કે જે જીવનશૈલી આપણે પસંદ કરીએ છીએ તેમાંથી પાછા વળવું મોટાભાગે દુષ્કર હોય છે. જીવનમાં ધન કમાવાને જ સર્વોપરિ માનનારા આધ્યાત્મિક, બૌદ્ધિક તથા ભાવનાત્મક દૃષ્ટિએ સંપન્ન વ્યક્તિને ઉતરતો આંકે છે અને તેને હીણી દૃષ્ટિથી જુએ છે. તેનામાં અહંકાર આવી જાય છે અને આ જ તેના વિનાશનું કારણ બને છે. એના પહેલાં કે ધનની અધિકતા આપણને યોગ્ય માર્ગથી વિચલિત કરી દે, વિચાર કરવો પડશે કે શ્રેષ્ઠ-સુખી જીવન માટે કેટલા ધનથી આપણાં કાર્યો નિભાવી શકાશે. એ પણ કે ધન સાધન માત્ર રહે અને લ-ય ન બની જાય.

ભીડનો ફાયદો ઉઠાવીને એક શખ્સે અયોગ્ય રીતે સ્પર્શ કર્યો...

# ...અને ઈશા દેઓલે જોરથી થપ્પડ મારી દીધી



(એજન્સી) મુંબઇ | તા.14

વર્ષ 2002માં 'કોઈ મેરે દિલ સે પૂછે'થી પોતાના કરિયરની શરૂઆત કરનાર એશા દેઓલે લોકોના દિલમાં ખાસ જગ્યા બનાવી છે. જોકે, તેની શરૂઆત લાગે છે એટલી સરળ નહોતી. તેણે થોડા દિવસ પહેલા એક ઈન્ટરવ્યુમાં પહેલી ફિલ્મ પછીનો પોતાનો અનુભવ શેર કર્યો હતો. તેણે ડેબ્યૂ પછી તેની માતા સાથેની સરખામણીથી લઈને ફિલ્મના પ્રીમિયર દરમિયાન તેની સાથે થયેલી છેડતી સુધી તમામ બાબતો વિશે જણાવ્યું. આ સિવાય તેણે એ પણ ખુલાસો કર્યો કે તેના પિતા ધર્મેન્દ્ર તેને ફિલ્મોમાં કામ કરવા માંગતા ન હતા. ઈશા દેઓલે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તેના પિતા ઈચ્છતા હતા કે તે 18 વર્ષની ઉંમરે લગ્ન કરીને સેટલ થઈ જાય. ઈશાએ કહ્યું, "આ વિચાર તેના ઓર્થોડોક્સ પૃષ્ઠભૂમિને કારણે હતો. તે પંજાબી હતો, તેનો ઉછેર તેના ઘરમાં આ રીતે થયો હતો અને તેના પરિવારની મહિલાઓનો પણ આ જ રીતે ઉછેર થયો હતો. તેથી જ તે મારા ફિલ્મોમાં આવવાથી બહુ ખુશ નહોતો.' ઈશાએ કહ્યું કે તેને મનાવવામાં ઘણો સમય લાગ્યો અને તેને મનાવવો ઘણો મુશ્કેલ હતો. ઈશાએ કહ્યું કે લગ્ન કરવાને બદલે તે કરિયર બનાવવા અને કંઈક સારું કરવા માંગતી હતી.

## ઈશાને તેની માતાથી પ્રેરણા મળી હતી

એશા દેઓલે કહ્યું કે તેનો ઉછેર ખૂબ જ અલગ હતો, તે તેની માતા હેમા માલિનીથી પ્રેરિત હતી. તેણે બાળપણથી જ હેમા માલિનીને ફિલ્મોમાં એક્ટિંગ અને ડાન્સ કરતી જોઈ હતી. ઘણી સમજાવટ બાદ ઈશાને ફિલ્મોમાં કામ કરવાની પરવાનગી મળી. તેણે વર્ષ 2002માં ડેબ્યૂ કર્યું હતું, જો કે તે તેના માટે ખૂબ જ ખાસ હતું, પરંતુ લોકો તેની સરખામણી હેમા માલિની સાથે કરવા લાગ્યા. હેમા માલિનીની સલાહ બાદ તેમણે લોકો શું કહે છે તેના કરતાં પોતાની કારકિર્દી પર વધુ ધ્યાન આપવાનું શરૂ કર્યું. થોડા સમય પછી તેની સાથે બીજી ઘટના બની જે ખૂબ જ ચોંકાવનારી હતી.

# સૌથી પહેલાં 'ગે' બની પડદા પર આવ્યો હતો શાહરૂખ!



(એજન્સી) મુંબઇ | તા.14

શાહરૂખ ખાનને હાલ બોલીવુડનો બાદશાહ અને કિંગ ખાન કહેવામાં આવે છે. બીજા કલાકારોની ફિલ્મો ફ્લોપ જઈ રહી છે તેવા સમયમાં શાહરુખની જવાબ અને પઠાણે બોક્સ ઓફિસ પર ફરી ધમાલ મચાવી હતી.

શાહરુખ ખાનને હંમેશા તમે રોમાન્સ તેમજ એક્શન અવતારમાં જોયો હશે. પરંતુ શું તમે જાણો છો શાહરુખ ખાને આ મુવીમાં ગે બન્યો હતો? ભાગ્યે જ કોઈને તેની આ ફિલ્મ વિશે ખ્યાલ હશે. આ વાત ત્યારની છે જ્યારે શાહરુખ ખાન ફિલ્મ જગતમાં નવો નવો આવ્યો હતો. અલબત્ત આવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. એ સમયે શાહરૂખે એક 'ગે' કોલેજ સ્ટુડન્ટની ભૂમિકા ભજવણી હતી.

આ ફિલ્મનો 35 વર્ષ જૂનો એક વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ખુબ જ વાયરલ થઈ રહ્યો છે. આ વાયરલ વીડિયો જોઈને ફેન્સ પણ હેરાન થઈ ગયા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં તમે ગે નું પાત્ર ભજવતા શાહરુખને જોઈ શકો છો. ગે ના પાત્રમાં જોઈને ચાહકો પણ ચોંકી ગયા હતા.

**આ ફિલ્મનો 35 વર્ષ જૂનો એક વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ખુબ જ વાયરલ થઇ રહ્યો છે**

શાહરુખ ખાને એની ફિલ્મી કરિયરની શરૂઆત રાજૂ બન ગયા જેન્ટલમેન સાઈન કરી હતી, પરંતુ આ પહેલાં એની બીજી ફિલ્મ દીવાના રિલીઝ થઈ હતી. આ બન્ને ફિલ્મો પહેલાં શાહરુખ ખાને અરૂંધતી રોયની ટેલી ફિલ્મ In Which Annie Gives it those Ones માં કામ કર્યું હતુ. આ ફિલ્મ દૂરદર્શન પર બતાવવામાં આવી હતી. આમાં શાહરુખ ખાને ગે કોલેજનાં સ્ટૂડન્ટની ભૂમિકા નિભાવી હતી.

આ ફિલ્મનું નિર્દેશન પ્રદીપ કૃષ્ણે કર્યું હતુ અને આમાં શાહરુખ ખાન સિવાય રોશન સેઠ, હિમાની શિવપુરી અને ઋતુરાજ સિંહ પણ હતાં. ફિલ્મમાં મનોજ બાજપેયી અને રઘુબીર યાદવે પણ મહત્વની ભૂમિકા નિભાવી છે.

લેટેસ્ટમાં X પર મિમંશા શેખર નામની એક યુઝરે શાહરુખ ખાનનાં આ ફિલ્મની એક નાની ક્લિપ શેર કરી છે. આ ક્લિપમાં એમને જણાવ્યું કે, અરૂંધતી રોયનાં એવોર્ડ વિનિંગ ફિલ્મમાં શાહરુખ ખાને નાની ભૂમિકા નિભાવી હતી. આ ફિલ્મમાં શાહરુખ ખાનનાં થોડા સીન જોવા મળ્યાં હતા.

# સૈફ અલી ખાને કપિલના શોમાં આવું કેમ કહ્યું?



(એજન્સી) મુંબઇ | કપિલ શર્માના શો 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'ની બીજી સીઝનની રાહ પૂરી થઈ ગઈ છે. મેકર્સે શોનું ટ્રેલર લોન્ચ કરી દીધું છે. શોનું ટ્રેલર 1.52 મિનિટનું છે, આ સમગ્ર ટ્રેલરમાં મહેમાનોની નાની-નાની વિડિયો ક્લિપ્સ છે, જે જોવામાં ખૂબ જ મજેદાર લાગે છે. આ શો 21 સપ્ટેમ્બરથી Netflix પર સ્ટ્રીમ થશે. ટ્રેલરમાં આલિયા ભટ્ટ, જુનિયર એનટીઆર, જાહ્નવી કપૂર, રોહિત શર્મા સહિત અનેક સેલિબ્રિટીઝની ઝલક બતાવવામાં આવી છે. ટ્રેલરના અંતમાં સૈફ અલી ખાન પણ જોવા મળે છે, જેને કપિલ શર્માએ તેના પુત્ર ઈબ્રાહિમ અલી ખાન



વિશે પૂછ્યું હતું. સૈફ અલી ખાનનો જવાબ સાંભળીને કપિલ શર્મા હસવા લાગ્યો. શોના ટ્રેલરમાં કેટલાક એપિસોડની ઝલક જોવા મળી હતી, જેમાં આલિયા ભટ્ટ તેની ફિલ્મ 'જીગ્રા'નું પ્રમોશન કરતી જોવા મળી હતી, જાહ્નવી કપૂર 'દેવરા'નું પ્રમોશન કરતી જોવા મળી હતી. મોટી-મોટી હસ્તીઓની સાથે ભારતીય ક્રિકેટરોએ પણ આ શોનો ઉત્સાહ વધાર્યો હતો. ટ્રેલરના અંતમાં કપિલ શર્માએ સૈફ અલી ખાનને સવાલ કર્યો અને કહ્યું, "થોડા દિવસો પહેલા આમિર ખાન શોમાં આવ્યો હતો, તેણે કહ્યું હતું કે તેના બાળકો તેની વાત સાંભળતા નથી. ઈબ્રાહિમ પણ ટૂંક સમયમાં ફિલ્મોમાં જોવા મળવાનો છે, તો શું તે તમારી સાથે સહમત છે? આ સવાલનો જવાબ આપતા સૈફે કહ્યું, 'ઈબ્રાહિમે આમિર ખાનની વાત સાંભળવી જોઈએ.' તેના જવાબ પર કપિલ શર્મા જોર જોરથી હસવા લાગ્યો.

ખુશી કપૂર સાથે ડેબ્યૂ કરી રહી છે ઈબ્રાહિમની વાત કરીએ તો તે આ વર્ષે બોલિવૂડ એક્ટર તરીકે ડેબ્યૂ કરવા જઈ રહ્યો છે. આ ફિલ્મનું શીર્ષક 'નાદાનિયાં' છે, જેમાં મુખ્ય અભિનેત્રી જાહ્નવી કપૂરની બહેન ખુશી કપૂર હશે. આ ફિલ્મ કરણ જોહરના પ્રોડક્શન હાઉસ ધર્મા પ્રોડક્શનના બેનર હેઠળ બની રહી છે. ઈબ્રાહિમે કરણ જોહરને 'રોકી ઔર રોની કી પ્રેમ કહાની'માં આસિસ્ટ કર્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે 'નાદાનિયાં' એક રોમેન્ટિક કોમેડી હશે. આ ફિલ્મ OTT પર રિલીઝ થશે. ફિલ્મનું નિર્દેશન શૌના ગૌતમ કરી રહી છે. ખુશી કપૂરની આ બીજી ફિલ્મ બનવા જઈ રહી છે, ખુશીએ સુહાના ખાન સાથે 'આર્ચીઝ'થી ડેબ્યૂ કર્યું હતું, જે OTT પર રિલીઝ થઈ હતી. જેનું નિર્દેશન ક્યોજ ઈરાનીએ કર્યું હતું.'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'ની લેટેસ્ટ સીઝનમાં કીકુ શારદા, કૃષ્ણા, અર્ચના પુરણ સિંહ, સુનીલ ગ્રોવર, રાજીવ ઠાકુર એક અલગ જ અવતારમાં જોવા મળશે.

# રવીનાએ ચાહકોની માફી માંગી અને કહ્યું- મારે ગભરાવું ન જોઈએ

(એજન્સી) મુંબઇ | તા.14

રવિના ટંડન ઘણીવાર તેની ફિલ્મો અને અંગત જીવનને લઈને ચર્ચામાં રહે છે. રવિનાએ ફરી એકવાર OTT દ્વારા ફિલ્મોમાં કમબેક કર્યું છે. અભિનેત્રી ટૂંક સમયમાં અક્ષય કુમાર સાથે 'વેલકમ ટુ ધ જંગલ'માં પણ જોવા મળશે. હાલમાં જ રવિના ટંડને તેના તમામ ફેન્સની માફી માંગી છે. તેણે પોતાના એક્સ એકાઉન્ટ પર એક લાંબી પોસ્ટ પણ શેર કરી છે અને તેની માફી માંગવા પાછળનું કારણ પણ જણાવ્યું છે. રવિનાના કહેવા પ્રમાણે, તે હજુ પણ એક જૂના અકસ્માતના આઘાતમાં છે અને હવે તે નર્વસ પણ થઈ જાય છે. વાસ્તવમાં, રવિનાએ લંડનમાં તેના ફેન્સ સાથે ફોટો ક્લિક કરાવવાની ના પાડી દીધી અને તે ત્યાંથી ભાગી ગઈ.



રવિના ટંડને તેની શેર કરેલી પોસ્ટમાં લખ્યું છે કે તાજેતરમાં તે લંડનમાં હતી અને તેના ચાહકો તેની પાસે સેલ્ફી લેવા આવ્યા હતા, પરંતુ તે સમયે તે નર્વસ થઈ ગઈ અને ઝડપથી ત્યાંથી નીકળી ગઈ. રવીનાએ થોડા મહિના પહેલા થયેલા એક અકસ્માત પર તેની પ્રતિક્રિયા પાછળનું કારણ જણાવ્યું. રવીનાએ લખ્યું, "આ ફક્ત રેકોર્ડમાં રાખવા માટે છે.

થોડા દિવસો પહેલા હું લંડનમાં ફરતો હતો અને કેટલાક લોકો મારી પાસે આવ્યા, મેં અહીં ગુનાખોરીની સ્થિતિ વિશે આટલી સારી વાતો સાંભળી નથી, તેથી જ્યારે તેઓએ પૂછ્યું કે શું હું સમાન છું, તો મેં પહેલા કહ્યું કે તેણી ના કહ્યું અને ત્યાંથી ઝડપથી ચાલવા લાગ્યો, તે સમયે હું પણ એકલો હતો.

# દિલજીતના કોન્સર્ટના ટિકિટ રેટ જોઈને ઈન્ફ્લુએન્સર ગુસ્સે થઈ

(એજન્સી) મુંબઇ | તા.14

પંજાબી સિંગર અને ફેમસ એક્ટર દિલજીત દોસાંઝ ટૂંક સમયમાં ભારતમાં 'દિલ-લુમિનેટી ટૂર' કરવા જઈ રહ્યો છે. ગુરુવારે ગાયકના કોન્સર્ટની તમામ ટિકિટો થોડીવારમાં વેચાઈ ગઈ હતી. હવે આ અંગે મુંબઈની કોમેડિયન અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર સૌમ્યા સાહનીની પ્રતિક્રિયા સામે આવી છે. સૌમ્યાએ કહ્યું કે 'દિલજીત દોસાંજને તેના ચાહકો પાસેથી આટલી ફી લેવાનો કોઈ અધિકાર નથી. તેના ઘણા ચાહકો એવા છે જેમની પાસે પૈસા નથી અથવા તો બેરોજગાર છે.' ઈન્ફ્લુએન્સર સૌમ્યા સાહનીએ ગુરુવારે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે. જેમાં તેણે કહ્યું કે મને પછીથી આ વાતનો અફસોસ થઈ શકે છે, પરંતુ મારે કહેવું જ જોઈએ કે કોઈ



ભારતીય કલાકાર જ્યારે છ શહેરોમાં પરફોર્મન્સ કરે છે ત્યારે તેને 20-25 હજાર રૂપિયા લેવાનો કોઈ અધિકાર નથી. તે ત્રણ સેટ પ્લે કરી શકે છે કારણ કે તેના મુખ્ય પ્રેક્ષકો પાસે પૈસા નથી, નોકરીઓ નથી, તેમની પાસે જે પોતાના દેશ માટે દેશની ભાષમાં મનોરંજન કરાવે તેવા કલાકારોનું એક સીમિત માધ્યમ છે. સૌમ્યાએ વધુમાં કહ્યું કે, 'મારા માટે એ ખૂબ જ વિચિત્ર છે કે એક કલાકાર જેની કોન્સર્ટમાં બાળકો પણ જોવા જઈ શકતા હતા.

# ગોવિંદાની પત્ની સુનીતા આહુજાએ કહ્યું... તે એક માણસ છે, ગાય નથી...



(એજન્સી) મુંબઇ | એક સમયે બોલિવૂડના 'હીરો નંબર 1' ગણાતા ગોવિંદાએ વર્ષ 1986માં ફિલ્મ 'ઈલ્ઝામ'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. ફિલ્મી કરિયર શરૂ કર્યાના એક વર્ષ પછી એટલે કે 1987માં તેણે સુનીતા આહુજા સાથે લગ્ન કર્યા. બંનેના લગ્નને 40 વર્ષ થયા છે. ગોવિંદાની જેમ, જ્યારે પણ તેની પત્ની કોઈપણ ઈવેન્ટ અથવા કોઈપણ ટીવી શોમાં હાજરી આપે છે, ત્યારે તે તેની ખુશખુશાલ શૈલીથી લોકોના દિલ જીતી લે છે.

તાજેતરમાં, અંકિત પોડકાસ્ટ સાથેના ટાઈમઆઉટમાં, સુનીતાએ ખુલાસો કર્યો હતો કે એક સમયે ગોવિંદાની ફેન ફોલોઈંગ એટલી હતી કે મહિલા ચાહકો તેના ઘરની બહાર ભેગા થતા હતા. ઘણા લોકો ગોવિંદાને એટલો પસંદ કરતા હતા કે તેઓ તેને જોઈને બેહોશ થઈ જતા હતા. આ અંગે સુનિતાને પોડકાસ્ટમાં પૂછવામાં આવ્યું કે શું તે મહિલા ચાહકોમાં ગોવિંદા માટેનો આવો ક્રેઝ જોઈને અસુરક્ષિત અનુભવે છે.

ગોવિંદાની પત્નીએ શું આપ્યો જવાબ?

આના પર સુનીતાએ કહ્યું, 'હીરોની પત્ની હોવાને કારણે, તમારે તમારા હૃદયમાં આટલો મોટો પથ્થર રાખવો પડશે, નહીં તો તમે હીરો સાથે લગ્ન કરશો નહીં.' તેણે આગળ કહ્યું, "મને તેનાથી કોઈ ફરક નથી પડતો. તમારે તમારામાં વિશ્વાસ રાખવો પડશે. હવે તે માણસ છે, તમે એમ ન કહી શકો કે ગાય માણસ છે. થતું હોવું જોઈએ. તે ઠીક છે, તે આજુબાજુ રખડે છે અને રાત્રે ઘરે આવે છે, બરાબર ને? જ્યારે સુનીતને પૂછવામાં આવ્યું કે શું તે ગોવિંદા જ્યારે ફિલ્મના શૂટિંગ માટે વિદેશ ગયો હતો ત્યારે તેની સાથે તેણે પણ મુસાફરી કરી હતી. આ અંગે તેણે કહ્યું, "ટીના (તેમની પુત્રી) ઘણી નાની હતી અને તેની શાળા શરૂ થઈ ગઈ હતી. તેથી, હું ભાગ્યે જ જઈ શક્યો.' શું તેને ક્યારેય ગોવિંદા પર ગર્વ થયો છે?

# વિશાલ ભારદ્વાજની ફિલ્મમાં શાહિદ સાથે તૃપ્તિ ડિમરીની જોડી



(એજન્સી) મુંબઇ | તા.14

શાહિદ કપૂર અને તૃપ્તિ ડીમરીની જોડી પ્રથંમ વખત રૂપેરી પડદા પર સાથે જોવા મળવાની છે. વિશાલ ભારદ્વાજના દિગ્દર્શન હેઠળ બની રહેલી ફિલ્મમાં શાહિદ સાથે હિરોઈન તરીકે તૃપ્તિની પસંદગી કરાઈ છે. સાજિદ નડિયાદવાળાએ ફિલ્મમાં શાહિદ અન તૃપ્તિની જોડી હશે તેવું સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જાહેર કર્યું હતું. જોકે, આ ફિલ્મના જોનર કે ટાઈટલ વિશે હજુ વિગતો અપાઈ નથી. શાહિદ કપૂર અગાઉ વિશાલ ભારદ્વાજની 'હૈદર' તથા 'કમીને'માં કામ કરી ચૂક્યો છે. વિશાલ ભારદ્વાજ તેની સ્ટાઈલ પ્રમાણે વધુ એક ગેંગસ્ટર ડ્રામા બનાવશે કે પછી કોઈ રોમેન્ટિક ફિલ્મ હશે તે હજુ જાણવા મળ્યું નથી. તૃપ્તિ ડિમરીને 'એનિમલ'ની સફળતાથી લાભ થયો છે અને હાલ બોલીવૂડના એક પછી એક પ્રોડક્શન હાઉસ તેને સાઈન કરી રહ્યા છે.



# યુવરાજની બાયોપિકમાં હિરોઈન તરીકે ફાતિમા સના શેખની પસંદગી



(એજન્સી) મુંબઇ | તા.14

ભારતીય ક્રિકેટર યુવરાજ સિંહની બાયોપિકમાં તેની ગર્લફ્રેન્ડનું પાત્ર ફાતિમા સના શેખ ભજવશે તેવી ચર્ચા છે. નિર્માતા સાથે ફાતિમાની વાતચીત ચાલી રહી છે. જોક ફિલ્મની ટીમ કે ફાતિમાએ હજુ સુધી આ અંગે સત્તાવાર રીતે ઘોષણા કરી નથી. ફિલ્મમાં યુવરાજ સિંહનો રોલ કોણ ભજવશે તેના વિશે હજી સુધી નિર્ણય લેવાયો નથી. ટી સીરિઝના ભૂષણ કુમાર આ ફિલ્મ બનાવી રહ્યા છે. તેનું દિગ્દર્શન રવિ ભાગચંદકા કરવાના છે. ફાતિમા સના શેખ આ પહેલાં આમિર ખાનની 'દંગલ'માં કામ કરી ચૂકી છે. જો તે યુવરાજ સિંઘની બાયોપિકમાં કામ કરશે.

# જે અત્યાર સુધી કોઇ અભિનેત્રી માટે નથી થયું તે કરીના કપૂર માટે થવા જઈ રહ્યું છે

(એજન્સી) મુંબઇ | તા.14

ફિલ્મ 'ધ બકિંગહામ મર્ડર્સ'ને કારણે ચર્ચામાં રહેલી કરીના કપૂર 2.5 દાયકાથી બોલિવૂડમાં કામ કરી રહી છે. તેણે અત્યાર સુધીમાં 60 થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે. હવે તેની લાંબી કારકિર્દીની ઉજવણી કરવા માટે કંઈક એવું થવા જઈ રહ્યું છે, જે અગાઉ કોઈ ભારતીય અભિનેત્રી માટે બન્યું નથી.

હંસલ મહેતાના નિર્દેશનમાં 13 સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં એક ફિલ્મ રિલીઝ થઈ છે. નામ- 'ધ બકિંગહામ મર્ડર્સ'. આ મર્ડર મિસ્ટ્રી થ્રિલર ફિલ્મમાં કરીના કપૂર લીડ રોલમાં જોવા મળી રહી છે. કરીના આ ફિલ્મને કારણે ચર્ચામાં છે, પરંતુ આ સિવાય તેના વિશે એક અન્ય એવા સમાચાર સામે આવ્યા છે, જેને સાંભળીને તેના ફેન્સ ખૂબ જ ઉત્સાહિત થઈ જશે. કરીના બોલીવુડની ટોચની અભિનેત્રીઓમાં સામેલ છે. તે 2000 થી બોલીવુડમાં કામ કરી રહી છે. આવતા વર્ષે તે બોલિવૂડમાં 25 વર્ષ પૂર્ણ કરશે. પિંકવિલાના અહેવાલ મુજબ, તેમના 25 વર્ષના માઈલસ્ટોનને શ્રદ્ધાંજલિ આપવા માટે તેમના નામે એક ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવનાર છે. ભારતમાં આ પહેલા કોઈ અભિનેત્રી માટે આવું બન્યું નથી. એટલે કે કરીના પહેલી અભિનેત્રી હશે જેના માટે ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવશે. જો કે આ પહેલા બોલિવૂડના બે કલાકારો માટે ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે.

## કારકિર્દીના 25 વર્ષની ઉજવણી

પ્રથમ અભિનેતા દિલીપ કુમાર છે. વર્ષ 2022માં તેમની 100મી જન્મજયંતિ પર 'દિલીપ કુમાર: હીરો ઓફ હીરો' નામનો ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. બીજું નામ અમિતાભ બચ્ચનનું છે. તેમના 80માં જન્મદિવસ નિમિત્તે હેરિટેજ ફાઉન્ડેશન દ્વારા ચાર દિવસીય ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. હવે કરીનાની કારકિર્દીના 25 વર્ષની ઉજવણી કરવા માટે એક ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવશે.

જો કે, આ કાર્યક્રમ કોની તરફથી આયોજિત કરવામાં આવશે તે અંગે હજુ સુધી કોઈ માહિતી બહાર આવી નથી. રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે આ એક મલ્ટિ-સિટી ફિલ્મ ફેસ્ટિવલ બનવા જઈ રહ્યો છે, જ્યાં ફરી એકવાર ચાહકોને કરીનાની શ્રેષ્ઠ ફિલ્મો મોટા પડદા પર જોવા મળશે.

## આ ફિલ્મમાં કરીના જોવા મળશે

'સિંઘમ અગેન', જે 'સિંઘમ' ફ્રેન્ચાઈઝીનો ત્રીજો ભાગ છે. આ ફિલ્મના બીજા ભાગમાં કરીના પણ હતી. આ ફિલ્મમાં અજય દેવગન, અર્જુન કપૂર, દીપિકા પાદુકોણ, ટાઈગર શ્રોફ, જેકી શ્રોફ, અક્ષય કુમાર અને રણવીર સિંહ પણ સામેલ છે.



**ખાસ કરીના માટે આવતા વર્ષે ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવશે**



## કરીના કપૂરે કરિયરની શરૂઆત 'રેફ્યુજી' ફિલ્મથી કરી હતી

કરીના કપૂરે પોતાના કરિયરની શરૂઆત 'રેફ્યુજી' નામની ફિલ્મથી કરી હતી. જે.પી. દત્તાના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મમાં કરીના સાથે અભિષેક બચ્ચન જોવા મળ્યો હતો. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ કમાલ કરી શકી નથી. આ ફિલ્મે સરેરાશ 17.08 કરોડની કમાણી કરી હતી. તે પછી કરીનાએ ફિલ્મ 'મુછે કુછ કહેના હૈ', 'યાદીં', 'અજનબી' અને 'અશોકા'માં કામ કર્યું. પરંતુ તેને વાસ્તવિક ઓળખ 2001માં રિલીઝ થયેલી ફિલ્મ 'કભી કભી ખુશી ગમ'થી મળી હતી. આ તસવીરમાં તેની સામે રિતિક રોશન હતો. શાહરૂખ ખાન અને કાજોલ પણ આ ફિલ્મનો ભાગ હતા. કરીનાએ અત્યાર સુધીની કારકિર્દીમાં લગભગ દરેક શૈલીની ફિલ્મોમાં કામ કર્યું છે. પછી તે કોમેડી હોય, એક્શન હોય, મિસ્ટ્રી થ્રિલર હોય કે રોમેન્ટિક. જોકે હવે જોવાનું એ રહે છે કે કરીના કપૂરના આ ફિલ્મ ફેસ્ટિવલની જાહેરાત ક્યારે થશે.

# ભારત બાંગ્લાદેશ સામે 10 રેકોર્ડ બનાવી શકે

## ટીમ ઈન્ડિયા પણ બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટ જીતીને ઈતિહાસ રચશે:દક્ષિણ આફ્રિકા કરતાં વધુ ટેસ્ટ જીતવાની તક; કોહલી 27,000 રનની નજીક



ભારત અને બાંગ્લાદેશે 2 ટેસ્ટ મેચની શ્રેણી માટે પોતપોતાની ટીમોની જાહેરાત કરી દીધી છે. શ્રેણી 19 સપ્ટેમ્બરથી શરૂ થશે, પ્રથમ ટેસ્ટ ચેન્નાઈમાં અને બીજી કાનપુરમાં રમાશે. ટીમ ઈન્ડિયા અને ભારતીય ખેલાડીઓ શ્રેણીમાં 10 મોટા રેકોર્ડ બનાવી શકે છે. સ્ટોરીમાં 10 રેકોર્ડ વિશે જાણીશું. સાથે જ શ્રેણીનાં પરિણામોની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ્સ ટેબલ પર શું અસર પડશે. એના પર પણ નજર કરીશું, શરૂઆત કરીએ રેકોર્ડ્સથી...

### 1. ટેસ્ટમાં ચોથી સૌથી સફળ ટીમ બનવાની તક

ભારત પાસે સૌથી વધુ ટેસ્ટ જીતવાના મામલે દક્ષિણ આફ્રિકાને પાછળ છોડવાની તક છે. ટીમ ઈન્ડિયાએ 579માંથી 178 મેચ જીતી છે, ટીમ બંને મેચમાં બાંગ્લાદેશને હરાવીને 180 જીત હાંસલ કરશે. દક્ષિણ આફ્રિકા હાલમાં 179 જીત સાથે ચોથા સ્થાને છે. ઓસ્ટ્રેલિયા 414 જીત સાથે પ્રથમ, ઈંગ્લેન્ડ 397 જીત સાથે બીજા અને વેસ્ટ ઈન્ડિઝ 183 જીત સાથે ત્રીજા સ્થાને છે.

### 2. પ્રથમ ટેસ્ટ જીતીને ઈતિહાસ રચવાની તક

ટીમ ઈન્ડિયા પણ બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટ જીતીને ઈતિહાસ રચશે. 92 વર્ષના ભારતીય ક્રિકેટ ઈતિહાસમાં આ પહેલીવાર બનશે જ્યારે દેશની ટેસ્ટ જીતની સંખ્યા હારથી વધુ હશે. હાલમાં ભારતે 178 ટેસ્ટ જીતી છે અને આ સમયગાળા દરમિયાન ભારતે 212 ટેસ્ટ ડ્રો પણ રમી હતી. હાલમાં માત્ર ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા અને પાકિસ્તાનની પાસે જ ટેસ્ટમાં હાર કરતાં વધુ જીત છે.

### 3. બાંગ્લાદેશને પાકિસ્તાન કરતાં વધુ વખત હરાવવાની તક

ભારતે બાંગ્લાદેશ સામે 13માંથી 11 ટેસ્ટ જીતી છે, જ્યારે 2 મેચ ડ્રો રહી હતી. ટેસ્ટ શ્રેણી 2-0થી જીતીને ટીમ ઈન્ડિયા પાસે બાંગ્લાદેશ સામે દક્ષિણ આફ્રિકા અને પાકિસ્તાન કરતાં વધુ ટેસ્ટ જીતવાની તક છે. બંને દેશોએ બાંગ્લાદેશને 12-12 ટેસ્ટમાં હરાવ્યું છે. શ્રીલંકાએ બાંગ્લાદેશને સૌથી વધુ 20 ટેસ્ટમાં હરાવ્યું છે. વેસ્ટ ઈન્ડિઝ અને ન્યૂઝીલેન્ડ 14-14 જીત સાથે બીજા અને ત્રીજા સ્થાને છે.

### 4. વિરાટ પાસે 9000 ટેસ્ટ રન પૂરા કરવાની તક

ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન વિરાટ કોહલી 9000 ટેસ્ટ રનની નજીક છે. હાલમાં તેના નામે 113 ટેસ્ટમાં 8,848 રન છે. તે બાંગ્લાદેશ સામે 152 રન બનાવીને 9000 રનનો આંકડો પાર કરી શકે છે. આવું કરનાર તે માત્ર ચોથો ભારતીય હશે, તેના પહેલાં માત્ર સચિન તેંડુલકર, રાહુલ દ્રવિડ અને સુનીલ ગાવસ્કર આવું કરી શક્યા હતા.

### 5. વિરાટ બ્રેડમેન કરતાં વધુ સદી ફટકારી શકે

વિરાટ કોહલીના નામે 113 ટેસ્ટમાં 29 સદી છે. જો તે બાંગ્લાદેશ સામે એક સદી ફટકારશે તો તે ઓસ્ટ્રેલિયાના મહાન સર ડોનાલ્ડ બ્રેડમેન કરતાં વધુ સદી ફટકારશે. બ્રેડમેનના નામે 52 ટેસ્ટમાં 29 સદી છે. ભારત માટે સૌથી વધુ સદી ફટકારનાર ખેલાડીઓમાં વિરાટ ચોથા સ્થાને છે. તેનાથી આગળ તેંડુલકર, દ્રવિડ અને ગાવસ્કર છે.

### 6. વિરાટ 27 હજાર આંતરરાષ્ટ્રીય રનની નજીક

વિરાટ કોહલી ટેસ્ટ, ODI અને T-20 સહિત ત્રણેય ફોર્મેટમાં 27 હજાર રનની નજીક છે. તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટની 533 મેચોમાં 26,942 રન બનાવ્યા છે. બાંગ્લાદેશ સામે માત્ર 58 રન બનાવીને તે 27 હજાર આંતરરાષ્ટ્રીય રન પૂરા કરનાર ચોથો ખેલાડી બની જશે. તેના પહેલા માત્ર સચિન, શ્રીલંકાનો કુમાર સંગાકારા અને ઓસ્ટ્રેલિયાનો રિકી પોન્ટિંગ જ આ કરી શક્યો હતો.

**7. લાયનને પછાડી શકે છે અશ્વિન :** ભારતના રવિચંદ્રન અશ્વિન પાસે ટેસ્ટ વિકેટના મામલે ઓસ્ટ્રેલિયાના નાથન લાયનને પાછળ છોડવાની તક છે. સિંહના નામે હાલમાં 129 ટેસ્ટમાં 530 વિકેટ છે જ્યારે અશ્વિને 100 ટેસ્ટમાં 516 વિકેટ લીધી છે. બાંગ્લાદેશ સામે 15 વિકેટ લઈને અશ્વિન લાયનને પાછળ છોડી દેશે.

**8. સૌથી વધુ 5 વિકેટ ઝડપનાર બોલર :** રવિચંદ્રન અશ્વિને હાલમાં 100 ટેસ્ટની 36 ઈનિંગ્સમાં 5 કે તેથી વધુ વિકેટ લીધી છે. અશ્વિને બાંગ્લાદેશ સામેની 2 ઈનિંગ્સમાં 5 પ્લસ વિકેટ લેતા જ તે ઓસ્ટ્રેલિયાના શેન વોર્નને પાછળ છોડી દેશે.

# અફઘાનિસ્તાન-ન્યૂઝીલેન્ડ ટેસ્ટ વરસાદને કારણે રદ

## ભારતીય મેદાનો પર આ પ્રથમ વખત બન્યું




(એજન્સી) નવી દિલ્હી તા 14

અફઘાનિસ્તાન-ન્યૂઝીલેન્ડની વન-ઑફ ટેસ્ટ વરસાદને કારણે રદ કરવામાં આવી છે. નોઈડામાં શુક્રવાર સવારથી વરસાદ ચાલુ રહ્યો હતો અને મેદાનો પાણીથી ભરાઈ ગયા હતા. મેચ અધિકારીએ સવારે મેદાનનું નિરીક્ષણ કર્યું અને મેચ રદ કરવાનો નિર્ણય લીધો. અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે કહ્યું- ગ્રેટર નોઈડામાં હજુ પણ વરસાદ પડી રહ્યો છે. સતત વરસાદના કારણે મેચ અધિકારીઓએ પાંચમા અને અંતિમ દિવસની રમત પણ રદ કરી દીધી છે. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં પ્રથમ વખત ભારતમાં કોઈ ટેસ્ટ મેચ બોલ ફેંકાયા વિના રદ કરવામાં આવી છે. આ એકંદરે 8મી મેચ છે. બ્લેકકેપ્સ તરીકે પ્રખ્યાત ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે આ પોસ્ટ દ્વારા ટેસ્ટ રદ કરવાની માહિતી આપી હતી. ટીમ 14 સપ્ટેમ્બર શનિવારના રોજ શ્રીલંકા જવા રવાના થશે જ્યાં કિવી ટીમે ટેસ્ટ શ્રેણી રમવાની છે. મેચ રદ થયા બાદ અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડની પોસ્ટ ન્યૂઝીલેન્ડની સતત બીજી મેચ, 26 વર્ષ પછી એકપણ મેચ રદ થઈ નથી 26 વર્ષ પછી બોલ વગર કોઈ ટેસ્ટ મેચ રદ થઈ નથી. આ પહેલા 1998માં ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ડ્યુનેડિન ટેસ્ટ રદ કરવામાં આવી હતી ત્યારે આ ઘટના બની હતી. ન્યૂઝીલેન્ડની સતત બીજી મેચ રદ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ 7 મેચો રદ કરવામાં આવી છે. 1890માં ઈંગ્લેન્ડ-ઓસ્ટ્રેલિયાની મેચમાં આવું પહેલીવાર બન્યું હતું. કાર્પેટથી ઢંકાયેલી જમીન, પંખાથી સૂકવી; વોશરૂમના પાણીથી વાસણો ધોયા મેચ દરમિયાન નોઈડામાં સ્થિત સ્ટેડિયમમાં ગેરવહીવટ જોવા મળ્યો હતો. સ્થિતિ એવી હતી કે શરૂઆતના દિવસોમાં મેદાનને વરસાદથી બચાવવા માટે લગ્નમાં વપરાતા કાર્પેટનો ઉપયોગ કરવામાં આવતો હતો. ગ્રેટર નોઈડા ઓથોરિટી પાસે પણ કુશળ ફિલ્ડ વર્કર્સ નથી. આવી સ્થિતિમાં મજૂરોને કામે લગાડવામાં આવ્યા હતા. અહીં સુપર સોપર પણ ન હતા. આવી સ્થિતિમાં ઈલેક્ટ્રોનિક પંખા વડે મેદાનને સૂકવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બાદમાં ગ્રેટર નોઈડા ઓથોરિટીએ ઉત્તર પ્રદેશ ક્રિકેટ એસોસિએશન પાસેથી 2 સુપર સોપરની માગણી કરી હતી. જેને મેરઠ સ્ટેડિયમથી મોકલવામાં આવ્યા હતા. આટલું જ નહીં, સ્ટેડિયમનો કેટરિંગ સ્ટાફ વોશરૂમના પાણીથી વાસણો ધોતો જોવા મળ્યો હતો. કેટરિંગ સ્ટાફ વોશરૂમના પાણીથી વાસણો ધોતો જોવા મળ્યો. કેટરિંગ સ્ટાફ વોશરૂમના પાણીથી વાસણો ધોતો જોવા મળ્યો.

# પાકિસ્તાને આ કામ પર 13 અબજ રૂપિયા ખર્ચીને ચેમ્પિયન્સ ટ્રોફી 2025 માટે ખજાનો ખોલ્યો

(એજન્સી) કરાંચી | તા 14




પાકિસ્તાનમાં 29 વર્ષ બાદ ICC ઈવેન્ટનું આયોજન થવા જઈ રહ્યું છે અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ આ માટે કોઈ કસર છોડવા માંગતું નથી. આ જ કારણ છે કે ટૂર્નામેન્ટની તૈયારીમાં PCB પોતાના સ્ટેડિયમને વર્લ્ડ ક્લાસ બનાવવા માટે મોટી રકમ ખર્ચી રહ્યું છે.

પાકિસ્તાને આ કામ પર 13 અબજ રૂપિયા ખર્ચીને ચેમ્પિયન્સ ટ્રોફી 2025 માટે ખજાનો ખોલ્યો પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ આવતા વર્ષની ચેમ્પિયન્સ ટ્રોફીની તૈયારીમાં વ્યસ્ત છે. ટીમ ઈન્ડિયાની ભાગીદારી અંગે હજુ સ્થિતિ સ્પષ્ટ નથી અને એવું માનવામાં આવે છે કે ટૂર્નામેન્ટનું આયોજન હાઈબ્રિડ મોડલના આધારે કરવામાં આવશે, જેમાં ભારતની મેચ પાકિસ્તાનને બદલે કોઈ અન્ય દેશમાં યોજવામાં આવશે. આમ છતાં પાકિસ્તાની બોર્ડ તૈયારીઓમાં કોઈ કસર છોડી રહ્યું નથી અને ભારે ખર્ચ કરી રહ્યું છે. એક અહેવાલ અનુસાર, PCB ટૂર્નામેન્ટ માટે સ્ટેડિયમને ફરીથી તૈયાર કરવા માટે લગભગ 13 અબજ રૂપિયા ખર્ચ કરી રહ્યું છે. પાકિસ્તાનમાં 8 વર્ષ બાદ ICC ટ્રોફી

લગભગ 8 વર્ષની રાહ જોયા બાદ ચેમ્પિયન્સ ટ્રોફી ફરી પાછી ફરી રહી છે અને પ્રથમ વખત પાકિસ્તાન તેની યજમાની કરી રહ્યું છે. ફેબ્રુઆરી-માર્ચ 2025માં યોજાનારી આ ટૂર્નામેન્ટ છેલ્લા 29 વર્ષમાં પાકિસ્તાનની ધરતી પર પ્રથમ ICC ઈવેન્ટ છે. આવી સ્થિતિમાં, પાકિસ્તાની બોર્ડ પોતાને આ અંગે દરેક રીતે તૈયાર રાખવા માંગે છે અને તેમાં સૌથી મહત્વની બાબત સ્ટેડિયમની જાળવણી અને નવીનીકરણની હતી અને તેના માટે માત્ર પીસીબીએ મહત્તમ બજેટ નક્કી કર્યું હતું. થોડા સમય પહેલા PCBના અધ્યક્ષ મોહસિન નકવીએ દેશના સ્ટેડિયમોને ખૂબ જ ખરાબ ગણાવ્યા હતા. લાહોર સ્ટેડિયમ પર સૌથી વધુ ખર્ચ પાકિસ્તાને 19મી ફેબ્રુઆરીથી શરૂ થનારી આ ટુર્નામેન્ટ માટે લાહોર, રાવલપિંડી અને કરાચીને સ્થળ બનાવ્યું છે. પાકિસ્તાની બોર્ડના અધ્યક્ષ મોહસિન નકવીએ ફૈસલાબાદમાં બોર્ડની બેઠકમાં અધિકારીઓને જણાવ્યું કે આ ત્રણ સ્ટેડિયમના નવીનીકરણ પર 12.8 અબજ પાકિસ્તાની રૂપિયા એટલે કે લગભગ 388 કરોડ ભારતીય રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે. તેમાંથી સૌથી વધુ 7.7 અબજ પાકિસ્તાની રૂપિયા લાહોરના ગદ્દાફી સ્ટેડિયમ પર ખર્ચવામાં આવી રહ્યા છે, જેમાં ઓફિસ બિલ્ડિંગ, પેવેલિયન, ફ્લડ લાઈટ સહિત ઘણા મોટા ફેરફારો કરવામાં આવી રહ્યા છે.

# 150 KM/Hની સ્પીડ, 3 વર્ષમાં બન્યો તોફાની ફાસ્ટ બોલર

નવી દિલ્હી | તા 14



ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રમાનારી ટેસ્ટ સિરીઝમાં 21 વર્ષીય નાહિદ રાણા પર બધાની નજર રહેશે. બાંગ્લાદેશનો આ બોલર 150 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બોલિંગ કરવા માટે જાણીતો છે. આ બોલરે તાજેતરમાં જ પાકિસ્તાનના બેટ્સમેનોને ઘણા પરેશાન કર્યા હતા.

150 KM/Hની સ્પીડ, 3 વર્ષમાં બન્યો તોફાની ફાસ્ટ બોલર, કોણ છે આ બાંગ્લાદેશનો 'બુમરાહ'?

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે 19 સપ્ટેમ્બરથી બે મેચની ટેસ્ટ શ્રેણી શરૂ થઈ રહી છે. ક્રિકેટ ચાહકો આ સિરીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. બાંગ્લાદેશની ટીમે તાજેતરમાં પાકિસ્તાન સામે 2-0થી ઐતિહાસિક જીત નોંધાવી હતી. આ સાથે જ ટીમ ઈન્ડિયા લાંબા વિરામ બાદ મેદાન પર જોવા મળશે. આવી સ્થિતિમાં આ શ્રેણીમાં બંને ટીમો વચ્ચે જોરદાર સ્પર્ધા જોવા મળી શકે છે. આ સિરીઝ પહેલા એક ખેલાડીની ઘણી ચર્ચામાં છે, આ ખેલાડીનું નામ છે નાહિદ રાણા. નાહિદ રાણા આ સિરીઝમાં ટીમ ઈન્ડિયા માટે સૌથી મોટો ખતરો હોવાનું કહેવાય છે.

કોણ છે ફાસ્ટ બોલર નાહિદ રાણા? 21 વર્ષના ફાસ્ટ બોલર નાહિદ રાણાએ અત્યાર સુધી માત્ર 3 ટેસ્ટ મેચ રમી છે. પરંતુ આ ખેલાડીએ પોતાની અલગ ઓળખ બનાવી છે. નાહિદ રાણા બાંગ્લાદેશના સૌથી ઝડપી બોલરોમાંથી એક છે. ખાસ વાત એ છે કે નાહિદ રાણાને જસપ્રીત બુમરાહ જેવો વિકેટ લેનાર બોલર માનવામાં આવે છે. નાહિદની ઊંચાઈ 6.3 ફૂટ છે અને તે સતત 150 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બોલિંગ કરી શકે છે. પાકિસ્તાની બેટ્સમેનોને ખૂબ જ પરેશાન કર્યા નાહિદ રાણાએ પાકિસ્તાન સામેની બીજી ટેસ્ટ મેચ જીતવામાં પોતાની ટીમને મદદ કરવા.

# ટીમ ઈન્ડિયાના પ્રેક્ટિસ સેશનમાં ગૌતમ ગંભીરે આપ્યું જ્ઞાન, વિરાટ કોહલીએ 45 મિનિટ સુધી કર્યું આ કામ

ચેન્નાઈ | તા 14



19 સપ્ટેમ્બરથી બાંગ્લાદેશ સામે 2 મેચની ટેસ્ટ શ્રેણી શરૂ થઈ રહી છે. ટીમ ઈન્ડિયાની પ્રેક્ટિસ ચેન્નાઈમાં શરૂ થઈ ગઈ છે અને પહેલા દિવસે વિરાટ કોહલીએ નેટ્સમાં ઘણો પરસેવો પાડ્યો હતો. તેની સાથે જસપ્રીત બુમરાહ પણ સખત મહેનત કરતો જોવા મળ્યો હતો. બાંગ્લાદેશ સામે 19 સપ્ટેમ્બરથી ટેસ્ટ સિરીઝ શરૂ થવાની છે અને ટીમ ઈન્ડિયાએ તેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ટીમ ઈન્ડિયાનો પ્રેક્ટિસ કેમ્પ ચેન્નાઈમાં શરૂ થયો હતો જેમાં ટીમના દરેક ખેલાડીઓએ ભાગ લીધો હતો. માત્ર કેપ્ટન રોહિત શર્મા જ નહીં પરંતુ વિરાટ કોહલી પણ લંડનથી સમયસર ચેન્નાઈ પહોંચી ગયો હતો. આ પ્રેક્ટિસ કેમ્પ ચેન્નાઈમાં કોચ ગૌતમ ગંભીરની સૂચનાથી શરૂ થયો હતો. ગંભીરે ખેલાડીઓને ભવિષ્ય માટે બ્લૂ પ્રિન્ટ આપી અને આ પછી દરેક ખેલાડીએ નેટ્સમાં સખત પરસેવો પાડ્યો. પ્રેક્ટિસ સેશનના સૌથી મોટા સમાચાર એ છે કે વિરાટ કોહલી અને બુમરાહે નેટ્સમાં સખત મહેનત કરી હતી. 45 મિનિટ સુધી બેટિંગ કરતો જોવા મળ્યો વિરાટ PTIના અહેવાલ મુજબ વિરાટ કોહલીએ ચેન્નાઈમાં લાંબા સમય સુધી બેટિંગ કરી હતી. તે લગભગ 45 મિનિટ સુધી બેટિંગ કરતો જોવા મળ્યો હતો. વિરાટે સ્પિનર્સ અને ફાસ્ટ બોલર બંનેનો ખૂબ સારી રીતે સામનો કર્યો. વિરાટ કોહલી શ્રીલંકા સિરીઝ બાદ લંડન ગયો હતો અને ત્યારથી તે ક્રિકેટથી દૂર હતો. વિરાટે દુલીપ ટ્રોફીમાં પણ ભાગ લીધો ન હતો. માત્ર વિરાટ જ નહીં, બુમરાહે પણ પ્રેક્ટિસમાં ભાગ લીધો હતો. તેણે લાંબા સમય સુધી બોલિંગ કરી. આ ખેલાડી T20 વર્લ્ડ કપ બાદથી આરામ પર હતો. ટીમ ઈન્ડિયા માટે પડકાર આસાન નહીં હોય ટીમ ઈન્ડિયા ક્યારેય બાંગ્લાદેશ સામે ટેસ્ટ મેચ હારી નથી, પરંતુ બાંગ્લાદેશને ઓછું આંકવું એ મોટી ભૂલ હશે. તે પણ જ્યારે આ ટીમે પાકિસ્તાનને તેના ઘરે 2-0થી હરાવ્યું હતું. બાંગ્લાદેશની ટીમ ઘણી સંતુલિત છે. મોટી વાત એ છે કે આ વખતે તેમની પાસે સારું બોલિંગ આક્રમણ છે, જેમાં શાકિબ અલ હસન, મેહદી હસન જેવા સ્પિનરો છે અને નાહિદ રાણા, હસન મહેમૂદ જેવા ફાસ્ટ બોલર છે, જે 140 kphની ઝડપે બોલિંગ કરી શકે છે.

# 177 વિકેટ લેનાર બોલરનું થયું નિધન

ન્યૂ સાઉથ વેલ્સ | તા 14



ઓસ્ટ્રેલિયા અને ન્યૂ સાઉથ વેલ્સના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ફ્રેન્ક મિસનનું નિધન થયું છે. ફ્રેન્ક મિસન માત્ર 6 મહિના માટે જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી શક્યો હતો. ઈજાના કારણે તેણે અકાળે ક્રિકેટ છોડી દેવી પડી હતી. 177 વિકેટ લેનાર બોલરનું થયું નિધન, માત્ર 6 મહિનામાં જ આંતરરાષ્ટ્રીય કરિયરનો આવ્યો હતો અંત ઓસ્ટ્રેલિયન ક્રિકેટ સાથે જોડાયેલા એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. ઓસ્ટ્રેલિયા અને ન્યૂ સાઉથ વેલ્સના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ફ્રેન્ક મિસનનું નિધન થયું છે. તેમણે 85 વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા. ફ્રેન્ક મિસનની ડોમેસ્ટિક કરિયર ઘણી શાનદાર રહી છે, પરંતુ તે થોડા સમય માટે જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં જોવા મળ્યો હતો. માંસપેશીની ઈજાને કારણે તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દી 6 મહિના પણ ટકી શકી નહીં. જો કે, આ સમયગાળા દરમિયાન તેણે વેસ્ટ ઈન્ડિઝ સામેની ટેસ્ટ શ્રેણી અને ઈંગ્લેન્ડ સામેની એશિઝ શ્રેણીમાં ભાગ લીધો હતો. ઓસ્ટ્રેલિયાના ક્રિકેટર ફ્રેન્ક મિસનનું નિધન ફ્રેન્ક મિસન તેની ફિટનેસ માટે જાણીતા હતા. તેણે 20 વર્ષની ઉંમરે પણ તેની ફર્સ્ટ ક્લાસ કારકિર્દી શરૂ કરી હતી. 1958-59ની સિઝનમાં ન્યૂ સાઉથ વેલ્સ માટે ડેબ્યૂ કરીને તેણે તેની પહેલી જ મેચમાં 6 વિકેટ લીધી હતી. આ પછી તેને વેસ્ટ ઈન્ડિઝ સામે 1960-61ની પ્રખ્યાત હોમ સિરીઝમાં ડેબ્યૂ કરવાની તક મળી. તેણે મેલબોર્નમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની શ્રેણીની બીજી ટેસ્ટ મેચમાં ડેબ્યૂ કર્યું હતું. તેણે આ મેચમાં કુલ 2 વિકેટ ઝડપી હતી માંસપેશીની ઈજાને કારણે કારકિર્દી થઈ સમાપ્ત ફ્રેન્ક મિસનને 1961ના એશિઝ પ્રવાસ માટે ઓસ્ટ્રેલિયાની ટીમમાં પણ પસંદ કરવામાં આવ્યો હતો.

# ICCમાં જતા પહેલા જય શાહે આપી વધુ એક મોટી ભેટ

બીસીસીઆઈના હાલના સચિવ અને એશિયાઈ ક્રિકેટ કાઉન્સિલના ચેરમેન જય શાહ આઈસીસીના નવા ચેરમેન તરીકે પસંદગી થઈ છે. તે આગામી 1 ડિસેમ્બરના રોજ પોતાનો કાર્યકાળ સંભાળશે. આ પદ સંભાળતા પહેલા જય શહ એશિયાઈ ક્રિકેટ કાઉન્સિલના ચેરમેન તરીકે મોટી જાહેરાત કરી છે. જય શાહના આ નિર્ણયથી માત્ર ભારત જ નહિ પરંતુ એશિયાના તમામ ક્રિકેટરોને બમ્પર ફાયદો મળશે. જેનાથી કેટલાક ખેલાડીઓનું નસીબ પણ બદલાશે. બીસીસીઆઈ સચિવ જય શાહની અધ્યક્ષતામાં એશિયાઈ ક્રિકેટ કાઉન્સિલે મહિલાઓની અંડર-19 ટી20 એશિયા કપ ટૂર્નામેન્ટ કરવાનો નિર્ણય લીધો છે. આ ટૂર્નામેન્ટમાં એશિયાની યુવા મહિલા ક્રિકેટર પોતાનું ટેલેન્ટ દેખાડવા મેદાનમાં ઉતરશે. જેમાં શાનદાર પ્રદર્શન કરનાર અનેક ક્રિકેટરોનું નસીબ બદલાશે.તેની પસંદગી દેશની સીનિયર ટીમમાં થઈ શકે છે. જેનો ફાયદો ભારતની યુવા ક્રિકેટરોને સમાન રુપમાં મળશે.

# ચેન્નાઈ સુપર કિંગ્સ કોઈપણ ભોગે MS ધોનીને રિટેન કરશે, કરી મોટી જાહેરાત

(એજન્સી) ચેન્નાઈ | તા 14



IPL 2025 માટે BCCI દ્વારા હજુ સુધી રિટેન્શન પોલિસી જારી કરવામાં આવી નથી. આવી સ્થિતિમાં, એમએસ ધોની IPLની આગામી સિઝન રમશે કે નહીં તે હજુ નક્કી નથી. આ બધા વચ્ચે ધોનીને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. IPL 2025 પહેલા મેગા ઓક્શન યોજાવાની છે, પરંતુ BCCIએ હજુ સુધી રિટેન્શન પોલિસી જાહેર કરી નથી. આવી સ્થિતિમાં, એમએસ ધોની IPLની આગામી સિઝન રમશે કે નહીં તે એક મોટો પ્રશ્ન છે. અગાઉ એક અહેવાલ સામે આવ્યો હતો કે BCCI દ્વારા પાંચથી છ ખેલાડીઓને જાળવી રાખવાનો નિયમ લાગુ કરવામાં આવશે તો જ ધોની આગામી સિઝનમાં રમશે. પરંતુ હવે ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી એમએસ ધોનીને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે.

ક્રિકબઝના અહેવાલ મુજબ, એમએસ ધોનીનો IPL 2025માં રમવાનો નિર્ણય કોઈ નિયમ પર નિર્ભર રહેશે નહીં. અગાઉ, એવા અહેવાલ હતા કે જ્યારે BCCI IPL 2025 મેગા ઓક્શન માટે રિટેન્શન પોલિસી જાહેર કરશે ત્યારે CSK અને ધોનીવિશે નિર્ણય લેશે. પરંતુ હવે CSK અધિકારીઓ પણ કહે છે કે જો ધોની આગામી સિઝનમાં રમવાનું નક્કી કરે છે, તો તે તેમના રિટેન્શનમાંથી એક હશે, ભલે BCCI માત્ર બે જ રિટેન્શનને મંજૂરી આપે.રિપોર્ટ્સ અનુસાર, રિટેન્શન નિયમો જારી કરવામાં વધુ સમય લાગશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) મહિનાના અંત સુધી જાહેરાત મુલતવી રાખી શકે છે. દરેકની નજર બેંગલુરુમાં 29 સપ્ટેમ્બરે યોજાનારી BCCIની વાર્ષિક સામાન્ય સભા (AGM) પર પણ છે. એવું માનવામાં આવે છે કે વિલંબની જાણ BCCI અધિકારીઓ દ્વારા ફ્રેન્ચાઈઝીઓને કરવામાં આવી હતી, જેમણે તાજેતરમાં જ રીટેન્શન નિયમો અંગે તેમનો સંપર્ક કર્યો હતો. અનકેપ્ડ ખેલાડી નિયમ પર ચર્ચા બીજી તરફ એવા સમાચાર પણ સામે આવ્યા છે કે આંતરરાષ્ટ્રીય ખેલાડીઓને અનકેપ્ડ ખેલાડીઓની યાદીમાં સામેલ કરવામાં આવી શકે છે. વાસ્તવમાં, અગાઉ IPLમાં એક નિયમ હતો.

# કોહલી-બાબર એક જ ટીમમાં રમશે? જાણો આ ચમત્કાર કેવી રીતે થશે?

કેપટાઉન | તા 14

આફ્રો-એશિયા કપ શરૂ થવાની અટકળો ફરી શરૂ થઈ ગઈ છે. આ ટૂર્નામેન્ટ છેલ્લી વખત વર્ષ 2005માં યોજાઈ હતી અને તેમાં ભારત અને પાકિસ્તાનના ખેલાડીઓ એક જ ટીમમાં જોવા મળ્યા હતા. જો આ ટુર્નામેન્ટ શરૂ થાય છે તો બાબર આઝમ અને વિરાટ કોહલી એક જ ટીમમાં રમતા જોવા મળી શકે છે. શું વિરાટ કોહલી-બાબર આઝમ એક જ ટીમમાં રમશે? જાણો આ ચમત્કાર કેવી રીતે થશે? વિરાટ કોહલી અને બાબર આઝમ, શાહીન આફ્રિદી અને જસપ્રીત બુમરાહ એક જ ટીમ માટે રમતા જોવા મળી શકે છે અને આ એટલા માટે કહેવામાં આવી રહ્યું છે કારણ કે એવા અહેવાલો છે કે આફ્રો-એશિયા કપ ટૂંક સમયમાં શરૂ થઈ શકે છે.

આફ્રો-એશિયા કપ વર્ષ 2005માં શરૂ થયો હતો, પરંતુ તે બે સિઝન પછી બંધ થઈ ગયો હતો.

શું ફરી થશે આફ્રિકા-એશિયા કપ? ભારત અને પાકિસ્તાન વચ્ચેના ખરાબ સંબંધોને કારણે આ ટૂર્નામેન્ટ રોકવાની ફરજ પડી હતી, પરંતુ હવે ફરી એકવાર આફ્રો-એશિયા કપ શરૂ થઈ શકે છે, જેમાં એશિયન ટીમો અને આફ્રિકન ટીમો વચ્ચે સ્પર્ધા થાય છે. એશિયન ટીમમાં ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનના ખેલાડીઓ સામેલ હોય છે. જ્યારે આફ્રિકામાં દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને અન્ય આફ્રિકન દેશોના ખેલાડીઓની પસંદગી કરવામાં આવે છે.

રાજકીય અવરોધો તોડી શકે છે આ ટુર્નામેન્ટ! આફ્રિકન ક્રિકેટ એસોસિએશનના અધ્યક્ષ સમોદ દામોદરે ફોર્બ્સને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તેઓ આફ્રો-એશિયા કપને ફરી શરૂ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે તેમને અફસોસ છે કે આફ્રો-એશિયા કપ બંધ થઈ ગયો હતો અને તેઓ આ મામલે વધુ પ્રયાસ કરી શક્યા હોત. તેમણે કહ્યું કે જો આ ટુર્નામેન્ટ ફરી શરૂ થાય તો રાજકીય અવરોધો તોડી શકે છે. તેમને ખાતરી છે કે તમામ ખેલાડીઓ આ માટે તૈયાર હશે.

## સંક્ષિપ્ત સમાચાર

### ચીનમાં અચાનક શરૂ થયો 'અંડરવેરનો વરસાદ', સોશિયલ મીડિયા પર શા માટે ટોપ ટ્રેન્ડ થયો

ચીનમાં લોકો ત્યારે આશ્ચર્યચકિત થઈ ગયા જ્યારે અંડરવેર પર અચાનક આકાશમાંથી વરસાદ પડવા લાગ્યો. કહેવામાં આવી રહ્યું છે કે જોરદાર પવનના કારણે અંડરવેર આકાશમાં ઉડતા જોવા મળ્યા હતા. ચીની સોશિયલ મીડિયા પર આ ઘટનાને લગતા ઘણા વીડિયો અને ફોટો શેર કરવામાં આવ્યા છે. ચીનમાં લોકો ત્યારે આશ્ચર્યચકિત થઈ ગયા જ્યારે અંડરવેર પર અચાનક આકાશમાંથી વરસાદ પડવા લાગ્યો. આકાશમાં માત્ર અંડરવેર જ દેખાતા હતું. તેને "9/2 ચોંગકિંગ અંડરવેર કટોકટી" નામ આપવામાં આવ્યું છે. છેવટે, આટલા બધા અંડરવેર અચાનક આકાશમાં ક્યાં દેખાયા? આવો જાણીએ શું છે સમગ્ર મામલો 2 સપ્ટેમ્બરે ચીનના એક શહેરમાં અંડરવેર અથવા ઈનરવેર અચાનક આકાશમાં ઉડતા જોવા મળ્યા હતા. ચોંગકિંગ શહેરની બાલ્કનીમાંથી લોકોના આંતરવસ્ત્રો ઉડી ગયા. કહેવામાં આવી રહ્યું છે કે જોરદાર પવનના કારણે અંડરવેર આકાશમાં ઉડતા જોવા મળ્યા હતા. ચીની સોશિયલ મીડિયા ઘણા વીડિયો અને ફોટો શેર કરવામાં આવ્યા જણાવવામાં આવી રહ્યું છે કે ચોંગકિંગ શહેરમાં ભારે ગરમી છે. શાળાઓ બંધ કરી દેવાઈ છે.

### બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ વધુ એક ફરમાન, અઝાન સમયે લાઉડ સ્પીકર પર પૂજા-પાઠ પર પ્રતિબંધ

બાંગ્લાદેશમાં નવી સરકાર બન્યા બાદ પણ હિંદુઓ પરના અત્યાચારમાં કોઈ ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા નથી. હવે બાંગ્લાદેશ સરકારે હિંદુઓની પૂજા પર અંકુશ લગાવવા માટે નવા આદેશ જારી કર્યા છે. બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ વધુ એક ફરમાન, અઝાન સમયે લાઉડ સ્પીકર પર પૂજા-પાઠ પર પ્રતિબંધ બાંગ્લાદેશમાં શેખ હસીનાના સત્તા પરિવર્તન બાદથી હિન્દુઓને સતત નિશાન બનાવવામાં આવી રહ્યા છે. બાંગ્લાદેશમાં અત્યાર સુધીમાં કુલ 300 થી વધુ હિન્દુ પરિવારો અને તેમના ઘરો પર હુમલા કરવામાં આવ્યા છે અને હિંદુઓ વિરુદ્ધ મોબ લિંચિંગની ચાર ઘટનાઓ નોંધવામાં આવી છે. 10 થી વધુ હિન્દુ મંદિરોમાં તોડફોડ કરવામાં આવી હતી અને આગ લગાવવામાં આવી હતી. ઉપરાંત, અત્યાર સુધીમાં 49 હિંદુ શિક્ષકોએ રાજીનામું આપી દીધું છે અને વિવિધ યુનિવર્સિટીઓ અને કોલેજોમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. બાંગ્લાદેશની હાલત પાકિસ્તાન જેવી થઈ ગઈ છે અને હિંદુઓની હત્યા કે હિંદુઓ વિરુદ્ધ કાર્યવાહી બંને સામાન્ય બની ગયા છે. એટલું જ નહીં, હિન્દુઓની હત્યા કરનારા આતંકવાદીઓને જેલમાંથી પણ છોડવામાં આવી રહ્યા છે અને વાત અહીં અટકતી નથી ત્યારે હવે દુર્ગા પૂજા પંડાલોમાં અઝાન વખતે પણ હિન્દુઓને પૂજા કરતા રોકવામાં આવી રહ્યા છે. વાસ્તવમાં, દુર્ગા પૂજાનો તહેવાર 9 ઓક્ટોબરથી 13 આયોજન બાંગ્લાદેશમાં અત્યાર સુધી ખૂબ જ ધૂમધામથી કરવામાં આવ્યું છે. જોકે આ વખતે એવું થવાનું નથી. કારણ કે બાંગ્લાદેશની વચગાળાની સરકારમાં ગૃહ બાબતોના સલાહકાર અને નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ મોહમ્મદ જહાંગીર આલમ ચૌધરીએ જાહેરાત કરી છે કે બાંગ્લાદેશમાં નમાઝ અને અઝાન દરમિયાન હિન્દુઓને લાઉડસ્પીકર પર પૂજા અને ભજન ગાવા પર પ્રતિબંધ રહેશે.

### BAPS હિંદુ મંદિરનું અબુ ધાબી ખાતે ઈમર્સિવ શો "ધ ફેરી ટેલ"નું ભવ્ય પ્રીમિયર યોજાયું

અબુ ધાબી ખાતે એક પ્રકારના, ઈમર્સિવ શો, "ધ ફેરી ટેલ"નો ભવ્ય પ્રીમિયર યોજાયો હતો, જેમાં UAEના નેતાઓ, મહાનુભાવો અને લોકો સહિત 250 થી વધુ મહેમાનોએ હાજરી આપી હતી 9 સપ્ટેમ્બર 2024 ના રોજ BAPS હિંદુ મંદિર, અબુ ધાબી ખાતે એક પ્રકારના, ઈમર્સિવ શો, "ધ ફેરી ટેલ"નો ભવ્ય પ્રીમિયર યોજાયો હતો, જેમાં UAEના નેતાઓ, મહાનુભાવો અને લોકો સહિત 250 થી વધુ મહેમાનોએ હાજરી આપી હતી તે એક સંવેદનાત્મક, મંત્રમુગ્ધ કરનાર અનુભવ હતો જે પ્રેક્ષકોને અવકાશ અને સમય દ્વારા લઈ જાય છે, તેમને ઐતિહાસિક મંદિરની અવિશ્વસનીય યાત્રા પર લઈ જાય છે. એક આકર્ષક આસપાસનો અવાજ, ઓડિયો-વિઝ્યુઅલ સ્પેક્ટેકલ, દરેકને વૈશ્વિક સંવાદિતા અને તમામ ધર્મો માટે સાર્વત્રિક આદર માટે પ્રેરણા આપે છે. આ અવિસ્મરણીય અનુભવ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ, ઉત્સાહિત અને સ્વપ્ન જોવા માટે પ્રેરિત કરે છે. આ પ્રોગ્રામ એટલો અદભુત હતો કે લોકો તેની મુલાકાત લઈ ખુશ થઈ ગયા હતા. એકલા તેના ઉદઘાટનના દિવસે 65,000 મુલાકાતીઓએ તેની મુલાકાત લીધી હતી. જટિલ પથ્થરની કોતરણીનું આ અજાયબી 10,000 વર્ષથી વધુ પ્રાચીન સ્થાપત્યને પુનર્જીવિત કરે છે, જે આધુનિક પર્યાવરણને અનુકૂળ પ્રથાઓ સાથે પરંપરાગત કારીગરીનું મિશ્રણ કરે છે, અને સંવાદિતા અને એકતાના દીવાદાંડી તરીકે સેવા આપે છે. 'ધ ફેરી ટેલ' ઈમર્સિવ શો એ પ્રોફેશનલ ઓડિયો-વિઝ્યુઅલ નિષ્ણાતોની નિઃસ્વાર્થ સહાયતા સાથે સ્વામીઓ અને સ્વયંસેવકોની ઈન-હાઉસ BAPS ટીમ દ્વારા ત્રણ મહિનાથી વધુ સર્જનાત્મક ખ્યાલો, સ્ક્રિપ્ટીંગ, વિઝ્યુલાઈઝેશન, એનિમેશન કરવામાં આવ્યું છે.'ધ ફેરી ટેલ' ઈમર્સિવ શો એ પ્રોફેશનલ ઓડિયો-વિઝ્યુઅલ નિષ્ણાતોની નિઃસ્વાર્થ સહાયતા સાથે સ્વામીઓ અને સ્વયંસેવકોની ઈન-હાઉસ BAPS ટીમ દ્વારા ત્રણ મહિનાથી વધુ સર્જનાત્મક ખ્યાલો, સ્ક્રિપ્ટીંગ, વિઝ્યુલાઈઝેશન, એનિમેશન અને ઝીણવટભરી ડિઝાઈનનું પરિણામ છે.

બુચ વિલ્મોર સાથે ISS તરફથી પ્રેસ કોન્ફરન્સ કરી, કહ્યું- મને અંતરિક્ષમાં રહેવું ગમે છે

# સુનિતા વિલિયમ્સ પૃથ્વીથી 400 km દૂરથી મતદાન કરશે

(એજન્સી) ન્યૂયોર્ક | તા 14

100 દિવસથી અવકાશમાં ફસાયેલી ભારતીય મૂળની અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને તેના પાર્ટનર બૂચ વિલમોરે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) થી એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. શુક્રવારે ભારતીય સમયાનુસાર બપોરે 12.15 કલાકે શરૂ થયેલી આ કોન્ફરન્સમાં સુનિતા અને બૂચે અનેક સવાલોના જવાબ આપ્યા હતા. બંનેએ કહ્યું કે અમેરિકી ચૂંટણીમાં તેઓ અંતરિક્ષમાંથી મતદાન કરશે. મતદાનને લગતા પ્રશ્નના જવાબમાં બુચે જણાવ્યું હતું કે તેમણે આજથી જ મતદાનને લગતી ચૂંટણી પ્રક્રિયા શરૂ કરી છે. આ એક મહત્ત્વપૂર્ણ ફરજ છે. અમે કેવી રીતે મતદાન કરી શકીએ તેના પર નાસા કામ કરી રહ્યું છે. સુનિતા વિલિયમ્સે કહ્યું કે તે અંતરિક્ષમાંથી મતદાન કરવાને લઈને ઉત્સાહિત છે. 400 કિલોમીટર દૂર આવેલા સ્પેસ સેન્ટરથી સુનિતા અને બૂચે કહ્યું કે તેઓએ નાસાને વિનંતી કરી છે કે તેઓ યુએસ ચૂંટણીમાં તેમના મત આપવા માટે પોસ્ટલ બેલેટની વ્યવસ્થા કરે. સુનિતા અને બૂચ 5 જૂને સ્પેસ સ્ટેશન ગયા હતા. તેઓ 6 જૂને સ્પેસ સ્ટેશન પહોંચ્યા હતા. તેઓ 13 જૂને પરત ફરવાના હતા. પરંતુ, નાસાના બોઈંગ સ્ટારલાઈનર અવકાશયાનમાં ટેકનિકલ ખામીને કારણે તેમનું વળતર મોકૂફ રાખવામાં આવ્યું હતું. હવે બંને 2025માં જ પરત ફરે તેવી શક્યતા છે. જોકે મને અવકાશમાં રહેવું ગમે છે. આ મારા મનપસંદ સ્થળોમાંનું એક છે. બુચે કહ્યું કે સ્ટારલાઈનરના પ્રથમ ટેસ્ટ પાઈલટ તરીકે તેમને આશા નહોતી કે તેમને અહીં લાંબો સમય પસાર કરવો પડશે. જો કે, તે જાણતો હતો કે ત્યાં સમસ્યાઓ હોઈ શકે છે જેના કારણે તેના પરત ફરવામાં વિલંબ થઈ શકે છે.



**સ્ટારલાઇનર અવકાશયાન પૃથ્વી પર પાછું આવ્યું**

સુનિતા અને તેના સાથી બૂચને સ્પેસ સ્ટેશન પર લઈ જતું અવકાશયાન 7 સપ્ટેમ્બરના રોજ 3 મહિના પછી પૃથ્વી પર સુરક્ષિત રીતે પાછું ઉતર્યું હતું. તેનું લેન્ડિંગ 3 મોટા પેરાશૂટ અને એરબેગ્સની મદદથી થયું હતું. નાસાના જણાવ્યા અનુસાર, આ અવકાશયાનને શનિવારે ભારતીય સમય અનુસાર સવારે 3.30 વાગ્યે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS)થી અલગ કરવામાં આવ્યું હતું. પૃથ્વી પર પહોંચવામાં લગભગ 6 કલાકનો સમય લાગ્યો હતો.

## અવકાશયાત્રીઓએ અંતરિક્ષમાં 100 દિવસ વિતાવ્યા છે

બોઈંગ કંપનીએ નાસા માટે આ અવકાશયાન બનાવ્યું હતું. સ્પેસક્રાફ્ટમાં ટેકનિકલ સમસ્યાઓ અને હિલીયમ ગેસના લીકેજની માહિતી સામે આવી હતી. પરંતુ તેના સુરક્ષિત વળતર અંગે ઘણી આશંકાઓ હતી.સુનિતાએ કહ્યું કે તૂટેલા સ્ટારલાઈનરને તેના વિના ISS છોડતા જોઈને દુઃખ થયું. જો કે તેઓએ આવી પરિસ્થિતિઓમાં જીવવાની તાલીમ મેળવી છે.

**શું કહ્યું સુનિતા અને વિલ્મોરે... :** સુનિતાએ કહ્યું કે ISS તેના માટે ખુશીનું સ્થાન છે. જો જરૂરી હોય તો, અમે અહીં 8 મહિના, 9 અથવા 10 મહિના પણ રહી શકીએ છીએ. પરંતુ પરિવાર અને પેટ ડોગ્સની યાદ આવે છે સુનિતાએ કહ્યું કે તે એક જ મિશન પર બે અલગ-અલગ અવકાશયાન ઉડાડવા માટે ઉત્સાહિત છે. તેણે કહ્યું, અમે ટેસ્ટર છીએ, આ અમારું કામ છે. બૂચે કહ્યું- તે સવારે 4:30 વાગે ઉઠે છે, જ્યારે સુનિતા 6:30 વાગે ઉઠે છે. અવકાશમાં રહેવાને કારણે હાડકાની ઘનતામાં થતા નુકસાનને પહોંચી વળવા બંને બે કલાક કસરત કરે છે.

# પત્રકારે પુતિન અંગે સવાલ પૂછ્યો તો બાઈડન ગુસ્સે થયા: US રાષ્ટ્રપતિએ કહ્યું- પુતિન આ યુદ્ધ ક્યારેય જીતી શકશે નહીં

### રાષ્ટ્રપતિ બાઈડને પત્રકારને ઠપકો આપ્યો કારણ કે તેણે પુતિનના નિવેદન વિશે સવાલ પૂછ્યો હતો

(એજન્સી) વોશિંગ્ટન | તા 14

રાષ્ટ્રપતિ બાઈડને પત્રકારને ઠપકો આપ્યો કારણ કે તેણે પુતિનના નિવેદન વિશે સવાલ પૂછ્યો હતો. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડનને રશિયન રાષ્ટ્રપતિ પુતિન અંગેનો સવાલ પૂછવા પર બ્રિટિશ પત્રકાર સામે ગુસ્સે થઈ ગયા હતા. ખરેખરમાં પુતિને પશ્ચિમી દેશોને ધમકી આપી હતી કે જો યુક્રેનને લોન્ગ રેન્જની એટેક મિસાઈલનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવશે તો તેના પરિણામો ખૂબ જ ખરાબ આવશે. રોઈટર્સના અહેવાલ મુજબ, સ્કાય ન્યૂઝના પત્રકારે બાઈડનને પૂછ્યું કે શું યુક્રેનને આ માટે મંજુરી મળી રહી છે? આ સવાલ પર બાઈડન ગુસ્સાને કાબુમાં ન રાખી શક્યા. તેમણે કહ્યું- જ્યાં સુધી હું બોલું નહીં ત્યાં સુધી ચૂપ રહો. આ જ સારું રહેશે. આ પછી પણ જ્યારે રિપોર્ટરે પોતાનો સવાલ



પુછવાનું ચાલુ રાખ્યો તો બાઈડન વધુ રોષે ભરાયા. તેમણે કહ્યું- હવે તમારે ચૂપ રહેવું પડશે. હું હવે નિવેદન આપવા જઈ રહ્યો છું. કીર સ્ટારર શુક્રવારે જો બાઈડનને મળવા વ્હાઈટ હાઉસ પહોંચ્યા હતા. આ દરમિયાન બંને વચ્ચે યુક્રેન મુદ્દે પણ ચર્ચા થઈ હતી.

કીર સ્ટારર શુક્રવારે જો બાઈડનને મળવા વ્હાઈટ હાઉસ પહોંચ્યા હતા. આ દરમિયાન બંને વચ્ચે યુક્રેન મુદ્દે પણ ચર્ચા થઈ હતી.

બાઈડને કહ્યું- પુતિન આ યુદ્ધ ક્યારેય જીતી શકશે નહીં આ ઘટના ત્યારે બની જ્યારે બાઈડન અને બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટારર વોશિંગ્ટનમાં વ્હાઈટ હાઉસમાં મહત્વપૂર્ણ બેઠક કરી રહ્યા હતા. બાદમાં બાઈડને કહ્યું કે તેઓ પુતિન વિશે વધુ વિચારતા નથી. બાઈડને કહ્યું કે યુક્રેનની મદદ માટે અમેરિકા બ્રિટનની સાથે ઉભું રહેશે.

તેમણે વધુમાં કહ્યું કે પુતિન આ યુદ્ધ ક્યારેય જીતી શકશે નહીં. યુક્રેનના લોકોની જીત થશે. તેમજ, બ્રિટિશ વડાપ્રધાને કહ્યું કે આગામી થોડા દિવસો યુક્રેન માટે મહત્વપૂર્ણ હોઈ શકે છે. આઝાદીની આ લડાઈમાં આપણે યુક્રેનને સાથ આપવો પડશે. યુક્રેનને હજુ સુધી લાંબા અંતરની મિસાઈલોનો ઉપયોગ કરવાની મંજુરી મળી નથી વ્હાઈટ હાઉસમાં સ્ટારમર અને બાઈડન વચ્ચે લાંબી વાતચીત થઈ હતી, પરંતુ તેઓએ યુક્રેનને લાંબા અંતરની હુમલો મિસાઈલનો ઉપયોગ કરવાની મંજૂરી આપવા અંગે કોઈ સંકેત આપ્યો ન હતો. જ્યારે એક પત્રકારે સ્ટારરને પૂછ્યું કે શું તેઓ સ્ટોર્મ શેડો (લોંગ રેન્જ એટેક મિસાઈલ)નો ઉપયોગ કરવા બાઈડનને સમજાવી શકશે?

અમેરિકામાં બાઇડન-બ્રિટિશ PM વચ્ચે બેઠક

## રશિયામાં છોડવામાં આવી શકે છે નાટો દેશોની મિસાઈલો

કીવ | તા 14

યુક્રેનને રશિયામાં લાંબા અંતરની એટેક મિસાઈલનો ઉપયોગ કરવાની પરવાનગી મળી શકે છે. CNN અનુસાર, અમેરિકા અને બ્રિટન આ અંગે વિચાર કરી રહ્યા છે. અત્યાર સુધી તેના પર પ્રતિબંધ હતો, પરંતુ યુક્રેન પરનો આ પ્રતિબંધ હવે દૂર થઈ શકે છે. રિપોર્ટ અનુસાર, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું છે કે, આવા હથિયારોના ઉપયોગની મંજૂરી આપવાનો અર્થ એ થશે કે નાટો રશિયા વિરુદ્ધ યુદ્ધમાં ઉતરી ગયું છે. તેણે કહ્યું કે જો આવું થશે તો તે ચોક્કસપણે તેનો જવાબ આપશે. પુતિને કહ્યું કે, જો યુક્રેનને લાંબા અંતરના હથિયારોનો ઉપયોગ કરવાની પરવાનગી મળશે તો તે સમજી જશે કે નાટો યુદ્ધમાં ઉતરી ગયું છે. પુતિને કહ્યું કે, જો યુક્રેનને લાંબા અંતરના હથિયારોનો ઉપયોગ કરવાની પરવાનગી મળશે તો તે સમજી જશે કે નાટો યુદ્ધમાં ઉતરી ગયું છે. પુતિને કહ્યું- અમેરિકા પરવાનગી આપે તો ઘણું બદલાઈ જશે પુતિને એક સરકારી ટીવી ચેનલ પર કહ્યું કે, આનાથી ઘણો બદલાવ આવશે. આ હથિયારોનો ઉપયોગ સેટેલાઇટ વિના શક્ય નથી. યુક્રેન પાસે આવી ટેક્નોલોજી નથી. આ માત્ર યુરોપિયન યુનિયન સેટેલાઇટ અથવા અમેરિકન સેટેલાઇટની મદદથી જ કરી શકાય છે. પુતિને વધુમાં કહ્યું કે, આ મિસાઈલ સિસ્ટમનો ઉપયોગ કરવા માટે માત્ર નાટોના સૈન્ય કર્મચારીઓને જ તાલીમ આપવામાં આવે છે. યુક્રેનિયન સૈનિકો આ કરી શકતા નથી. તેથી સવાલ એ નથી કે યુક્રેનિયનોને આ શસ્ત્રો સાથે રશિયા પર હુમલો કરવાની મંજૂરી આપવી કે નહીં. નાટો સામેલ છે કે નહીં તે નક્કી કરવાનું તેમના પર છે. રિપોર્ટ અનુસાર બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટારમર અને રાષ્ટ્રપતિ જો બાઈડન વચ્ચે શુક્રવારે વ્હાઈટ હાઉસમાં બેઠક યોજાવા જઈ રહી છે. આ દરમિયાન યુક્રેનને રશિયા સામે લાંબા અંતરની કરવાની મંજૂરી આપવી જોઈએ કે કેમ તે અંગે ચર્ચા થવાની છે.

## રશિયાએ બાંગ્લાદેશ પાસેથી 5300 કરોડ વ્યાજ માગ્યું

ઢાકા | તા 14

રશિયાએ બાંગ્લાદેશને રૂપપુર ન્યુક્લિયર પાવર પ્લાન્ટ માટે આપવામાં આવેલી લોન પર વ્યાજ ચૂકવવા કહ્યું છે. આ વ્યાજ 630 મિલિયન ડોલર (આશરે રૂ. 5,300 કરોડ) છે. રશિયન સત્તાવાળાઓએ વ્યાજ ચૂકવવા માટે 15 સપ્ટેમ્બર સુધીની તારીખ આપી છે. અગાઉ અદાણી ગ્રૂપે પણ બાંગ્લાદેશ પાસેથી 800 મિલિયન ડોલરની વીજળી બિલની માંગણી કરી હતી.

બિઝનેસ સ્ટાન્ડર્ડના અહેવાલ મુજબ, રશિયન અધિકારીઓએ 21 ઓગસ્ટના રોજ બાંગ્લાદેશના આર્થિક સંબંધો વિભાગ (ERD) ને એક પત્ર લખ્યો હતો. આ પત્ર હવે સ્થાનિક પત્રકારો સુધી પહોંચ્યો છે.

આમાં ERDને US ડોલર અથવા ચાઈનીઝ યુઆનમાં બાકી રકમ ચૂકવવા માટે કહેવામાં આવ્યું છે. તેણે બેંક ઓફ ચાઈનાની શાંઘાઈ શાખામાં જમા કરાવવા કહ્યું છે.

રશિયાએ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ માટે લોન આપી હતી

રિપોર્ટ અનુસાર રશિયાએ પરમાણુ પાવર પ્લાન્ટ માટે બાંગ્લાદેશને 12.65 અબજ ડોલર (1.06 લાખ કરોડ રૂપિયા)ની લોન આપી હતી. તે તેના પર 4%ના દરે વ્યાજ વસૂલી રહ્યો છે. શરતો અનુસાર, જો વિલંબ થાય, તો બાંગ્લાદેશને 2.4% વધુ વ્યાજ ચૂકવવું પડી શકે છે.15મી સપ્ટેમ્બર રવિવાર છે. ચીનમાં આગામી બે દિવસ એટલે કે 16 અને 17 સપ્ટેમ્બરે બેંકો બંધ રહેશે.

આવી સ્થિતિમાં બાંગ્લાદેશ પાસે લોનનું વ્યાજ જમા કરાવવા માટે 18મી તારીખ સુધીનો સમય છે. જો બાંગ્લાદેશ આ તારીખ ચૂકી જાય તો બાંગ્લાદેશને 6.4%ના દરે વ્યાજ ચૂકવવું પડી શકે છે.બાંગ્લાદેશ સરકાર પાસે હવે રશિયાને તેના બાકી છે. બાંગ્લાદેશ સરકાર પાસે હવે રશિયાને તેના લેણાં ચૂકવવા માટે માત્ર 4 દિવસ બાકી છે.

### આ એરલાઇન્સે મુસાફરોને કાળા, નેવી અથવા ગ્રે બેગનો ઉપયોગ કરવાની કરી મનાઇ

એરલાઈનએ મુસાફરોને ચેતવણી જાહેર કરી છે કે જેઓ સામાન્ય રીતે કાળા, નેવી અથવા ગ્રે સૂટકેસ સાથે મુસાફરી કરે છે - તેમને ચેકઈન સમયે કોઈપણ સમસ્યાઓ ટાળવા માટે તેમના બેગના કલરમાં ફેરફાર કરવા વિનંતી કરી છે. આ એરલાઈન્સે મુસાફરોને કાળા, નેવી અથવા ગ્રે બેગનો ઉપયોગ કરવાની કરી મનાઈ, જાણો શું છે કારણ Ryanair એરલાઈને મુસાફરો માટે માર્ગદર્શીકા જાહેર કરી છે કે જેઓ સામાન્ય રીતે કાળા, નેવી અથવા ગ્રે સૂટકેસ સાથે મુસાફરી કરે છે - તેમને ચેકઈન સમયે કોઈપણ સમસ્યાઓ ટાળવા માટે તેમના બેગના કલરમાં ફેરફાર કરવા વિનંતી કરી છે. અગ્રણી યુરોપીયન એરલાઈને સંભવિત હોલિડેમેકર્સને તેમના ચેક-ઈન સામાનને કેરોયુઝલ પર Ryanair તરફથી એક નિવેદન આપવામાં આવ્યું છે કે "કેરોયુઝલ પર તમારા ચેક-ઈન કરેલા સામાનને જોવાનું સરળ બનાવો, ખાસ કરીને જો તમારા સુટકેસનો રંગ કાળો, નેવી અથવા ગ્રે ( 99.9 ટકા લોકો આજ કલરની બેગ યુઝ કરે છે) રાખવાનું અવોઈડ કરો.

## જીવિત છે ઓસામા બિન લાદેનનો પુત્ર હમઝા: અફઘાનમાં અલકાયદાનું નેટવર્ક ઉભું કરે છે

(એજન્સી) કાબૂલ | તા 14

હમઝા ઓસામા બિન લાદેનનો નાનો પુત્ર છે. અમેરિકાએ તેને 2019માં માર્યો હોવાનો દાવો કર્યો હતો. અંગ્રેજી અખબાર મિરરે એક ગુપ્તચર અહેવાલને ટાંકીને દાવો કર્યો છે કે આતંકવાદી ઓસામા બિન લાદેનનો પુત્ર હમઝા બિન લાદેન જીવિત છે. હમઝા અફઘાનિસ્તાનમાં અલકાયદાનું નેટવર્ક ઉભું કરવામાં વ્યસ્ત છે. અગાઉ 2019માં અમેરિકાએ દાવો કર્યો હતો કે હમઝાનું મોત હવાઈ હુમલામાં થયું હતું. તત્કાલીન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ 14 સપ્ટેમ્બર 2019ના રોજ તેની પુષ્ટિ કરી હતી. મિરરના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે હમઝા તેના ભાઈ અબ્દુલ્લા બિન લાદેન સાથે મળીને અફઘાનિસ્તાનમાં ગુપ્ત રીતે અલ કાયદાનું નેટવર્ક ચલાવી રહ્યો છે. મિરરે તાલિબાન વિરોધી સૈન્ય સંગઠન નેશનલ મોબિલાઈઝેશન ફ્રન્ટ (NMF)ના અહેવાલને ટાંકીને આ દાવો કર્યો છે. NMFએ પોતાના રિપોર્ટમાં હમઝા અને તેના સહયોગીઓ વિશે માહિતી આપી છે. હમઝાએ વર્લ્ડ ટ્રેડ સેન્ટર હુમલામાં સામેલ આતંકવાદી મોહમ્મદ અતાની પુત્રી સાથે લગ્ન કર્યા હતા. હમઝાએ વર્લ્ડ ટ્રેડ સેન્ટર હુમલામાં સામેલ આતંકવાદી



મોહમ્મદ અતાની પુત્રી સાથે લગ્ન કર્યા હતા. હમઝા 450 સ્નાઈપર્સની સુરક્ષામાં રહે છે. મિરર અનુસાર, NMFએ પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે હમઝા ઉત્તર અફઘાનિસ્તાનમાં છુપાયેલો છે. તેની સુરક્ષા માટે 450 સ્નાઈપર્સ હંમેશા તૈનાત હોય છે. હમઝાને આતંકનો રાજકુમાર કહેવામાં આવે છે. MNFએ કહ્યું છે કે 2021માં તાલિબાનના આગમન બાદથી અફઘાનિસ્તાન આતંકવાદી જૂથો માટેનું પ્રશિક્ષણ કેન્દ્ર બની ગયું છે. રિપોર્ટ અનુસાર, હમઝા પંજશીરના દારા અબ્દુલ્લા ખેલ જિલ્લામાં છે. જ્યાં તેની સુરક્ષા માટે આરબ અને પાકિસ્તાની તૈનાત છે. તેમના આદેશ હેઠળ અલ કાયદા ફરી એકવાર ઉછળી રહ્યું છે. તે પશ્ચિમી દેશો પર ભવિષ્યના હુમલાની પણ તૈયારી કરી રહ્યું છે. NMFએ દાવો કર્યો છે કે અફઘાનિસ્તાનમાં અલ કાયદા સિવાય 21 અન્ય આતંકવાદી સંગઠનોના તાલીમ કેન્દ્રો પણ ચાલી રહ્યા છે. 2017માં અમેરિકાએ હમઝાને વૈશ્વિક આતંકવાદી જાહેર કર્યો હતો. 2017માં અમેરિકાએ હમઝાને વૈશ્વિક આતંકવાદી જાહેર કર્યો હતો. 23 વર્ષ પહેલા વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલો થયો હતો 11 સપ્ટેમ્બર, 2001ના રોજ, અલ કાયદાના આતંકવાદીઓએ અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં વિમાનો તોડી નાખ્યા. આતંકવાદીઓએ 4 પ્લેન હાઈજેક કર્યા હતા. તેમાંથી 3 પ્લેન એક પછી એક અમેરિકાની 3 મહત્વની ઈમારતો પર તૂટી પડ્યા હતા. પ્રથમ ક્રેશ રાત્રે 8:45 વાગ્યે થયો હતો. બોઈંગ 767 ખૂબ જ ઝડપે વર્લ્ડ ટ્રેડ સેન્ટરના નોર્થ ટાવર સાથે અથડાયું હતું. મિરર અનુસાર, અલકાયદાએ અફઘાનિસ્તાનમાં 10 તાલીમ કેન્દ્રો સ્થાપ્યા છે. અહીં તે પશ્ચિમી દેશોને નફરત કરતા અલગ-અલગ આતંકવાદી સંગઠનો સાથે પણ ગઠબંધન કરી રહ્યો છે. અલ કાયદાના નેતા હમઝા તેનો મોટાભાગનો સમય કાબુલથી 100 કિમી દૂર જલાલાબાદમાં વિતાવે છે.

આબોહવા પરિવર્તન અને યુદ્ધ જેવા મુદ્દાઓએ પણ ચિંતા વધારી

# ટેક્નોલોજીમાં સતત વિકાસને લીધે યુવાનોના માનસિક સ્વાસ્થ્ય કથળ્યાં, નોકરી ગુમાવવાનો ડર

ન્યૂયોર્ક | તા 14

વિશ્વભરમાં યુવાનોનું માનસિક સ્વાસ્થ્ય સતત કથળી રહ્યું છે. લેન્સેટ સાયકિયાટ્રીક કમિશન દ્વારા પ્રકાશિત નવા અહેવાલ મુજબ, વધતી જતી વૈશ્વિક સમસ્યાઓ જેમ કે આબોહવા પરિવર્તન, આર્થિક અસમાનતા અને ટેક્નોલોજીમાં પ્રગતિ યુવાનોના માનસિક સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર કરી રહી છે. રિપોર્ટમાં ટેક્નોલોજીના રોજબરોજના અપડેટ્સને યુવાનોના માનસિક સ્વાસ્થ્ય પર પડતી અસરનું મુખ્ય કારણ જણાવવામાં આવ્યું છે. આજના યુવાનોને એ વાતનો અહેસાસ થઈ રહ્યો છે કે તેઓએ પોતાની જાતને હંમેશા નવી ટેક્નોલોજી સાથે અપડેટ રાખવાની છે, પછી તે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ હોય, નવી એપ્લિકેશનો હોય કે વ્યાવસાયિક સાધનો




હોય. આ ટેક્નોલોજિકલ રેસે તેમને માનસિક રીતે થકવી દીધા છે. ઘણા યુવાનો આ સ્પર્ધામાં પાછળ રહેતા જોવા મળે છે અને તેનાથી તેમના આત્મવિશ્વાસ પર અસર પડી રહી છે. બીજી તરફ, ટેક્નોલોજીમાં થતી સતત પ્રગતિને લીધે વિશ્વમાં નોકરીની અસુરક્ષા એ બીજું એક મોટું કારણ છે જે યુવાનોની માનસિક સ્થિતિને અસર કરે છે. ઓટોમેશન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવી નવી ટેક્નોલોજીએ ઘણી નોકરીઓ જોખમમાં મૂકી છે. યુવાનોને ડર છે કે મશીનો અથવા નવી ટેક્નોલોજી દ્વારા તેમની નોકરીઓ છીનવાઈ જશે. આ ડરથી તેમની માનસિક શાંતિ છીનવાઈ ગઈ છે. વધુમાં નોકરીમાં રહેવા માટે સતત પોતાને અપડેટ કરવા અને નવા કૌશલ્યો શીખવાથી વધારાનું દબાણ પણ ઊભું થાય છે, જે યુવાનોમાં ચિંતા અને તણાવમાં વધારો કરે છે. માત્ર ટેક્નોલોજીનો જ તણાવ નહીં પરંતુ ક્લાઈમેટ ચેન્જ પણ આજના યુવાનોના માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર કરી રહી છે. વધતા તાપમાન, કુદરતી આફતો અને પર્યાવરણીય અસંતુલનને કારણે વિશ્વભરના યુવાનોના ભવિષ્ય અંગે અનિશ્ચિતતા સર્જાઈ છે. તેઓને ડર છે કે હવામાન પરિવર્તનને કારણે તેમનું જીવન અને ભવિષ્ય જોખમમાં આવી શકે છે. ઘણા દેશોમાં તાજેતરનાં યુદ્ધો અને સંઘર્ષોએ યુવાનોના માનસિક સ્વાસ્થ્યને પણ અસર કરી છે. રશિયા-યુક્રેન યુદ્ધ જેવા સંઘર્ષોએ સમગ્ર વિશ્વને આર્થિક અને સામાજિક સંકટમાં ધકેલી દીધું છે, જેની સીધી અસર યુવાનોની માનસિક સ્થિતિ પર પડી છે.

## Mpoxની પ્રથમ રસીને WHO તરફથી મળી મંજૂરી

WHO (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન) એ Mpox વાયરસ રસી માટે પ્રથમ મંજૂરી આપી છે. આફ્રિકા અને અન્ય દેશોમાં આ રોગ સામે લડવાની દિશામાં આ એક મોટું પગલું છે. એમપોક્સનું જોખમ અહીં સૌથી વધુ છે. Mpox વાયરસે ઘણા દેશોની ચિંતા વધારી છે. WHO (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન) એ તેની સારવાર માટે રસીને પ્રથમ મંજૂરી આપી દીધી છે. ડબ્લ્યુએચઓએ શુક્રવારે કહ્યું કે તેણે પુખ્ત વયના લોકોમાં એમપોક્સની સારવારમાં રસીના ઉપયોગ માટે પ્રથમ મંજૂરી આપી છે. આફ્રિકા અને અન્ય દેશોમાં આ રોગ સામે લડવાની દિશામાં આ એક મોટું પગલું છે. એમપોક્સનું જોખમ અહીં સૌથી વધુ છે. આવા દેશોમાં પ્રથમ રસીકરણ થશે. WHO તરફથી મળેલી આ પરવાનગી બાદ હવે 18 વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોને બે ડોઝની રસી આપી શકાશે. આફ્રિકા સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનના અધિકારીઓએ ગયા મહિને જણાવ્યું હતું કે કોંગોમાં લગભગ 70 ટકા કેસ 15 વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં જોવા મળ્યા છે. કાંગો MPOX થી સૌથી વધુ પ્રભાવિત દેશ છે. Mpox વાયરસની સારવાર માટે રસી મંજૂર કરવાનો અર્થ એ છે.

સિટી એક્સપ્રેસ
SUNDAY 15 SEPTEMBER-2024
AHMEDABAD

## ગણેશજીને 21 લાખ રૂપિયાની નોટનો શણગાર

સાવરકુંડલા | સાવરકુંડલાના સદભાવના ગ્રુપ દ્વારા લખપતિ ગણેશજીની આરાધના કરવામાં આવી રહી છે. અહીં ગપણતીજીને રૂપિયા 21 લાખની ચલણી નોટોથી શણગારવામાં આવ્યા છે. સાવરકુંડલાના સદભવના ગ્રુપ દ્વારા છેલ્લા 11 વર્ષથી ગણેશ મહોત્સવ ઉજવણી કરી રહી છે. સદભવના ગ્રુપના ગણેશ પંડાલમાં વિરાટ ગણેશજીની ફરતે ચલણી નોટોની રૂપિયા 10થી લઈને 500 સુધીની ચલણી નોટોની દિવાલ બનાવવામાં આવી છે અને ગણેશજીને શણગારવામાં આવ્યા છે. એક નવાજ હેતુ સાથે ગણપતિને લખપતિ બનવાયા છે.

## મુઘણેશ્વર મહાદેવના ધામ જાદરમાં ત્રણ દિવસ લોકમેળો

ઈડર | સમગ્ર રાજ્યમાં આસ્થાના પ્રતિક એવા ઈડરના 'મુઘણેશ્વર મહાદેવ'ના ધામ જાદરમાં દર ભાદરવા માસના સુદ બીજા સોમવાર એટલે કે તા.16મી થી તા.18 સુધી ભવ્ય લોકમેળો યોજાશે. મેળામાં પ્રથમ દિવસથી જ હજારો શ્રધ્ધાળુઓએ દાદાના ચરણોમાં શ્રીફળ વધેરીને ધન્યતા અનુભવે છે. જાદર ગ્રામ પંચાયત દ્વારા મેળાનું તમામ આયોજન કરવામાં આવે છે. તેમજ કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પંચાયત દ્વારા પોલીસ બંદોબસ્તની માંગણી કરતા 1 ડીવાયએસપી, પીઆઈ, 3 પીએસઆઈ, 50 પોલીસ, 20 મહિલા પોલીસ, 100 હોમગાર્ડ મેળાનો બંદોબસ્ત કરશે.

ડેમ સિઝનમાં પ્રથમવાર સર્વોચ્ચ સપાટીએ

# નર્મદા ડેમના 15 દરવાજા ખોલાયા, 42 ગામને એલર્ટ કરાયા



(એજન્સી) નર્મદા | તા.14

સરદાર સરોવર નર્મદા ડેમની જળસપાટીમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. નર્મદા ડેમમાં ઉપરવાસમાં આવેલા મધ્યપ્રદેશના ઈન્દીરા સાગર ડેમમાંથી શુક્રવારે મોડી રાત્રે 4 લાખ 53 હજાર 950 ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું છે. આ પાણી સરદાર સરોવર નર્મદા ડેમમાં આવતા ડેમની સપાટીમાં સતત વધારો થવાથી સરદાર સરોવર બંધનાં 15 દરવાજા 2.60 મીટર ખોલવામાં આવ્યા છે. નર્મદા નદીમાં 3.25 લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવતા નદીના નીચલા વિસ્તારમાં કાંઠાના ગામોને સાવધ કરવામાં આવ્યા છે અને નર્મદા નદી બે કાંઠે વહી રહી છે.

## નદીમાં 3.25 લાખ પાણી છોડાયું, નીચાણવાળા ગામોને એલર્ટ કરાયા



સરદાર સરોવર બંધનાં દરવાજાના સંચાલનને કારણે નર્મદા નદીમાં કુલ 2.80 લાખ ક્યૂસેક અને 45 હજાર ક્યૂસેક પાણી છોડવામાં આવતા કુલ નદીમાં 3.25 લાખ પાણી છોડવામાં આવી રહ્યું છે. સરદાર સરોવર બંધનાં નીચાણવાળા વિસ્તારમાં કોઈ દુર્ઘટના કે જાનહાનિ ના થાય તે માટે જરૂરી સુરક્ષા પગલાં લેવા અને નાગરિકોને સચેત રહેવા જણાવ્યું છે. નદીમાં પાણી છોડાતા અસરગ્રસ્ત કરતા નાંદોદ તાલુકાના સિસોદરા, ભદામ, માંગરોલ, ગુવાર, રામપુરા, રાજપીપળા, ઓરી, નવાપુરા, ધમણાચા, ધાનપોર, ભચરવાડા, હજરપુરા, શહેરાવ, વરાછા, પોઈચા, રૂંઢ ગામો અને ગરૂડેશ્વર તાલુકાના સાંજરોલી, અંકતેશ્વર, ગરૂડેશ્વર, ગંભીરપુરા, વાંસલા તેમજ તિલકવાડા તાલુકાના ગામોના નાગરિકોને સચેત રહેવા અપીલ કરાઈ છે.

### શ્રાદ્ધપક્ષમાં અતિભારે વરસાદની આગાહી

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી અનુસાર તારીખ 18 થી 21 સપ્ટેમ્બર રાજ્યમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. શ્રાદ્ધપક્ષની શરૂઆતમાં ભારે વરસાદના એંધાણ છે. પંચમહાલ, બનાસકાંઠા, સાબરકાંઠા સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

NEWS TRACK

## PM મોદી 16મીએ અમદાવાદથી ગાંધીનગરની મેટ્રોને લીલીઝંડી આપશે



અમદાવાદ | વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મેટ્રો રેલના બીજા તબક્કાના રૂટનો 16 સપ્ટેમ્બરે સેક્ટર-1થી શુભારંભ કરવામાં આવનાર છે. મેટ્રો રેલવેનો બીજો તબક્કો શરૂ થશે. અમદાવાદના વાસણા એપીએમસીથી ગાંધીનગર સેક્ટર 1 સુધીની મેટ્રો યાત્રાનું ભાડું 35 રહેશે અને 33.5 કિ.મીનું અંતર 65 મિનિટમાં પૂરું થશે. આ રૂટમાં ગાંધીનગરના મહત્વના સ્થળો જેમ કે GNLU, PDEU, Gift City, રાયસણ, રાંદેસણ, ધોળાકુવા સર્કલ, ઈન્ફોસિટી તેમજ સેક્ટર 1ના વિસ્તારને આવરી લેવાશે. મેટ્રો રેલવેનો બીજો તબક્કો શરૂ થવાથી અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની કનેક્ટિવિટી મજબૂત બનવાની સાથે નાગરિકોની યાત્રા વધુ ઝડપી, સુરક્ષિત અને વાજબી બનશે. આ ફેઝમાં મેટ્રોની કનેક્ટિવિટી મોટેરાથી ગાંધીનગર સુધી મળશે

## એરપોર્ટને પણ ફિક્કું પાડે તેવું ગાંધીનગર ગિફ્ટ સિટીનું આધુનિક મેટ્રો સ્ટેશન




અમદાવાદ | મેટ્રોનો આ બીજો તબક્કો અમદાવાદ અને ગાંધીનગરને જોડશે. મેટ્રોના બીજા તબક્કાનો પ્રારંભ કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી મેટ્રોમાં બેસીની ગિફ્ટ સિટીની મુસાફરી કરશે. PM મોદી જ્યાંથી મેટ્રોનું ઉદ્ઘાટન કરશે તે ગિફ્ટ સિટીનું મેટ્રો સ્ટેશન એરપોર્ટને પણ પાછળ મુકે તેવું છે. મેટ્રો રેલવેનો બીજો તબક્કો શરૂ થવાથી અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની કનેક્ટિવિટી મજબૂત બનવાની સાથે લોકોની યાત્રા વધુ ઝડપી બનશે. ટ્રાફિકમાં થતા વધારા અને મોંઘા પરિવહન સામે મેટ્રો એક વાજબી અને વિશ્વસનીય પરિવહન વિકલ્પ બની રહશે. એક ઉદાહરણથી સમજીએ તો, એપીએમસી(વાસણા) થી ગાંધીનગર સેક્ટર-1 સુધીની 33.5 કિ.મીની મેટ્રો યાત્રા માત્ર 65 મિનિટમાં પૂર્ણ થાય છે.

## ખાનગી કંપની દ્વારા રાખેલ ઘરઘાટી ઘરમાંથી 2.50લાખની ચોરી કરી ફરાર




અમદાવાદ | બોડકદેવના શુભમ બંગ્લોઝમાં રહેતા જલક પટેલે બોડકદેવ પોલીસ સ્ટેશનમાં મનોજ ડામોર વિરૂદ્ધ ચોરીની ફરિયાદ કરી છે. જલક પટેલ રાજપથ ક્લબની પાછળ આવેલું ધ ક્યુ ક્લબ નામથી કાફે ચલાવે છે. ઘરનું કામકાજ કરી શકે તેવા ઘરઘાટી માટે જલક પટેલે બોપલ ખાતે આવેલી મેડ હોમ સર્વિસ નામની કંપનીમાં વાત કરી હતી. મેડ હોમ સર્વિસ કંપની તરફથી જલક પટેલના ઘરે મનોજ ડામોર નામના યુવકને ઘરઘાટી તરીકે રાખ્યો હતો. મનોજ ડામોર તેને દર મહિને 14 હજાર રૂપિયા પગાર ચૂકવતો હતો. વેપારીના ઘરમાં સત્યનારાયણની કથા હતી જે પૂરી થયા બાદ તે પરિવાર અને સંબંધીઓ સાથે હોટલમાં જમવા માટે ગયા હતા. ત્યારે ઘરઘાટીએ અઢી લાખની ચોરી કરી નાસી ગયો હતો. જેથી પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

વર્ક પરમીટના નામે વિઝા કન્સ્લટન્ટે અનેકને છેતર્યા

# યુકેના વર્ક પરમીટ વિઝાના નામે દંપતિ સાથે રૂપિયા 23.50 લાખની છેતરપિંડી

(એજન્સી) અમદાવાદ | તા.14

નવરંગપુરા લૉ ગાર્ડન પાસે આવેલી સિન્ટ્રોફિયા ઓવરસીઝ નામની વિઝા કન્સ્લટન્ટન્સી એજન્સીના સંચાલકે એક દંપતિને યુકેમાં વર્ક પરમીટ સાથે વિઝા અપાવવાનું કહીને ૨૩.૫૦ લાખની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નવરંગપુરા પોલીસ મથકે નોંધવામાં આવી છે. આરોપીઓએ વર્ક પરમીટના વિઝાના નામે અનેક લોકો સાથે છેતરપિંડી કરી હોવાનુ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. શહેરના ઓઢવમાં રહેતા સંકેત પરિહાર અને તેમની પત્નીને વર્ક પરમીટ સાથે યુકેમાં જવાનું હોવાથી તેમણે જાન્યુઆરી ૨૦૨૪માં લૉ ગાર્ડનમાં આવેલા સચેત-૨ સ્થિત સિન્ટ્રોફિયા ઓવરસીઝ નામની કંપનીમાં સંપર્ક કર્યો હતો. જ્યાં મેનેજર તરીકે કામ કરતા દેવાંશી પટેલ સાથે મુલાકાત થઇ હતી. દેવાંશીએ તેમને વર્ક પરમીટ માટે ૩૫ લાખનો ખર્ચ કહ્યો હતો. જો કે સિન્ટ્રોફિયા ઓવરસીઝના માલિક અંકિત પટેલે તેમને ૩૦ લાખનો ખર્ચ ફાઈનલ કર્યો હતો. જેમાં એડવાન્સમાં ત્રણ લાખ લઈને પ્રક્રિયા કરવાનું કહી મેડીકલ ચેકઅપ અને આઈએલટીએસની પરીક્ષા પણ અપાવી હતી. ત્યારબાદ સ્પોન્સરશીપનો લેટર અપાવવાનું કહીને ૧૫ લાખ લીધા હતા. જો કે જુન મહિના સુધી કોઇ કાર્યવાહી કરી નહોતી અને સંકેતભાઈને ગોળ-ગોળ જવાબ આપ્યા હતા. જો કે જુલાઈમાં તેમને વિઝા પ્રોસસ માટે બીજા પાંચ લાખ રૂપિયા માંગ્યા હતા અને જો નાણાં જમા નહી થાય તો વિઝા કેન્સલ થઇ જશે. જેથી સંકેતભાઈએ તેમને નાણાં આપતા અંકિતે તેમના બાયોમેટ્રીકની પ્રોસેસ કરાવી હતી. પરંતુ, બીજા દિવસે દેવાંશીએ ફોન કરીને ફાઈલમાં ખોટા દસ્તાવેજ હોવાથી ફાઈલ પરત લેવી પડશે. તેમ કહીને પરત લેવડાવી હતી. જો કે નાણાં પરત આપવામાં ગલ્લા તલ્લા કર્યા હતા. સંકેતભાઈને જાણવા મળ્યું હતું કે અંકિત પટેલ અને દેવાંશી પટેલે આ મોડ્સ ઓપરેન્ડીથી અનેક લોકોને ટારગેટ કર્યા હતા.




# આર્મીમાંથી હાંકી કાઢેલા શેહબાજ ખાને હિન્દુ નામ રાખીને 14 યુવતીઓને ફસાવી

### યુવતીઓ સાથે શારીરિક સંબંધ બાંધીને પૈસા પડાવ્યા, પોલીસ તપાસમાં અનેક ઘટસ્ફોટ

(એજન્સી) અમદાવાદ | તા.14

અમદાવાદ રેલવે પોલીસે થોડા સમય અગાઉ ચોરીના ગુનામાં એક આરોપીની ધરપકડ કરી હતી. આ આરોપીએ પોતાની ઓળખ હર્ષિત ચૌધરી તરીકેની આપી હતી, પરંતુ જ્યારે પોલીસે તપાસ શરૂ કરી ત્યારે આરોપીનું નામ ખોટું હોવાનું સામે આવ્યું. ખરેખર આરોપીનું સાચું નામ હર્ષિત ચૌધરી નહિ, પરંતુ શહેબાજ ખાન હતું. પોલીસે વિગતવાર તપાસ કરતા આરોપીએ પોતે મુસ્લિમ હોવા છતાં હિન્દુ તરીકેની ઓળખ આપીને આર્મી અધિકારીના પરિવારની યુવતી સહિત 14 હિન્દુ યુવતીને પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી. આ યુવતીઓ સાથે શારીરિક સંબંધ બાંધીને આરોપીએ પૈસા પણ પડાવ્યા હતાં. આરોપી અગાઉ આર્મીમાં નોકરી કરતો હતો, જ્યાંથી તેને મેડિકલ ગ્રાઉન્ડ પર કાઢી મૂકવામાં આવ્યો હતો. તેમ છતાં આરોપી યુવતીઓને પોતે

મેજરનો યુનિફોર્મ પહેરીને ફરતો



મેજર હોવાની ઓળખ આપતો હતો.

31 ઓગસ્ટે રેલવે પોલીસે એક ચોરીનો ગુનો નોંધ્યો હતો. જેમાં વંદે ભારત ટ્રેનમાંથી એક મુસાફરની બેગ ચોરી થઈ હતી. આ બેગમાં લેપટોપ અને સોનાની વીંટી સહિતનો સામાન હતો. રેલવે પોલીસે 7 સપ્ટેમ્બરે આ ગુનાનો ભેદ ઉકેલીને ચોરીના આરોપી હર્ષિત ચૌધરીની ધરપકડ કરી હતી. આરોપીએ પોતે રાજસ્થાનના ભરતપુરના રહેવાસી હોવાનું જણાવ્યું હતું. પોલીસે હર્ષિત ચૌધરીના નામથી આરોપીની ધરપકડ કરીને તેના વિરુદ્ધમાં તમામ કાર્યવાહી શરૂ કરી હતી. જેમાં કાગળ પણ તૈયાર કરી દેવાયા હતા, પરંતુ આરોપીના રિમાન્ડ દરમિયાન પૂછપરછ કરતા મોટો ખુલાસો થયો હતો. આરોપીનું સાચું નામ હર્ષિત ચૌધરી નહીં, પરંતુ મોહમ્મદ શેહબાઝ ખાન હોવાનું સામે આવ્યું હતું. આરોપી ઉત્તર પ્રદેશના અલીગઢનો રહેવાસી હોવાનું પણ જાણવા મળ્યું હતું. આરોપીએ પોતાનું હર્ષિત ચૌધરી નામનું ખોટું આધારકાર્ડ બનાવી પોલીસ સમક્ષ રજૂ કર્યું હતું. જેથી પોલીસે આ અંગે વધુ એક ગુનો નોંધીને આરોપીની ધરપકડ કરી તપાસ શરૂ કરી હતી. આ તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આરોપીએ shaadi.com વેબસાઈટ મારફતે તથા અલગ-અલગ ડેટિંગ એપ મારફતે પોતાની હર્ષિત ચૌધરી તરીકેની ઓળખ આપી હતી.

PM આવાસ ડ્રો કાર્યક્રમમાં

# ભાજપના 55 કોર્પોરેટર "ઘેરહાજર" રહેતા મેયરે માંગ્યો ખુલાસો

(એજન્સી) સુરત | તા.14

કલોલ નગરપાલિકામાં ભાજપના અસંતોષ અને લાફાકાંડ બાદ હવે સુરતમાં ભાજપના નેતાઓના ક્લાસ લેવાયા છે. મહાનગરપાલિકાના આવાસ ડ્રો કાર્યક્રમમાં ગેરહાજર રહેલા ભાજપના 55 કોર્પોરેટરોને શોકોઝ નોટિસ પાઠવવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર ગુરુવારે સુરતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કાર્યક્રમ યોજાયો હતો. સુરતનાં અડાજણ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રૂ. 77.08 કરોડના ખર્ચે 'PM આવાસ યોજના'ના EWS આવાસ નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કુલ 744 આવાસો પૈકી 390 આવાસોનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો કરાયો હતો.

**કોર્પોરેટરને શોકોઝ નોટિસ પાઠવાઇ**

ભાજપના પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલના હસ્તે ડ્રો કરવામાં આવ્યો હતો. આ સાથે ગુજરાત રાજ્યના મંત્રી મુકેશ પટેલ અને પ્રફુલભાઇ અને પાલિકાના સ્થનિક નેતાઓ હાજર રહ્યા હતા. કુલ 327 આવાસોનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો કરવામાં આવ્યો હતો. જોકે મનપાના આવાસ ડ્રોના કાર્યક્રમમાં ગેરહાજર રહેલા ભાજપના કોર્પોરેટરોને નોટિસ પાઠવવામાં આવી છે. તમામ કોર્પોરેટરોને ખુલાસો કરવાં તાકીદ કરવામાં આવી છે. એકસાથે ભાજપના 55 કોર્પોરેટરોને નોટિસ ફટકારીને ખુલાસો માંગવામાં આવ્યો છે. જવાબો પાર્ટી પ્રમુખને સોંપ્યા બાદ આખરી નિર્ણય લેવામાં આવશે. હાલ તો એક સાથે 55 જેટલા કોર્પોરેટરનો ખુલાસો માંગવામાં આવતા ભારે ચર્ચા જોવા મળી રહી છે.

ગાંધીબ્રીજ નીચે સ્ટેશનરી શોપમાં દરોડો

# NCERTના ધોરણ ૬ના બનાવટી પુસ્તકના વેચાણનું કૌભાંડ ઝડપાયું

(એજન્સી) અમદાવાદ | તા.14

કાલુપુર બ્રીજ પાસે આવેલા એક પુસ્તક વિક્રેતા દ્વારા એનસીઈઆરટીના ડુપ્લીકેટ પુસ્તક વેચાણ કરવામાં આવતા હોવાની બાતમીને આધારે કાલુપુર પોલીસે દરોડો પાડીને ધોરણ ૬ના પુસ્તકો જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી કરી છે. આ કેસની તપાસમાં એનસીઈઆરટીના બનાવટી પુસ્તકોના વેચાણના મોટા કૌભાંડની વિગતો બહાર આવવાની શક્યતાને આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.ચાંદખેડા વિસ્તારમાં રહેતા કપિલ પાલ અમદાવાદમાં આવેલા નેશનલ કાઉન્સીલ ઓફ એજ્યુકેશન રિચર્સ એન્ડ ટ્રેનિંગમાં નોકરી કરે છે.

તેમને એનસીઈઆરટીના હેડ અનુપકુમાર રાજપુતે માહિતી આપી હતી કે અમદાવાદમાં ગાંધીબ્રીજ પાસે આવેલી એક દુકાનમાં એનસીઈઆરટીની ડુપ્લીકેટ બુક્સનું અસલી તરીકે વેચાણ કરવામાં આવે છે. જેના આધારે કાલુપુર પોલીસને સાથે રાખીને ગાંધીબ્રીજ નીચે આવેલી ન્યુ ઝવેરી બુક સેન્ટરમાં દરોડો પાડીને તપાસ કરતા એનસીઈઆરટીની ધોરણ ૬ની મલ્હાર નામના પાઠય પુસ્તકની ૧૩ કોપીઓ મળી આવી હતી.જેનું વેચાણ ગુંજન ઝવેરી નામનો વેપારી અસલી પુસ્તક જણાવીને કરતો હતો. આ અંગે પોલીસે કોપી રાઈટ એક્ટ હેઠળ ગુનો નોંધીને આ પુસ્તક ક્યાંથી ખરીદવામાં આવ્યા હતા? કોણે પ્રિન્ટ કરાવ્યા હતા? તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.સુત્રોના જણાવ્યા મુજબ એનસીઈઆરટીની અસલી પુસ્તકોના વેચાણમાં ૨૦ ટકાના માર્જીન સાથે વેપારી ૬૫ રૂપિયામાં પુસ્તકનું વેચાણ કરતા હોય છે. પરંતુ, ડુપ્લીકેટ પુસ્તકમાં વેપારીને ૫૦ ટકા જેટલું માર્જીન મળતું હતું.

બેંક મેનેજરે છેતરપિંડીનો ગુનો નોંધાવ્યો

# MSME યોજના હેઠળ રૂ. 1 કરોડની લોન મેળવી 4 શખસોએ કરી નાખ્યું

(એજન્સી) અમદાવાદ | તા.14

અમદાવાદમાં MSME યોજના હેઠળ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા પાસે બિઝનેસ શરૂ કરવા લોનના બહાને છેતરપિંડી કરવામાં આવી છે. ચાર શખસે બિઝનેસ સાધનોની ખરીદી માટે લીધેલ પૈસા વ્યક્તિગત ઉપયોગ માટે ખર્ચી નાંખ્યા હતા. બેના ખોટા કોટેશન રજૂ કરી 1 કરોડ રૂપિયાની લોન લીધી હતી. બેંકના અધિકારીઓએ આરોપીના યુનિટ પર લોન થકી લીધેલ સાધનોની તપાસ કરવા માટે પહોંચ્યા હતા. બેંકના અધિકારીઓએ તપાસ કરતા સાધનો ન મળવાની હકીકત સામે આવી હતી. જેથી બેંક મેનેજરે ક્રાઈમ બ્રાન્ચમાં અમદાવાદના CA અરુણ સુશીલ કુમાર ભક્કડ, નીરજ હીરાલાલ મેવાડા, દિલીપ રમણ પંચાલ અને હિતેશ મુકેશ ક્ષત્રિય સામે ફરિયાદ નોંધાવી છે. શાહીબાગમાં રહેતા કુટ્ટન વેલાયુધન રીલિઝ રોડની સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયામાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. ગત જૂન-જુલાઈમાં અરુણા ભક્કડ નામના વ્યક્તિએ નીરજ મેવાડાની તીર્થ એન્ટરપ્રાઈઝ કંપનીના નામે 1 કરોડની મશીનરી લોન મેળવવા MSME યોજના હેઠળ અરજી કરી હતી. 29 જાન્યુઆરીએ નીરજા મેવાડાએ બેંકને લેટર મોકલીને જણાવ્યું હતું કે, લોન પૂરી કરી દેવી છે, પરંતુ 60થી 90 દિવસનો સમય આપો. બેંક દ્વારા તેમની કંપનીમાં જઈને તપાસ કરી હતી, પરંતુ કંપનીમાં મશીન નહોતા. જેથી બેંક દ્વારા જે લોન આપવામાં આવી હતી, તે બેંક લોન મશીન માટે નહિ પરંતુ પોતાના સ્વખર્ચે માટે વાપર્યા હોવાનું જાણવા મળ્યું હતું.

**મશીનરીના નામે લોન પાસ કરાવી**

# YMCA ક્લબમાં લૂંટના ઈરાદે નકલી CBI ઓફિસર બનીને આવેલા 3ની ધરપકડ

(એજન્સી) અમદાવાદ | તા.14

અમદાવાદના YMCA ક્લબમાં સીબીઆઈ ઓફિસર બની લૂંટ કરવા તથા ફરિયાદીને ધમકાવવા આવેલા ત્રણ આરોપીઓની આનંદનગર પોલીસે ધરપકડ કરી છે. જોકે ધરપકડ બાદ આખા કેસના માસ્ટર માઈન્ડ તરીકે YMCA ક્લબના જ મેમ્બરનો મુખ્ય રોલ સામે આવ્યો છે. જે આરોપી પોલીસ સ્ટેશનથી 500 મીટર દૂર રહેતો હોવા છતાં પણ બનાવના 10 દિવસ બાદ પણ પોલીસ તેને ઝડપી શકી નથી.

આનંદ નગર પોલીસની કસ્ટડીમાં હાલ ધનરાજસિંહ રાઠોડ, વીરેન્દ્રસિંહ ચાવડા અને હિતેશ્વરસિંહ મોરી નામના નકલી સીબીઆઈના અધિકારી છે. જે ત્રણેય આરોપી બોપલ અને વઢવાણના રહેવાસી છે. આરોપીઓએ 3 તારીખના રોજ YMCAએ ક્લબમાં સીબીઆઈ ઓફિસર બનીને ગયા હતા અને આ કેસના ફરિયાદી સુમિત ખાનવાણી સાથે મારામારી કરી મોબાઈલ લૂંટવાનો પ્રયાસ કર્યો હતો.

જોકે ફરિયાદી અને તેના મિત્રોએ તેમનો પ્રતિકાર કરતા તેઓ નાસી છૂટ્યા હતા. જે ગુનામાં પોલીસે 3 તારીખે બનેલી ફરિયાદનો 6 તારીખે ગુનો નોંધ્યો હતો અને પહેલા 3 દિવસ અરજી નોંધી કાર્યવાહી શરૂ કરી હતી.

અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા

# વૃદ્ધો, અશક્તો અને દિવ્યાંગ દર્શનાર્થીઓ માટે અંબાજી મહામેળામાં દર્શનની અલાયદી વ્યવસ્થા




મહેશ સોલંકી | અંબાજી

પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમનો મેળો સોળે કળાએ ખીલી ઉઠ્યો છે. ગુજરાત અને દેશભર માંથી માઈભક્તો અનેરા ઉત્સાહ અને થનગનાટ સાથે અંબાજી આવી રહ્યા છે. અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા દર્શનાર્થીઓ અને યાત્રિકોની તમામ સુવિધાઓ, સવલતો અને વ્યવસ્થાઓ સચવાય એ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે.

મેળામાં પદયાત્રીઓ, સંઘો સાથે વૃધ્ધો, વડીલો અને દિવ્યાંગ માઈભક્તો પણ મા અંબાને માથું ટેકવવા અને આશિર્વાદ મેળવવા આવતા હોય છે. વૃધ્ધો, અશક્તો, વડીલો અને દિવ્યાંગ માઈભક્તો પ્રત્યે વહીવટીતંત્રએ સંવેદના દાખવી તેમના માટે દર્શનની અલાયદી વ્યવસ્થા ગોઠવી છે. તેમજ ચાલી ન શકનાર અને અશક્ત યાત્રિકો માટે વહીલચેરની સુવિધા રાખવામાં આવી છે. શારીરિક રીતે અશક્ત માઈભક્તો માટે આ સુવિધા આશીર્વાદરૂપ બની છે.

અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા આવા અશક્ત દર્શનાર્થીઓને સ્વયંસેવકો મારફતે વ્હીલચેરની સુવિધા પૂરી પાડી માતાજીના દર્શન કરાવવામાં આવે છે. માતાજી પ્રત્યેની અનન્ય શ્રદ્ધા સાથે આવા શારીરિક રીતે અશકતો આ સુવિધા બદલ વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કરી ધન્યતા અનુભવે છે. આવા જ એક દર્શનાર્થી ઈડર થી માતાજીના દર્શન માટે આવ્યા હતાં. ૭૦ વર્ષીય ચંપાબેને ભાવ વિભોર બની જતાં વ્હીલચેરની સુવિધા બદલ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

# વડાપ્રધાન મોદીની મુલાકાત પહેલા CM ભૂપેન્દ્ર પટેલે GMDC સ્થળનું નિરીક્ષણ કર્યું



(એજન્સી) અમદાવાદ | તા.14

અમદાવાદમાં આવેલ GMDC ગ્રાઉન્ડ ખાતે PM મોદીનો કાર્યક્રમ 16 સપ્ટેમ્બરના રોજ યોજાનાર છે. જેમાં 1 લાખથી વધુની જનમેદની જોવા મળી શકે છે. જેથી સુરક્ષા અને વ્યવસ્થાના પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું. ત્રીજી વખત વડાપ્રધાન તરીકેના શપથ લીધા બાદ નરેન્દ્ર મોદી પ્રથમ વખત ગુજરાત આવી રહ્યા છે. તેઓ પોતાનો જન્મદિવસ ગુજરાતમાં જ ઉજવવાના છે. તા. 16મીએ વડાપ્રધાનનો જીએમડીસી ગ્રાઉન્ડમાં કાર્યક્રમ હોવાથી તેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. સુરક્ષા માટે સિનિયર ઓફિસરો ઉપરાંત બે હજારથી વધુ પોલીસ કર્મચારીઓ અધિકારીઓ ગ્રાઉન્ડ પર ફરજ બજાવશે. કાર્યક્રમ દરમિયાન GMDC ગ્રાઉન્ડ આજુબાજુના માર્ગ પર વાહન વ્યવહાર બંધ રાખવામાં આવશે. આ માટેના વૈકલ્પિક રૂટ અંગે પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડીને જાહેરાત કરી છે.